વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૯મું
મે : ૨૦૨૪
અંક : ૫૫૨

મંગલ મંદિર ● મે-૨૦૨૪ ● ૧
(કુલ પાના : ૬૦)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર




: મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન** (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 4890 6002, 4890 6003, 4890 6004, 4890 6005
Email : kjssmangalmandir@gmail.com • website : www.kjss.org

# વિશ્વસનીયતા અનુભવો




વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિ. સાથે સંચાલનની મજબૂત પ્રક્રિયાઓ, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધાર, વૈજ્ઞાનિક પદ્ધતિ, અત્યાધુનિક નિયોજન સાધનો અને તાલીમબદ્ધ તથા કટિબદ્ધ વ્યાવસાયિકો સાથે અખંડ લોજિસ્ટિક્સ સેવાઓ અનુભવો.

- **વી– ટ્રાન્સ– ભારતભરમાં સરફેસ ટ્રાન્સપોર્ટ– પીટીએલ, એફટીએલ, ઓડીસી.**
- **વી– એક્સપ્રેસ– મલ્ટીમોડલ અને ઈ–કોમ એક્સપ્રેસ લોજિસ્ટિક્સ, જે 1 લાખથી વધુ સ્થળે સેવા આપે છે.**
- **વી– લોજિસ– સમર્પિત અને શેર્ડ ફેસિલિટીઝ સાથે પરિપૂર્ણ વેરહાઉસ સમાધાન.**

**મુખ્ય વાસ્તવિકતાઓ**

- **1,00,000** સંતુષ્ટ ગ્રાહકો
- **850** + શાખા
- વિવિધ ઉદ્યોગમાં **2.4** મિલિયન ટન
- **1.2** મિલિયન ચો.ફૂટ વેર–હાઉસિંગ જગ્યા
- **1500** + જીપીએસ અભિમુખ ફ્લીટ
- ISO **9001 : 2015** એક્રેડિટેશન
- **3300** + જોશીલા વ્યાવસાયિકો

વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિમિટેડ,
06, કોર્પોરેટ પાર્ક, વી એન પુરવ માર્ગ, ચેમ્બુર, મુંબઈ– 400 071.

9892644665 marketing@vtransgroup.com www.vtransgroup.com

V-TRANS® Driving Excellence

Other Divisions: V-Xpress | V-Logis

છેલ્લા ૪૮ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું

મુખપત્ર : **"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૨ થી ૬૦૦૫
ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com
વેબ-સાઈટ : www.kjss.org

**તંત્રી મંડળ**

- **અશોક મહેતા – મુખ્ય તંત્રી**
  **મો. ૯૮૭૯૦ ૬૩૧૦૦**
- **ફાલ્ગુની હિરેન – સભ્ય**
  **મો. ૯૮૨૫૦ ૧૬૬૭૭**
- **ચૌલા કુરૂવા – સભ્ય**
  **મો. ૯૩૨૭૦ ૭૫૪૮૮**
- **રસિક ખીમજી મહેતા – સભ્ય**
  **મો. ૯૩૨૮૨ ૪૯૦૬૯**

**કવર પેઇજ ડિઝાઈન**

**પ્રદીપ મહેતા : મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦**

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
  ડોનેશન્સ માટેની વિવિધ યોજના ........ **રજનીકાંત પારેખ** ....... ૫
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે ........ ૫

**પ્રેરણાત્મક પ્રસંગો**

- મણકો-૭ : મહાન વ્યક્તિઓની નમ્રતા ........ **સંકલન : ડૉ. આશિષ ચોક્સી** ....... ૬
- મણકો-૮ : "હેપ્પી બર્થ ડે – લાડો" ........ ૬

**સ્વાતંત્ર્ય સંગ્રામના ૭૫ શૂરવીરો**

- મણકો-૫ : માસ્ટર સૂર્યસેન ........ **રાજ ભાસ્કર / અનંત શુક્લ / મધુકાંત પ્રજાપતિ** ....... ૭

**એરિસ્ટોક્રેટ્સ**

- પ્રકરણ-૨ : અંબાલાલ સારાભાઈ – ૨ ........ **દેવેન્દ્ર પટેલ** ....... ૮

**ગુજરાત સ્થાપના દિન**

- જય જય ગરવી ગુજરાતી : ભાગ-૧ ........ **રજનીકાંત પારેખ** ..... ૧૧

**ચૂંટણી**

- ઈવીએમ અને મતદારને લગાવવામાં આવતી શાહીનો ઈતિહાસ ........ **ડૉ. મિહિર એમ. વોરા** ..... ૧૭

**વિવિધતા**

- જીવન વૈભવ સમજાવતા પ્રશ્નો : લેખાંક-૨ ........ **દૃષ્ટિ મહેતા / ચેશા મહેતા** ..... ૧૮

**વ્યક્તિ વિશેષ**

- અંબેધામ (ગોધરા)ના સ્વપ્નદૃષ્ટા : "શાંતિભા" ........ **વસંત ઉમરશી મારૂ** ..... ૨૦
- શ્રી નરેન્દ્ર રોય વેલજી શાહ (ધરમશી) ........ **શ્રી શેખર (સાંધાણ – રતલામ)** ..... ૨૨

**તંદુરસ્તી**

- વિશ્વ ઓટીસ્ટીક જાગૃતિ દિવસ : ભાગ-૨ ........ **ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક** ..... ૨૪
  **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**
- નાના બાળકોમાં થતી સારણગાંઠ ........ **ડૉ. તપન શાહ** ..... ૨૬
- ડાયાબિટીસ રીવર્સ કરવા રીચાર્જ કરાવતા રહો ........ **ડૉ. કમલેશ એન. શાહ** ..... ૨૭

**તીર્થ દર્શન**

- દર્શન-૫૨ : શ્રી અમરોલી તીર્થ
- દર્શન-૫૩ : શ્રી આગમમંદિર સુરત તીર્થ ........ **પ્રેષક : કે.ડી. શાહ** ..... ૨૮

**અન્ય સંસ્થાઓના સમાચાર**

- અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૨૯

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**ઉપપ્રમુખ-૨**
શ્રી હિરેન કુંવરજી શાહ
મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

**માનદ્ મંત્રી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**સહમંત્રી**
શ્રી વિશાલ મહેન્દ્ર શાહ
મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮

**ખજાનચી**
શ્રી વિમેશ ગુલાબચંદ શાહ
મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭

**સહ ખજાનચી**
શ્રી નરેન્દ્ર જયંતીલાલ કોઠારી
મો. ૯૯૨૪૬ ૩૩૯૪૫

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kjss.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## નિયમિત વિભાગો


- સવાલ અમારો... જવાબ તમારો.. : મણકો-૧૩ ................ **સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી** ..... ૩૦
- ઉડતી નજરે ................ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૩૨
- ***Nano Nine*** શબ્દ રમત-૨૦૬ ................ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૩૩
- પ્રતિભાવ ................ ૩૪
- ***Nano Nine Sudoku*** (ક્રમાંક-૧૧૬૪) ................ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૩૫
- દેશ - વિદેશ ................ **ચૌલા કુરૂવા** ..... ૩૬
- જ્ઞાન વિજ્ઞાન / વૈજ્ઞાનિક માહિતી ................ **સંકલન : રસીક ખીમજી મહેતા** ..... ૩૯


## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સંસ્થા સમાચાર


- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી ................ ૪૧
- સરનામા ફેરફાર ● પરિણય મિલન ● અવસાન નોંધ ● સાભાર સ્વીકાર ................ ૪૫
- ભેટ સ્વીકાર ● ચક્ષુદાન કરીને જુઓ તો ખરા ................ ૪૬
- વિદ્યાર્થી પુરસ્કાર સમિતિ ● શૈક્ષણિક સહાય (લોન) કેળવણી સહાય ફંડ ................ ૪૬
- મેડિકલ કાર્ડ સમિતિ ................ ૪૭
- શ્રી કચ્છી જૈન ભવન પરના મેડિકલ સેન્ટરના ડૉક્ટર્સની ઓ.પી.ડી.નું સમયપત્રક ................ ૪૮
- 'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી ● જાહેર અપીલ ................ ૫૦
- વર્ષ ૨૦૨૪માં બાળવર્ગથી ધોરણ-૯ સુધીની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલાઓનું માહિતી પત્રક ................ ૫૧
- વર્ષ ૨૦૨૪માં ધોરણ-૧૦ અને તેનાથી ઉપરના વર્ગની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલાઓનું માહિતી પત્રક.. ૫૩
- શૈક્ષણિક સહાય મેળવવા માટે ભરવાનું ફોર્મ ................ ૫૫
- નિયાણીઓએ ભરવાનું ફોર્મ ................ ૫૭


## આ અંકમાં સમાવિષ્ટ કરેલ કાવ્યો


- વાત કહી દેવી સારી...! ................ **મનીષા અજય વીરા 'મન'** ..... ૨૮
- કરમેંજો ભાર ................ **કેતના છેડા 'કેતુ'** ..... ૨૮
- સમજાય છે ................ **નેહા શાહ 'નેહ'** ..... ૩૮


### આ બધું અઘરું છે પણ....

*★ લોકો શંકા કરતા હોય ત્યારે વિશ્વાસ રાખવો. ★ લોકો સ્વપ્નમય હોય, ત્યારે કાર્યરત રહેવું. ★ લોકો ઉપેક્ષા કરતા હોય, ત્યારે સંભાળ લેવી. ★ લોકો છીનવી લેતા હોય, ત્યારે વહેંચવું. ★ લોકો દોષારોપણ કરતા હોય, ત્યારે માફી બક્ષવી. ★ લોકો ફરિયાદ કરતા હોય, ત્યારે હસતા રહેવું. ★ લોકો ટીકા કરતા હોય, ત્યારે પ્રશંસા કરવી. ★ લોકો વિધ્વંસ કરતા હોય, ત્યારે સર્જન કરવું. ★ લોકો અવઢવમાં હોય, ત્યારે સાહસ ખેડવું. ★ લોકો માગણી કરતા હોય, ત્યારે સેવારત રહેવું. ★ લોકો અધૂરું છોડી દેતા હોય, ત્યારે વળગી રહેવું.*

**આ બધું અઘરું છે... પણ ફળદાયી છે.**

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ડોનેશન્સ માટેની વિવિધ યોજના

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળની એક મીટિંગ રવિવાર, તા. ૭-૪-૨૦૨૪ના રોજ મળેલ હતી કે જ્યારે તેની સેવાઓને વિસ્તૃત સ્વરૂપ આપવા નીચે મુજબના ડોનેશન્સની એક નકરાની સ્કીમ મંજૂર કરવામાં આવેલ હતી.

સમાજની સેવાકીય પ્રવૃત્તિઓનો વ્યાપ વધારવા દરેક મહાનુભાવને આ સેવાકીય યજ્ઞમાં પોતાનો સાથ પુરાવી, તેનો હાથ બઢાવવા અપીલ કરવામાં આવે છે.

## વિવિધ નકરાઓની યોજના

| | | |
|---|---|---|
| ૧. | સ્કીલ ડેવલપમેન્ટ યોજનામાં એક વિદ્યાર્થીને સ્પોન્સર કરવાના.................... | : રૂા. ૧૦,૦૦૦/- |
| ૨. | સ્કીલ ડેવલપમેન્ટ યોજનામાં ૩૦ વિદ્યાર્થીની એક બેચને સ્પોન્સર કરવાના .... | : રૂા. ૨.૫૦ લાખ |
| ૩. | ડાયાલિસિસ સેન્ટરમાં દરેક ડાયાલિસિસ માટે......................................... | : રૂા. ૧,૦૦૦/- |
| ૪. | ડાયાલિસિસ સેન્ટરમાં વાર્ષિક તિથિ પ્રમાણે બોર્ડ પર નામ મૂકાવવાના ......... | : રૂા. ૧,૧૧,૧૧૧/- |
| ૫. | પ્રાથમિક શાળાના એક વિદ્યાર્થીને સ્કોલરશીપ આપવાના............................ | : રૂા. ૧૧,૦૦૦/- |
| ૬. | માધ્યમિક શાળાના એક વિદ્યાર્થીને સ્કોલરશીપ આપવાના .......................... | : રૂા. ૨૫,૦૦૦/- |
| ૭. | સાધર્મિક સહાય માટે એક વ્યક્તિને એક મહિના માટે સહાય આપવાના ....... | : રૂા. ૨,૦૦૦/- |
| ૮. | સાધર્મિક સહાય માટે એક પરિવારને ૧ વર્ષ માટે સહાય આપવાના ........... | : રૂા. ૨૪,૦૦૦/- |
| ૯. | વૈયાવચ્ચ માટે......................................................................... | : રૂા. ૧૧,૦૦૦/- |
| ૧૦. | વૈયાવચ્ચ માટે એક વર્ષ માટે બોર્ડ પર નામ મૂકાવવાના .......................... | : રૂા. ૫૦,૦૦૦/- |

**રજનીકાંત પારેખ**
માનદ્ મંત્રી
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

- ખાતાનું નામ : શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
  **[Shree Kutchhi Jain Sewa Samaj - Ahmedabad]**
- બેંક : કેનેરા બેંક, પાલડી બ્રાંચ - અમદાવાદ
  **[Canara Bank, Paldi Branch - Ahmedabad]**
- એકાઉન્ટ નંબર : ૭૦૦૭૨૦૧૦૦૧૬૦૩૨ **[70072010016032]**
- *IFSC* કોડ : **CNRB0017007**

પ્રેરણાત્મક પ્રસંગો

# મણકો-૭ : મહાન વ્યક્તિઓની નમ્રતા
# મણકો-૮ : "હેપ્પી બર્થ ડે – લાડો"

● સંકલન ●
ડૉ. આશિષ ચોક્સી

## મણકો - ૭ : મહાન વ્યક્તિઓની નમ્રતા

★ ૧૯૭૦ના દાયકામાં વર્લ્ડ સિરીઝની એક મેચ રમવા ઈંગ્લેન્ડના ટોની ગ્રેગ અને ટોની એકરમેન ઓસ્ટ્રેલિયા ગયા હતા. આ વખતે તેમને રીસીવ કરવા એક ઓસ્ટ્રેલિયન વડીલ ક્રિકેટર એરપોર્ટ ગયા હતા. ટોની એકરમેને એ ક્રિકેટરને પોતાની બેગ સાચવવાનું કહી, પોતે થોડીવારમાં આવે છે તેમ કહ્યું. થોડીવાર પછી પાછા આવી ટોની એકરમેને પોતે કોણ છે અને ઈંગ્લેન્ડ તરફથી પોતે કેટલા રન કર્યા છે તે બડાશ હાંકી. તેમણે વ્યક્તિને પછી પ્રશ્ન પૂછ્યો, 'તમે ક્રિકેટ સાથે સંકળાયેલા છો?' **તે વ્યક્તિએ ખૂબ નમ્રતાથી જવાબ આપ્યો, 'હા, મારું નામ ડોન બ્રેડમેન છે.'**

★ ૧૯૭૨-૧૯૭૩માં એક ૮૫ વર્ષના વડીલ રાજકોટ - અમરેલી, રાજકોટ - અમદાવાદ રૂટ પર ઘણીવાર એસ.ટી. બસમાં ટ્રાવેલ કરતા. ઘણા પ્રવાસીઓ, ડ્રાઈવર, કંડક્ટર આ વડીલને ઓળખતા જ અચંબામાં પડી જતા. 'સાહેબ, તમે અને એસ.ટી. બસમાં?' સાહેબ જવાબ આપતાં, 'મારા રાજ્યની સ્ટેટ ટ્રાન્સપોર્ટ બસમાં મારાથી મુસાફરી કેમ ના કરાય?' આ વડીલ ધારે તો પોતાની પ્રાઈવેટ ગાડી પણ હોઈ શકે. અતિ સરળ, સાદાઈ અને નિષ્ઠાવાન ગાંધીવાદી મૂલ્યો તેમજ ખૂબ નમ્ર સ્વભાવ ધરાવતા **આ વડીલ હતા ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી ડો. જીવરાજ મહેતા.**

★ આશરે ૧૯૩૯-૧૯૪૦ના સમયની વાત છે. ભારતના એક મહાન કવિ-સંગીતકાર તેમની ૭૯-૮૦ વર્ષની ઉંમરે એક સંગીત સમારોહમાં ગયા હતા. તેમને થોડા સમયથી કાને ઓછું સંભળાતું હતું. સિતારવાદક કંઈક વગાડતો હતો. કોઈકે મજાક કરવા કવિને પૂછ્યું, 'આ કયો રાગ વગાડે છે?' કવિએ એક મિનિટ કલાકારની આંગળીઓનું નિરીક્ષણ કર્યું અને કહ્યું કે સિતારવાદકે 'યમન કલ્યાણ' રાગ છેડ્યો છે. પેલાની બોલતી બંધ થઈ ગઈ. **ભારતના મહાન રત્ન કવિવર રવિન્દ્રનાથ ટાગોરની આ વાત છે.**

## મણકો - ૮ : "હેપ્પી બર્થ ડે – લાડો"

*"પપ્પા, તમે ગર્વ લઈ શકો તેવું જરૂર હું કંઈક કરીશ."*

૪ સપ્ટેમ્બર, ૧૯૮૬. પેન એમ એરની ૨૪ વર્ષીય એરહોસ્ટેલ જે મોડેલ પણ હતી, તેણે સવારે ૯ થી રાત્રે ૮ સુધી એક જાહેરાત માટે શુટીંગ કર્યું. શુટીંગ ડાયરેક્ટર આયેશા સયાનીને બાય કહી રાત્રે ૮ વાગે ઘેર આવી, ડિનર લઈ તેણે માતાને કહ્યું, 'મને રીસીવ કરવા કોલ આવશે તે પહેલાં હું ૯૦ મિનિટની સુંદર ઊંઘ લઈ લઉં છું.' માતાએ તેને કહ્યું, 'શક્ય હોય તો ના પાડી દે. તેં આખો દિવસ કામ કર્યું છે.'

પણ પોતાના કામને સમર્પિત દીકરીએ ના પાડી. ૫ તારીખ વહેલી સવારે ૧.૧૫ વાગે પેન એમ એરની ગાડી તેને રીસીવ કરવા આવી ત્યારે માતાએ તેને કહ્યું, 'તારી સાત સપ્ટેમ્બરે વર્ષગાંઠ છે. કયા મિત્રોને બોલાવશું?' દીકરીએ કહ્યું, 'સાત તારીખે મારે આવતાં મોડું-વહેલું થાય. આ વખતે હું માત્ર કુટુંબના સભ્યો સાથે જ એ દિવસ વિતાવવા ઈચ્છું છું.'

**આ વાત એરહોસ્ટેસ નિરજા ભનોતની છે.** તા. ૧૫-૦૯-૧૯૮૬ વહેલી સવારે મુંબઈ-ન્યુયોર્ક વાયા કરાંચી - ફ્રેન્કફર્ટ પેન એમ એર ફ્લાઈટ ૭૩ની તે મુખ્ય કેબિન ક્રુ હતી. કરાંચી એરપોર્ટ પર તેને સૌથી પહેલા ખ્યાલ આવ્યો કે વિમાનમાં ચાર ટેરરીસ્ટ આવી ગયા છે. ટેરરીસ્ટની ઈચ્છા બને તેટલું ઝડપથી કરાંચીથી પ્લેઈન ટેક ઑફ થાય તેમ હતી.

પણ નિરજાએ એ દિવસે ઉપરોક્ત શબ્દો યથાર્થ કરતું કામ કરી બતાવ્યું. જેનાથી તેના માતા-પિતા જીવનભર ગર્વ લઈ સકે. ઉપરોક્ત શબ્દો પિતા હરીશ ભનોતને તેમની લાડકી દીકરી નિરજાએ, જેને તેઓ જન્મથી 'લાડો' સંબોધનથી જ બોલાવેલી, તેણે તેના પિતાને આ શબ્દો કહ્યા હતા. અને તેણે આ શબ્દો સાચા પાડ્યા. એ સમયે **નિરજાએ કરેલા હિંમતભર્યા કામને** ટૂંકમાં જોઈએ.

૧. તેણે મુખ્ય પાઈલોટને કેબિનમાં 'હાઈજેક કોડ' પહોંચાડ્યો. જેનાથી પાઈલોટ જાણી શક્યા કે પ્લેન હાઈજેક થયું છે. પછી તેમણે પ્લેઈન ટેક ઑફ જ ના

(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૯ ઉપર)

સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો

## સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો

## મણકો - ૫ : માસ્ટર સૂર્યસેન

● લેખક ●
રાજ ભાસ્કર / અનંત શુક્લ / મધુકાંત પ્રજાપતિ

### માસ્ટર સૂર્યસેન

*જન્મ : ૨૨ માર્ચ, ૧૮૯૪ ● વીરગતિ : ૧૨ જાન્યુઆરી, ૧૯૩૪*

"કરો યા મરો નહીં, કરો અને મરો." આ સૂત્રના રચયિતા માસ્ટર સૂર્યસેનનો જન્મ બંગાળના ચિત્તાગોંગના રાઓઝાન (હાલ બાંગ્લાદેશ)માં ૨૨ માર્ચ, ૧૮૯૪ના રોજ થયો હતો. તેમણે નેશનલ હાઈસ્કૂલમાંથી શિક્ષકની નોકરી છોડીને વિદ્યાર્થીઓને પુસ્તકિયું જ્ઞાન આપવાને બદલે શસ્ત્રોનું જ્ઞાન આપીને ક્રાંતિકારીઓ બનાવવાનું પસંદ કર્યું. દક્ષિણેશ્વરમાં બોંબ બનાવવાનું કારખાનું પણ શરૂ કર્યું. સમય જતાં પોલીસને તેની ગંધ આવી ગઈ. છાપો મારવામાં આવ્યો ત્યારે કેટલાય ક્રાંતિકારીઓ પકડાઈ ગયા. માસ્ટરદા પોલીસને હાથ ન આવ્યા. ૧૯૨૮માં કલકત્તા ખાતે કોંગ્રેસનું અધિવેશન મળ્યું ત્યારે સુભાષચંદ્ર બોઝની આગેવાની હેઠળ સાત હજાર સૈનિકોનું સરઘસ નીકળ્યું. તેમાં માસ્ટરદા પણ હતા. તેમાંથી પ્રેરણા લઈને તેમણે ઈન્ડિયન રીપબ્લિકન આર્મિની સ્થાપના કરી. જોતજોતામાં તેના સભ્યોની સંખ્યા પાંચસોથી વધી ગઈ. સેનાના આદર્શ હતા – સંગઠન, સાહસ અને બલિદાન. ૧૮ એપ્રિલ, ૧૯૩૦ના રોજ તેમણે અંગ્રેજ સરકાર સામે ઘોષણા કરી કે, "હું સૂર્યસેન ભારતીય સ્વાતંત્ર્ય સેનાની - ચટગાંવથી જાહેર કરું છું કે હવે અહીં યુનિયન જેકને બદલે સ્વતંત્રતાનો ધ્વજ ફરકશે. વંદેમાતરમ્ અમારું રાષ્ટ્રગીત રહેશે.' આ સાથે જ તેમની ક્રાંતિકારી સેનાએ ચટગાંવના પહાડી વિસ્તારમાં આવેલા શસ્ત્રાગાર પર હુમલો કર્યો. ભીષણ સંગ્રામ ખેલાયો. ૧૨ ક્રાંતિકારીઓ સામે ૮૩ પોલીસના લોકો મરાયા. શસ્ત્રાગાર લૂંટીને સૌ નાઠા. માસ્ટરદાને શોધવા પોલીસે પોતાની સઘળી તાકાત કામે લગાડી. એક દિવસ પ્રીતિલતા વાદેદારને ત્યાં માસ્ટરદા પોલીસથી ઘેરાયા. સામસામો ગોળીબાર થયો. ક્રાંતિકારીઓ અપૂર્વ સેન અને નિર્મલ સેન મરાયા. માસ્ટરદા અને પ્રીતિલતા નાસી છૂટવામાં સફળ રહ્યા. ક્રાંતિકારીઓના મોતનો બદલો લેવા થોડા દિવસ પછી પ્રીતિલતાએ યુરોપિયન ક્લબ પર બોમ્બમારો કર્યો. તેની પાછળ પ્રેરણા માસ્ટરદાની હતી. ૧૬ ફેબ્રુઆરી, ૧૯૩૨ના રોજ માસ્ટરદા ગોઈરાલા ગામે ક્રાંતિકારીઓની ખબર પૂછવા ગયા. ત્યાંના ગદ્દાર જમીનદારે પોલીસ થાણે જાણ કરી દેતાં ક્રાંતિકારીઓનું મકાન પોલીસથી ઘેરાઈ ગયું. માસ્ટરદા આ વખતે છટકી ન શક્યા. ધરપકડ કરીને તેમના પર કેસ ચલાવવામાં આવ્યો. ચુકાદાની એમને ખબર જ હતી કે તે અંગ્રેજો તરફી જ આવવાનો છે. એમ જ થયું. તેમને ફાંસીની સજા થઈ. ફાંસીના માંચડે લઈ જવાતી વખતે તેમણે વંદે માતરમ્‌ના જયઘોષથી જેલ ગજવી મૂકી. ઢોર માર મારવામાં આવ્યો તોયે એમણે જયઘોષ બંધ ન કર્યો. અંતે ૧૨ જાન્યુઆરી, ૧૯૩૪ના રોજ તેમને ફાંસી અપાઈ. ફાંસી અપાયા પછી એમનું શબ ન તો એમના સ્વજનોને આપવામાં આવ્યું કે ન તો તેના જેલમાં અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા. બ્રિટીશ જહાજમાં લઈ જઈને તેને ખાડીના સમુદ્રમાં ફેંકી દેવામાં આવ્યું. અને આમ એક મહાન ક્રાંતિકારી માતૃભૂમિના ચરણે સમર્પિત થઈ ગયા. ■

*ખડે ખડે સબ ખાય,*
*પિતા પુત્ર કો લાગે પાય.*
*ઈક્કીસવીં સદી કા અચરજ દેખ,*
*ગયા 'સોમૈયા' શરમાય.*

**અરવિંદ સોમૈયા – નખત્રાણા, કચ્છ**

Pratik K. Lalka
KISHOR ROADWAYS
M. : 98250 65844, 98986 58444, 88498 27053
FLEET OWNER'S & TRANSPORT CONTRACTOR & COMMISSION AGENT
BS-7, Radhe Business Empire, S.P. Ring Road, Opp. Fire Station, Aslali, Ahmedabad.

એરિસ્ટોક્રેટ્સ

એરિસ્ટોક્રેટ્સ : પ્રકરણ-૨

# અંબાલાલ સારાભાઈ – ૨
# અમદાવાદમાં પહેલી મોટર

● લેખક ●
દેવેન્દ્ર પટેલ

અમદાવાદ શહેરમાં ગર્ભશ્રીમંત પરિવારો તો બીજા પણ હતા પરંતુ એરિસ્ટોક્રેટ લાઈફ સ્ટાઈલનો આરંભ અંબાલાલ સારાભાઈથી શરૂ થયો.

અઢાર વર્ષના અંબાલાલ અને પંદર વર્ષનાં સરલાદેવીનો એક તરફ ઘરસંસાર પણ શરૂ થયો અને બીજી તરફ લગ્ન પછી પણ સરલાદેવીએ મિસ ચબ દ્વારા ચલાવાતી મહાલક્ષ્મી ટ્રેનિંગ કોલેજની ગવર્નમેન્ટ ગર્લ્સ સ્કૂલમાં ભણવાનું પણ ચાલુ રાખ્યું. અંગ્રેજીમાં લખવાનું-વાંચવાનું અને બોલવાનું પણ એમણે શીખી લીધું. સરલાદેવીને સાહિત્ય અને ફિલસૂફી ભણાવવા વિદ્વાન પ્રોફેસરો ઘેર આવતા.

એ જમાનામાં પણ અંબાલાલ સુધારક વિચારોવાળા હતા. મેળાવડાઓમાં પુરુષોની સાથે સ્ત્રીઓ જાહેરમાં બહાર જતી નહીં. અંબાલાલે એ રીવાજ મિટાવી દીધો. સહુ કોઈ સમજી ગયાં કે અંબાલાલને બોલાવવા હોય તો સરલાદેવીને પણ બોલાવવાં જ જોઈએ. અંબાલાલ પર વિલાયતની અસર હતી. તે વખતના વાઈસરૉયની સાથે મેડમો જતી. હિંદીઓના બે જ યુગલો સાથે દેખાતા હતા : એક રમણભાઈ નીલકંઠ અને વિદ્યાગૌરી નીલકંઠ અને બીજા તે અંબાલાલ સારાભાઈ અને સરલાદેવી. સરલાદેવી કોર્સેટવાળી પાતળી કમર, લેસની ઝુલોવાળી ફૂલેલી પફ બાંયો, સોનાની પાતળી ચેનવાળો લોકેટ અને હીરાઓથી જડેલા નાજુક ઈયરીંગ, શિફોનની સાડીઓ, ઊંચી એડીના બુટ અને આધુનિક હેરસ્ટાઈલથી સજ્જ સરલાદેવી ગરિમાપૂર્ણ લાગતાં.

એ જમાનામાં અંબાલાલ સારાભાઈના ઘરમાં યુરોપિયન બટલર હતો. યુરોપિયન મહિલાઓને ગવર્નેસ તરીકે રાખવામાં આવી હતી. અંબાલાલ સારાભાઈ લીલા મખમલના ઈજાર, લોંગ કોટ, માથા પર જરીભરતની ભરેલી મખમલી ટોપી અને તેમાં શાહમૃગ પીછાંવાળા હીરાજડિત શીરપેચ પહેરતા. ગળામાં નીલમ હીરાનો કંઠો પહેરતા. પાછળથી એટલે કે ૧૯૧૨માં તેમણે કોટ-પાટલૂન અને ઊંચી કાળી ટોપી અપનાવ્યા હતા. તેમનાં વસ્ત્રો અંગ્રેજ ટેલરો તૈયાર કરતા. ગુજરાતમાં દરેક પુરુષે મૂછો રાખવી ફરજિયાત હતી.

અંબાલાલ સારાભાઈનાં બહેન અનસૂયા ઈંગ્લેન્ડ ભણવા ગયા હતા. પરંતુ બીજી બહેન કાંતાના અવસાનના સમાચાર સાંભળી પરીક્ષા અધૂરી મૂકીને આવ્યા. પાછા આવ્યા ત્યારે તેમના પર પશ્ચિમની અસર હતી. સ્ત્રીઓ ફરજિયાત માથે ઓઢતી. તે રીવાજ અનસૂયાએ ફગાવી દીધો. તેમણે ખુલ્લા માથે, ખુલ્લી બગીમાં ફરવા માંડ્યું. કોઈવાર સીગારેટ પણ એ પી લેતાં.

એ વખતે ગુજરાતમાં કોઈ પણ પતિ પોતાની પત્નીને નામથી બોલાવતા નહીં. આજે પણ ગામડાંઓમાં હજી પતિ-પત્ની એકબીજાને નામથી બોલાવતા નથી. પરંતુ આઝાદીના ૫૦ વર્ષ પહેલાં અંબાલાલે સરલાદેવીને અને સરલાદેવીએ અંબાલાલને નામથી બોલાવવાનું શરૂ કર્યું. આ સુધારો આટલેથી અટક્યો નહીં. બેઉ એકબીજાને 'ડિયર' કે 'ડાર્લિંગ' પણ કહીને બોલાવતાં ત્યારે ઘણા એ શબ્દો સાંભળી ચોંકી જતા.

એ જમાનામાં ધનિકો પણ ઘોડાથી ખેંચાતી ખુલ્લી બગી કે બંધ ભવ્ય બગીમાં જ શહેરમાં ફરતા. કોઈનીય પાસે મોટરકાર નહોતી. અંબાલાલ સારાભાઈએ અમદાવાદ શહેરમાં સૌપ્રથમ મોટરકાર આણી. તેને ચલાવવાનું અમદાવાદમાં કોઈ જાણતું નહોતું. તેથી તેને ચલાવવા મોટી મૂછોવાળો એક શોફર મુંબઈથી ખાસ બોલાવવામાં આવ્યો. પાછળથી અંબાલાલ સારાભાઈ પણ મોટર ચલાવતાં શીખી ગયા. આ મોટર ચાલે એટલે અડધા માઈલ દૂરથી સરલાદેવીને ખબર પડે કે મોટર આવી – તેવો ધડાકાબંધ તેનો અવાજ થતો. અમદાવાદમાં અનેક નવી શરૂઆતો કરનાર અંબાલાલ સારાભાઈએ એક ત્રીજી પણ નવી શરૂઆત કરી. તેમણે મૂછો કઢાવી નાખી. તમામ પુરુષો મૂછો રાખતા. ત્યારે એ જમાનામાં અંબાલાલ સારાભાઈ પહેલા 'ક્લિન શેવ્ડ' પુરુષ બન્યા. અત્યારે આ વાંચીએ તો નવાઈ લાગે. પણ ૧૯૧૨થી ૧૯૨૧ના સમયગાળામાં આ એક હકીકત હતી. માથા પરથી ટોપીનો ત્યાગ કર્યો. એ જમાનામાં આ એક આશ્ચર્યજનક સુધારો હતો.

હવે તેમના પરિવારની વાત.

તા. ૬મે ૧૯૧૨ના રોજ સરલાદેવીએ પ્રથમ સંતાન દીકરીને જન્મ આપ્યો મૃદુલા. તે નાજુક બાંધાની હતી. ૧૯૧૨માં અંબાલાલ સારાભાઈ સપરિવાર વિલાયત ગયા. બહેન અનસૂયા પણ ખરાં. એ જમાનામાં ભાગ્યે જ કોઈ વિદેશ

જતું ત્યારે અંબાલાલ સારાભાઈના ઘરમાંથી સ્ત્રીઓ ઇંગ્લેન્ડ જવા લાગી.

ત્યારબાદ સરલાદેવીએ બીજી પુત્રીને જન્મ આપ્યો – ભારતી. તે વિદેશમાં જન્મી હોઈ તેનું નામ ભારતી આપવામાં આવ્યું. ૧૯૧૩માં સરલાદેવીને પુત્રજન્મ થયો સહૃદ. બાળકોની સંભાળ માટે સરલાદેવી ઇંગ્લેન્ડથી યુરોપિયન ગવર્નેસોને લઇ અમદાવાદ આવ્યાં. ૧૮ ઓગસ્ટ, ૧૯૧૫ના રોજ વધુ એક દીકરી જન્મી – લીના. તા. ૪થી માર્ચ ૧૯૧૭ના રોજ ગૌતમ અને તા. ૧૨ ઓગસ્ટ ૧૯૧૯ના રોજ વિક્રમનો જન્મ થયો. ત્યાર પછી ગીતા અને મીરાં જન્મ્યા. ૨૬ વર્ષની વય સુધીમાં સરલાદેવી છ-છ બાળકોનાં અને ત્યાર પછી બીજાં બે એમ કુલ આઠ બાળકોનાં માતા બન્યાં.

અંબાલાલ સારાભાઈ પરિવારે એ જમાનામાં વધુ એક આશ્ચર્યજનક સુધારો કર્યો. એ વખતે ગુજરાતમાં તો ઠીક પણ અમદાવાદમાં બાળકો તેમના પિતાને મોટાભાઈ કે માને મોટી બહેન કહીને બોલાવતાં. પરંતુ 'મમ્મી-પપ્પા' શબ્દ પહેલી જ વાર આ પરિવારથી શરૂ થયો. અંબાલાલ સારાભાઈનાં પુત્રી લીનાબેન કે જેઓ આજે ૯૧ વર્ષના છે તેઓ કહે છે : 'મમ્મી-પપ્પા' જેવા સંબોધનો લાવવાનું ખરાબ કામ અમારા પરિવારે કર્યું છે. આજે ગુજરાતનું કોઈ ઘર આ સંબોધનથી બાકાત નથી. 'બાળકો ખૂબ તોફાન કરે તો બાળકને મારવાના કે લડવાના બદલે સરલાદેવી પોતે જ તેને લઇ બાથરૂમમાં પૂરાઈ જતાં.

પરિવાર ઇંગ્લેન્ડથી પાછું ફરતું ત્યારે થોડાક દિવસ મુંબઈ રહેતું. એટલા દિવસ માટે અંબાલાલ સારાભાઈએ મુંબઈના ભપકાદાર વિસ્તાર કફ પરેડ અને મરીન લાઇન્સમાં આલીશાન મોડર્ન હાઉસ બનાવ્યાં. પાછળથી બધાં અમદાવાદ આવી ગયાં.

પરિવાર એક આગવું - અલાયદું અને એરિસ્ટોક્રેટિક હોઈ શરૂઆતમાં ઘરમાં જ શાળા શરૂ કરવામાં આવી. ત્યારબાદ બધાને ઇંગ્લેન્ડ ભણવા મોકલવામાં આવ્યા. ૧૯૨૧માં સ્ટીમરમાં બેસીને આખું પરિવાર ઇંગ્લેન્ડ ઉપડ્યો. સાથે એક નર્સ અને કરુણાશંકર નામના શિક્ષકને પણ લીધા. લંડનમાં હેમસ્ટેડ નામના સબર્બમાં બાળકોને રહેવા અંબાલાલ સારાભાઈએ ત્રણ માળનું હાઉસ જ ખરીદી લીધું. એ જમાનામાં ઇંગ્લેન્ડના ઘરમાં ગોરા નોકરો રાખવામાં આવ્યા. ડેમ્લર અને ઓસ્ટીન એવી બે ભપકાદાર મોટરકારો ખરીદવામાં આવી. બે યુરોપિયન શોફરો રાખવામાં આવ્યા. ઘરમાં કુલ ૩૦ વ્યક્તિઓ હતી. ભોજન માટે ચાંદીના બે બવ્ય ડાઇનિંગ ટેબલ તૈયાર કરવામાં આવ્યા. તેની પર 'એ.એસ.' અર્થાત્ અંબાલાલ સારાભાઈનો મોનોગ્રામ લગાડવામાં આવ્યો. બાળકો હેમસ્ટેડની ઇંગ્લીશ બાઈ દ્વારા ચલાવાતી સ્કૂલમાં ભણવા લાગ્યા. સ્કૂલમાં ભોજનમાં માંસ મળતું હોઈ બાળકો ભૂખ્યા રહેવા લાગ્યા. છેવટે ઇંગ્લેન્ડમાં બાળકો માટે બીજું એક ઘર ખરીદી પોતાના બાળકો માટેની જ એક્સ્ક્લુઝીવ ખાનગી શાળા શરૂ કરી. સરલાદેવીનાં બાળકોને ભણાવવા કેમ્બ્રિજમાંથી તાજી જ ગ્રેજ્યુએટ થઇને આવેલી યુવતી મિસ વિલિયમ્સની નિયુક્તિ થઈ. કેમ્બ્રિજના બીજા એક ગ્રેજ્યુએટ મિસ્ટર એડવિનને સરલાદેવીએ મેડમ મોન્ટેસરી પાસે તાલીમ માટે ઇટલી મોકલ્યા. કોઈ આવી કલ્પના પણ ના કરી શકે કે સરલાદેવીનાં બાળકોને ભણાવવા એક અંગ્રેજ ગ્રેજ્યુએટને શિક્ષણની તાલીમ માટે સરલાદેવીએ ઇટલી મોકલ્યો હોય.

ઇંગ્લેન્ડમાં રહેતા અંગ્રેજ ધનિકો પાસે પણ આવી સાહ્યબી નહોતી. આ કારણથી લંડનમાં પણ અંબાલાલ સારાભાઈનો પરિવાર ખ્યાતિ પામ્યો અને તે પણ ૧૯૨૧ના ગાળામાં. એ વખતે બહુ ઓછા ભારતીયો ઇંગ્લેન્ડમાં હતા. મિસ વિલિયમ્સ અંબાલાલ સારાભાઈ પરિવારનાં બાળકોને લઈ બહાર ફરવા નીકળે તો ગોરા લોકો વિચારમાં પડી જતા – એક ગોરી મહિલા આ ભારતીય બચ્ચાંઓને લઇને કેમ જતી હશે?

લંડનમાં બાળકોને હંસાબેન મહેતા અને ગાંધીજીના મિત્ર મિ. પોલાક સાથે પરિચય થયો. એ વખતે જીવરાજ મહેતા ઇંગ્લેન્ડમાં દાક્તરીનું ભણતા હતા. પરંતુ બાળકોને ઇંગ્લેન્ડમાં ફાવ્યું નહીં. સરલાદેવી માત્ર બાળકો માટે જ ઇંગ્લેન્ડ રહે તે વિચાર માંડી વાળવામાં આવ્યો અને આખોયે પરિવાર ભારત પાછો ફર્યો.

પરંતુ અંબાલાલ સારાભાઈ વેપારી માણસ હતા. તેમણે લંડનમાં બકુભાઈ અંબાલાલની કંપની શરૂ કરી. ભારતમાં ઇસ્ટ ઇન્ડિયા કંપની સ્થાપનાર અંગ્રેજોના દેશમાં પહેલી ભારતીય કંપની શરૂ કરનાર પણ અંબાલાલ સારાભાઈ હતા. આ તેમની એક વધુ પહેલ હતી. માન્ચેસ્ટરમાં રહી તેમણે કાપડ ઉદ્યોગનો પ્રત્યક્ષ અભ્યાસ કર્યો. આટલેથી જ તેઓ અટક્યા નહીં. યુગાન્ડા અને પૂર્વ આફ્રિકામાં પણ તેમણે જીનરીઓ નાંખી. ચરોતરના પાટીદારોને તેમણે ભાગીદાર બનાવ્યા. કેલિકો અને જ્યુબિલી મિલમાં તેઓ નવા સાંચાઓ લાવ્યા. 'ફાઇન કાઉન્ટ'ની કાપડની જાતો બનાવી. કાપડ ઉદ્યોગમાં ક્રાંતિકારી ફેરફારો કર્યા. કાચ, સાકર, તેલ, સાબુ વગેરેના ઉદ્યોગમાં પણ ઝંપલાવવાનો નિર્ણય કર્યો. મુંબઈમાં સ્વસ્તિક ઓઇલ મિલ શરૂ કરી. થોડાં વર્ષો બિહારમાં સુગર ફેક્ટરીમાં તેમણે ગાળ્યાં. બનેવી બકુભાઈ ગુજરી ગયા બાદ વિધવા બહેન નિર્મળાબેનને પણ કામમાં સાથે લીધાં. એ જમાનમાં સ્ત્રીઓ વેપાર ધંધામાં જોતરાતી નહીં. પરંતુ અંબાલાલ સારાભાઈએ બહેનને પણ વેપાર ધંધામાં લાવી દીધાં.

અમદાવાદ આવ્યા બાદ તેઓ એટલા વ્યસ્ત રહેવા લાગ્યા કે બપોરના ભોજન માટે મિલમાં જ રસોડું શરૂ કરી દીધું. ■

# સૌને પોસાય એવાં ઓછી કિંમતનાં વસાવવા જેવાં અણમોલ પુસ્તકો

**સાંપ્રત સમયમાં નારી**

**લે. બેલા ઠાકર [₹ 90]**

આજની સ્ત્રી શું ઝંખે છે, તે ક્યાં જવા ઇચ્છે છે, એની માંગ, એની મૂંઝવણ અને એની મર્યાદા વિશે એ કેટલી સ્પષ્ટ છે એનું દર્શન વિવિધ ઉદાહરણો દ્વારા આ પુસ્તકમાં કરાવ્યું છે. લગ્નજીવનની પરંપરા અને પુરુષના સ્વામિત્વને આજની સ્ત્રી કેવી રીતે જુએ છે અને એની અપેક્ષાઓ કેવી છે એ સમજવાનો અને સમજાવવાનો પ્રયત્ન કરતું આ પુસ્તક દરેક મહિલાએ અવશ્ય વાંચવું જોઈએ.

**નિજી આકાશ**

**લે. રંજના હરીશ [₹ 80]**

ગુજરાતી સાહિત્યમાં સાવ અનોખી ભાત પાડતું આ પુસ્તક મહિલાઓ માટે પ્રેરણાની પરબ સમાન છે. એમાં અરુંધતી રોય, ટોની મોરિસન, પ્રતિભા અગ્રવાલ, ઇન્દિરા ગોસ્વામી, વિજયાલક્ષ્મી પંડિત, હેલન કેલર જેવી દેશ-વિદેશની અનેક મહિલા પ્રતિભાઓનું ચરિત્ર-આલેખન છે

**કલ્લુની કમાલ અને બીજી વાતો**

**લે. અરુણિકા મનોજ દરૂ [₹ 70]**

ટૂંકી છતાં માર્મિક 15 બાળવાર્તાઓનો આ સંગ્રહ, બાળકોને ભરપૂર મોજ આપશે. પ્રાસંગિક ચિત્રોને કારણે આકર્ષક બનેલું આ પુસ્તક બાળકો વારંવાર વાંચવા પ્રેરાશે એવો વિશ્વાસ છે

**કદલીવન**

**લે. વિનોદિની નીલકંઠ [₹ 80]**

પુરુષપ્રધાન સમાજમાં મહિલાઓ પર થતા અત્યાચાર અને મહિલાઓને થતા અન્યાય વિશે સતેજ કલમ ચલાવનાર વિનોદિની નીલકંઠની આ મહિલાપાત્ર-પ્રધાન નવલકથા છે. એમાં નારીનાં અનેક સ્વરૂપો પ્રગટ થાય છે. કદલીવનમાં ઝમકુ ડોસી અને ઉમિયા માસીમાં નારીના વિરલ સ્વરૂપનું દર્શન થાય છે.

**રાષ્ટ્રગુરુ સમર્થ રામદાસ**

**લે. સ્મિતા ભાગવત [₹ 130]**

છત્રપતિ શિવાજીના સમયગાળાના રાષ્ટ્રગુરુ રામદાસના જીવન-આધારિત આ વિરલ-વિશિષ્ટ નવલકથા છે. સ્વામી રામદાસ વિદ્વાન કવિ અને રાજનીતિજ્ઞ હતા. એમના વિપુલ સાહિત્યસર્જન ઉપરાંત સમાજઘડતરની અને રાષ્ટ્રનિર્માણની એમની ભાવના આ નવલકથામાં અદ્ભુત રીતે ઘાટ પામી છે

**ગુજરાતી રંગભૂમિનાં ગીતો**

**સંપા. ધર્મેન્દ્ર માસ્તર 'મધુરમ્' [₹ 200]**

નાટક અને કવિતાને ચાહતી પ્રત્યેક વ્યક્તિ માટે આ પુસ્તક અણમોલ છે. પ્રાચીન સમયની આપણી નાટ્ય-પરંપરાનો એમાં અભ્યાસ પણ છે અને નાટક દરમિયાન સ્ટેજ પર ગવાતાં ૪૦થી વધુ કવિઓનાં 400 જેટલાં ગીતોની ઝલક પણ આ પુસ્તકમાંથી મળે છે. દરેક ગીત લય અને અર્થ બંને દૃષ્ટિએ અત્યંત રોચક છે. ગુજરાતી સાહિત્યમાં કદાચ આવું પુસ્તક બીજું કોઈ નથી.

**જીવનસરગમ**

**લે. બિંદુબહેન કચરા [₹ 150]**

સંગીતની સરગમમાં ભલે સાત જ સૂર હોય, જીવનની સરગમમાં તો અગણિત સૂર હોય છે. આ તમામ સૂર સમજવામાં ક્યારેક આપણું આયખું ઓછું પડે છે ! આ પુસ્તકમાં જીવનને સુખમય અને હર્યુંભર્યું બનાવવાની પ્રેરણા આપતા 42 લેખો છે

**રેવા ખંડ**

**લે. ભાનુપ્રસાદ જોશી [₹ 100]**

આ પુસ્તક અધ્યાત્મપ્રેમીઓ અને પ્રકૃતિપ્રેમીઓ માટે ખૂબ પ્રેરણાદાયક છે. આમ તો સ્કંદપુરાણના રેવા ખંડનો આ ગુજરાતી અનુવાદ છે; પરંતુ એમાં નર્મદા નદીની ભવ્યતા, એનો ઇતિહાસ અને એની રમણીયતાનો અનુભવ પણ થાય છે

**કાવ્યસમુચ્ચય ભા. 2**

**લે. રામનારાયણ વિ. પાઠક [₹ 30]**

300થી વધુ પૃષ્ઠસંખ્યા ધરાવતું, ગુજરાતી ભાષાનાં 144 વિરલ અને વિશિષ્ટ કાવ્યોની સમૃદ્ધિ સહિતનું આ પુસ્તક કવિતાપ્રેમીઓએ તાત્કાલિક વસાવી લેવું જોઈએ. કલાપી, ખબરદાર, ગોવર્ધનરામ, દલપતરામ, નરસિંહરાવ, ન્હાનાલાલ, બળવંતરાય, મણિલાલ ન. દ્વિવેદી જેવા સમર્થ કવિઓની યાદગાર કવિતાઓ આ પુસ્તકમાં ઉપલબ્ધ છે

**વેંત છેટું આકાશ**

**લે. સ્મિતા ભાગવત [₹ 100]**

ફ્રાન્સ દેશની એક કૉન્ફરન્સમાં ઉપસ્થિત રહેલાં લેખિકાએ એમના અનુભવો આ પુસ્તકમાં આલેખ્યા છે. એ દૃષ્ટિએ આ પ્રવાસવર્ણન કહી શકાય, પરંતુ અહીં માત્ર પ્રવાસનું વર્ણન નથી. બે દેશ વચ્ચેની સંસ્કૃતિનો તુલનાત્મક અભ્યાસ પણ એમાં છે અને લેખિકાની આગવી દૃષ્ટિના અવલોકનનો જાદુ પણ એમાં છે. એમાં સંસ્મરણો પણ છે અને સંસ્કૃતિ પણ છે

**બસ, હવે હું જાઉં છું**

**લે. ધીરજ બારુપાર [₹ 90]**

આ પુસ્તકમાં 18 નવલિકાઓ છે. દરેક નવલિકાનો વિષય જરા હટકે છે. દરરોજ આપણી આસપાસની દુનિયામાં બનતી દુર્ઘટનાઓ એમાં આલેખાઈ છે. આત્મહત્યા કરતાં પહેલાં માણસ ભીતરથી કેટલો રિબાતો હશે અથવા એના ગુસ્સાનો જ્વાળામુખી એની અંદર કેવો ભભૂકતો હશે, એવી સંવેદના વ્યક્ત કરતી આ નવલિકાઓ છે

**અમે મુસાફર**

**લે. દિલીપ રાણપુરા [₹ 170]**

મુલ્લા નસરુદ્દીન વિશે અનેક રસપ્રદ અને હાસ્યસભર કથાઓ આપણે વારંવાર વાંચી છે અથવા સાંભળી છે. આ પુસ્તકમાં લેખકે નસરુદ્દીનનું સમગ્ર જીવનચરિત્ર આલેખ્યું છે. મુલ્લા નસરુદ્દીન કોઈ સામાન્ય વ્યક્તિ નહોતા, તેઓ મહાન સૂફી હતા. આચાર્ય રજનીશ તો મુલ્લા નસરુદ્દીનની અનેક પ્રસંગકથાઓ પોતાનાં પ્રેરક વક્તવ્યોમાં માર્મિક રીતે વારંવાર રજૂ કરતા હતા. ગુજરાતી સાહિત્યમાં આ પ્રકારનું પુસ્તક કદાચ આ એકમાત્ર છે

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

આ પુસ્તકોનાં પ્રાપ્તિ-સ્થાનો

**ગૂર્જર સાહિત્ય ભવન**

રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001

ફોન : 07922144663, 09227055777 e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે, પ્રહ્લાદનગર, અમદાવાદ-380015

ફોન : 26934340, 98252 68759 Email. : gurjarprakashan@gmail.com,

website : gspbooksmall.com

ગુજરાત સ્થાપના દિન

# ગુજરાત રાજ્યના સ્થાપના દિન નિમિત્તે જય જય ગરવી ગુજરાત : ભાગ-૧



રજનીકાંત પારેખ

*હું ગુર્જર ભારતવાસી...*

*'ગુણવંતી ગુજરાત! અમારી ગુણવંતી ગુજરાત! નમિયે નમિયે માત! અમારી ગુણવંતી ગુજરાત!'*

આ રચના કહે છે કે, ગુણવંતી ગુજરાત! કેવા કેવા ગુણે ભરેલા વીરલાઓ આપ્યા છે આ ગુણવંતી ગુજરાતે... રાષ્ટ્રપિતા ગાંધીજી, લોખંડી પુરુષ સરદાર, નરસિંહ મહેતા, કૃષ્ણઘેલી મીરાં, સિધ્ધરાજ જયસિંહ, શ્યામજી કૃષ્ણવર્મા, દાદાભાઈ નવરોજી અને ગણ્યા ગણાય નહીં એટલા નામો! સંત અને શૂરાની આ ગુણવંતી ગુજરાત. આવા નામોની ગણતરી કરવા બેસીએ તો વરસોના વરસ લાગે. પણ આજે એવા ૧૨૧ ગર્વિલા ગુજરાતીઓની વાત છે જેમણે ગુજરાતના ગૌરવને દીપાવ્યું છે. ઘણા નામો આ યાદીમાં રહી જશે પણ ગુજરાતને ઉજળું કરનારા સૌ ગુજરાતીઓને આ ક્ષણે વંદન કરીએ છીએ. અહીં નામોની યાદી ઉંમર કે ઉપલબ્ધિના ક્રમમાંથી... એ જાણ સારું...

## ગુજરાતના ૯ પાયા

| | | |
|---|---|---|
| ૧. | મહાત્મા ગાંધી | રાષ્ટ્રપિતા, અહિંસાની ક્ષમતાનો પરચો આપનાર. |
| ૨. | સરદાર પટેલ | પ્રથમ ગૃહમંત્રી અને અખંડ ભારતના શિલ્પી |
| ૩. | ઈન્દુલાલ યાજ્ઞિક | મહાગુજરાત આંદોલનના સેનાની, અદના લોકસેવક |
| ૪. | ઝવેરચંદ મેઘાણી | લોકસાહિત્યના સંશોધક, સંપાદક, લેખક, અનુવાદક |
| ૫. | ઉમાશંકર જોશી | જ્ઞાનપીઠથી સન્માનિત કવિ, વાર્તા, નિબંધો સહિતનું સર્જન |
| ૬. | કસ્તુરભાઈ લાલભાઈ | ઉદ્યોગપતિ, શિક્ષણક્ષેત્રે મોટાપાયે દાન આપ્યું |
| ૭. | વિક્રમ સારાભાઈ | ભારતના મહાન અવકાશ વિજ્ઞાની |
| ૮. | મોરારજી દેસાઈ | પૂર્વ વડાપ્રધાન, નાણાં પ્રધાન અને સ્વતંત્રતા સેનાની |
| ૯. | નરેન્દ્ર મોદી | ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન |

## ગૌરવવંતા ગુજરાતી

| | | |
|---|---|---|
| ૧. | મહારાજા સયાજીરાવ ગાયકવાડ | પ્રાથમિક શિક્ષણ મફત, ફરજિયાત કરનાર |
| ૨. | મહારાજા ભગવતસિંહજી | ભગવદ્ગોમંડળ કોશના પ્રણેતા |
| ૩. | અખો | છપ્પા થકી તત્ત્વજ્ઞાન રજૂ કરનાર |
| ૪. | મોરારજી દેસાઈ | પ્રથમ બિનકોંગ્રેસી વડાપ્રધાન, ભારત રત્ન, નિશાન-એ-પાક વિજેતા |
| ૫. | ઉમાશંકર જોશી | જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા |
| ૬. | કવિ દલપતરામ | અર્વાચીન ગુજરાતનું દેશભક્તિનું પહેલું કાવ્ય લખનાર |
| ૭. | અસાઈત | લોકનાટ્ય ભવાઈના સ્થાપક |
| ૮. | નરસિંહ મહેતા | ગુજરાતના કૃષ્ણભક્ત આદિ કવિ |

| | | |
|---|---|---|
| ૯. | શ્રીમદ્ રાજચંદ્ર | ગાંધીજીના આધ્યાત્મિક ગુરુ |
| ૧૦. | ઈન્દુલાલ યાજ્ઞિક | મહાગુજરાત ચળવળના પ્રણેતા |
| ૧૧. | રણછોડલાલ છોટાલાલ | દેશમાં જ કાપડ પેદા કરી સસ્તા ભાવે આપવા પહેલીવાર વિચાર કરનાર |
| ૧૨. | વિઠ્ઠલભાઈ પટેલ | મધ્યસ્થ ધારાસભાના પ્રથમ હિંદી પ્રમુખ |
| ૧૩. | ડૉ. જીવરાજ મહેતા | ગુજરાતના પહેલા મુખ્યમંત્રી |
| ૧૪. | મહાદેવ દેસાઈ | મહાત્માનો પડછાયો |
| ૧૫. | મહારાજા કૃષ્ણકુમાર સિંહ | રાજ્યપાલ તરીકે ૧ રૂપિયાનું વેતન લેનાર |
| ૧૬. | બાલકૃષ્ણ દોશી | સેન્ટર ફોર એન્વાયર્નમેન્ટ પ્લાનિંગ એન્ડ ટેકનોલોજીના પ્રથમ સ્થાપક - ડીન |
| ૧૭. | વિજય મર્ચન્ટ | સ્ક્વેર કટ્સ અને લેગ કટ્સ માટે જાણીતા ક્રિકેટર |
| ૧૮. | મૃણાલિની સારાભાઈ | ગુજરાતમાં સાંસ્કૃતિક ક્રાંતિની પહેલ કરનારા |
| ૧૯. | ઈલા ભટ્ટ | સેવાના સ્થાપિકા |
| ૨૦. | ગીત સેઠી | આઠ વખત વિશ્વ બિલિયર્ડસ વિજેતા |
| ૨૧. | રઝીયા શેખ | ૫૦ મીટરથી વધારે દૂર જ્વેલિન થ્રો કરનાર પહેલી ભારતીય મહિલા |
| ૨૨. | સરીતા ગાયકવાડ | ડાંગ એક્સપ્રેસથી વિખ્યાત દોડવીર |
| ૨૩. | અમી ઘીયા | બેડમિન્ટનમાં પહેલીવાર ભારતની નોંધ લેવડાવનાર |
| ૨૪. | કુમુદિની લાખિયા | કથ્થક નૃત્યશૈલીના નૃત્યાંગના |
| ૨૫. | દિવાળીબેન ભીલ | વૈશાખી કોયલ તરીકે જાણીતા લોકગાયિકા |
| ૨૬. | તારક મહેતા | દુનિયાને ઊંધા ચશ્મા પહેરાવનાર લેખક |
| ૨૭. | મનુભાઈ પંચોલી 'દર્શક' | લોકભારતી ગ્રામ વિદ્યાપીઠ - સણોસરાની સ્થાપના અને સંચાલન |
| ૨૮. | લોર્ડ નવનીત ધોળકિયા | બ્રિટનની પાર્લામેન્ટ હાઉસ ઑફ લોર્ડ્ઝના સભ્ય |
| ૨૯. | ભીખુદાન ગઢવી | લોક સાહિત્યમાં ૩૦૦થી વધારે ઓડિયો કેસેટ્સ |
| ૩૦. | શાહબુદ્દીન રાઠોડ | પરિવાર સાથે બેસી માણી શકાય એવું હાસ્ય સર્જન |
| ૩૧. | મોરારિ બાપુ | ૯૦૦થી વધારે રામ કથા કરનાર કથાકાર |
| ૩૨. | ધીરૂભાઈ અંબાણી | અમેરિકાની સંસ્થા વ્હાર્ટન સ્કુલ દ્વારા 'ડિન્સ મેડલ' મેળવનારા પ્રથમ ભારતીય |
| ૩૩. | અહેમદશાહ બાદશાહ | અમદાવાદ શહેરની સ્થાપના કરનાર |
| ૩૪. | જુગતરામ દવે | વેડછીનો વડલો |
| ૩૫. | જલારામ બાપા | ભૂખ્યા અને દુખિયા લોકોનો વિસામો |
| ૩૬. | અવિનાશ વ્યાસ | ગુજરાતી સુગમ સંગીતના પ્રણેતા |
| ૩૭. | મુનિશ્રી પુણ્યવિજયજી | ૧૦ હજારથી વધુ હસ્તપ્રતો એલ.ડી. ઇન્ડોલોજીને આપનારા |
| ૩૮. | દયાનંદ સરસ્વતી | આર્ય સમાજના સ્થાપક |
| ૩૯. | હાજી મોહંમદ અલારખિયા | પહેલું સચિત મેગેઝીન શરૂ કરનાર |
| ૪૦. | જમશેદજી તાતા | મુંબઈની તાજ હોટલ ઉભી કરનાર |
| ૪૧. | સુમતિ મોરારજી | મુંબઈમાં ગાંધીજીના કાયમી યજમાન |
| ૪૨. | ગણેશ વાસુદેવ માવલંકર | લોકસભાના પિતા તરીકે બિરૂદ મેળવનાર |
| ૪૩. | કાકા કાલેલકર | સવાયા ગુજરાતી |
| ૪૪. | ચીનુભાઈ મેયર | અમદાવાદના પ્રથમ મેયર |

| | | |
|---|---|---|
| ૪૫. | નરેન્દ્ર મોદી | સતત બે વખતના વડાપ્રધાન |
| ૪૬. | સ્વામી સહજાનંદ | સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપક |
| ૪૭. | ભાઈલાલભાઈ પટેલ | વલ્લભ વિદ્યાનગરના નિર્માતા |
| ૪૮. | મણિબહેન પટેલ | સરદારના અંગત સચિવ પુત્રી |
| ૪૯. | ત્રિભોવનદાસ પટેલ | અમૂલ ક્રાંતિના પ્રણેતા |
| ૫૦. | મોહનભાઈ પટેલ | આઈ.એ.એસ. મૂકાય એ જગ્યાએ પહેલીવાર મૂકાયેલા એન્જિનિયર |
| ૫૧. | શેઠ મગનલાલ | અમદાવાદના ઇતિહાસના લેખક |
| ૫૨. | રાવજીભાઈ પટેલ | ફિજી સંસદમાં સ્પીકર |
| ૫૩. | લતાબેન પટેલ | લંડનમાં પ્રથમ મહિલા ગુજરાતી મેયર |
| ૫૪. | સુલેમાન પટેલ | એકસાથે પાણી પી રહેલા ૯ સિંહોની તસ્વીર લેનારા |
| ૫૫. | શંકરલાલ બેન્કર | ગાંધીવાદી અને નવજીવનના સહ સ્થાપક |
| ૫૬. | આદિલ મન્સુરી | આધુનિક ગુજરાતી ગઝલના પ્રણેતા |
| ૫૭. | પેન નલિન | ઓસ્કાર નોમિનેટ ફિલ્મના નિર્દેશક |
| ૫૮. | ઉપેન્દ્ર ત્રિવેદી | બિન ગુજરાતી અભિનેત્રી સ્નેહલતા સાથે ૨૮ જેટલી ફિલ્મોનો વિક્રમ |
| ૫૯. | માસ્ટર અશરફખાન | જૂની ગુજરાતી રંગભૂમિના અભિનેતા |
| ૬૦. | દિલીપ ધોળકિયા | કર્કશથી કર્ણપ્રિય અવાજની સફર |
| ૬૧. | પુરૂષોત્તમ ઉપાધ્યાય | ગુજરાતી સુગમ સંગીતનું ઉજળું નામ |
| ૬૨. | સંજય લીલા ભણશાલી | હિંદી ફિલ્મોના નિર્દેશક |
| ૬૩. | શેખાદમ આબુવાલા | જર્મન આકાશવાણીના હિંદી વિભાગ શરૂ કરનાર |
| ૬૪. | મહેશ - નરેશ કનોડિયા | અભિનેતા અને સંગીતકાર બેલડી |
| ૬૫. | અમરસિંહ નકુમ | ૧૯૩૨માં ભારતની સૌપ્રથમ અધિકૃત ઐતિહાસિક ટેસ્ટ મેચમાં ૧૦મા ક્રમે અડધી સદી કરનાર |
| ૬૬. | મનહર ઉધાસ | ગુજરાતી ગઝલોને લોકપ્રિય બનાવનાર |
| ૬૭. | વિજય હઝારે | બંને દાવમાં સૌ પ્રથમ સદીઓ ફટકારવાનું ઐતિહાસિક ગૌરવ |
| ૬૮. | ઈરફાન પઠાણ | ૧૦૦ વિકેટ અને ૧૦૦૦ રન પૂરા કરનાર ભારતનો સાતમો ઓલરાઉન્ડર |
| ૬૯. | હાર્દિક પંડ્યા | લંચ પહેલા ટેસ્ટ સદી કરનારો પ્રથમ ભારતીય અને ટેસ્ટમાં એક ઓવરમાં સૌથી વધુ ૨૬ રન કરનાર |
| ૭૦. | દુલીપસિંહજી | દુલીપ ટ્રોફી, ભારતના હાઈ કમિશનર, સૌરાષ્ટ્ર રાજ્ય પબ્લિક સર્વિસ કમિશનના ચેરમેન |
| ૭૧. | અંકિતા રૈના | ટેનિસમાં દેશમાં ટોપ પર રહેનાર ખેલાડી |
| ૭૨. | ચેતેશ્વર પૂજારા | સૌરાષ્ટ્રનો ડોન બ્રેડમેન |
| ૭૩. | વિશ્વા પટેલ | અંડર-૧૩ ગર્લ્સ ફૂટબોલ ફેસ્ટીવલમાં ટીમમાં એકમાત્ર ગુજરાતી યુવતી |
| ૭૪. | જનરલ માણેક શૉ | ૧૯૬૨માં ચીન સામે યુધ્ધમાં કોર કમાન્ડર |
| ૭૫. | ગોવિંદ સાવંત | ૧૯૬૦માં રોમ ઓલિમ્પિકમાં ભારતીય ટીમમાં એકમાત્ર ગુજરાતી |
| ૭૬. | દયાશંકર વસનજી ગિરનારા | સૌ પ્રથમ ગુજરાતી માલિકીથી સ્થપાયેલી ગુજરાતી નાટક મંડળી |
| ૭૭. | વલી ગુજરાતી | સત્તરમા - અઢારમા સૈકાના પ્રખ્યાત ઉર્દુ ગઝલકાર |
| ૭૮. | ફાધર વાલેસ | સ્પેનમાં જન્મ પણ ગુજરાતી સાહિત્યમાં અનન્ય યોગદાન આપનાર |

| | | |
|---|---|---|
| ૭૯. | પી.એન. ભગવતી | ગુજરાતની વડી અદાલતમાં સૌથી નાની વયના મુખ્ય ન્યાયમૂર્તિ |
| ૮૦. | હનીફ મોહંમદ | ઓરિજિનલ લીટલ માસ્ટર જેમણે ૧૬ વર્ષે ટ્રીપલ સેન્ચુરી ફટકારી |
| ૮૧. | એચ. એમ. પટેલ | પૂર્વ નાણાં અને ગૃહમંત્રી |
| ૮૨. | મૃદુલા સારાભાઈ | ભાગલા વખતે સ્થળાંતરની જવાબદારી નિભાવનાર |
| ૮૩. | જામ રણજિતસિંહજી | ક્રિકેટના જાદુગર જેમના નામે રણજી ટ્રોફી |
| ૮૪. | ગુલઝારીલાલ નંદા | ભારત રત્ન અને બે વખત વડાપ્રધાન |
| ૮૫. | હોમાય વ્યારાવાલા | દેશના પહેલા મહિલા તસવીરકાર |
| ૮૬. | દશરથ પટેલ | નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઈનના સ્થાપક |
| ૮૭. | લેફ્ટનન્ટ જનરલ રાજેન્દ્રસિંહ | રજવાડાઓના વિલીનીકરણમાં ભૂમિકા ભજવનાર |
| ૮૮. | જહાંગીર રતનજી તાતા | ભારતના પહેલા વિમાની |
| ૮૯. | દરબાર ગોપાળદાસ | સ્વતંત્રતા સેનાની અને મોન્ટેસરી બાળ શિક્ષણ પદ્ધતિનો રાજ્યમાં પ્રારંભ કરાવનાર |
| ૯૦. | જસુભાઈ મોતીભાઈ પટેલ | ૧૯૫૯માં ઓસ્ટ્રેલિયા સામે ૧૪ વિકેટનો રેકોર્ડ ૨૭ વર્ષ રહ્યો |
| ૯૧. | અંજલિ રમેશભાઈ મોઢ | ભારત નાટ્યમને ગુજરાતમાં સૌપ્રથમ લોકભોગ્ય બનાવનાર |
| ૯૨. | કરુણાશંકર ભટ્ટ | શિક્ષક જેમને ગાંધીજીએ ગુજરાત રત્નનું બિરૂદ આપ્યું |
| ૯૩. | વિદ્યાગૌરી નીલકંઠ | સૌ પ્રથમ ગુજરાતીમાં બી.એ.ની ડિગ્રી મેળવી |
| ૯૪. | લીલાવતી મુન્શી | ૧૯૨૬માં કે. એમ. મુનશી સાથે પુનઃલગ્ન કરી રૂઢીઓને તોડી |
| ૯૫. | ઈન્દુમતીબેન શેઠ | ગુજરાત રાજયના પ્રથમ શિક્ષણમંત્રી |
| ૯૬. | બૈજુ બાવરા | મહાન સંગીતજ્ઞ |
| ૯૭. | ગૌરીશંકર ઓઝા | ભાવનગરને ધમધમતું કરનાર |
| ૯૮. | આદિત્યરામ વ્યાસ | બૈજુ બાવરા બાદ પહેલા ગુજરાતી સંગીતકારનું બિરૂદ |
| ૯૯. | પ્રભાશંકર સોમપુરા | સોમનાથ મંદિર પુનરોદ્ધારના મુખ્ય સ્થપતિ |
| ૧૦૦. | સર ચીમનલાલ સેતલવાડ | જલિયાંવાલા બાગ હત્યાકાંડ તપાસની હંટર સમિતિના સભ્ય |
| ૧૦૧. | વિનુ માંકડ | બોલીંગ કરતાં નોન સ્ટ્રાઈકર છેડે ક્રિઝ છોડનારને પહેલીવાર રનઆઉટ કરનાર |
| ૧૦૨. | સરદારસિંહ રાણા | પરદેશમાં રહીને દેશને આઝાદી અપાવવાનો યજ્ઞ |
| ૧૦૩. | ઝવેરચંદ મેઘાણી | રાષ્ટ્રીય શાયર |
| ૧૦૪. | કલ્યાણજી આણંદજી | ૨૫૦થી વધુ ફિલ્મોમાં સંગીત આપનાર બેલડી |
| ૧૦૫. | આશા પારેખ | સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટીફિકેશનના પ્રથમ મહિલા ચેરપર્સન |
| ૧૦૬. | પ્રમુખ સ્વામી | સ્વામિનારાયણ સંપ્રદાયના વડા |
| ૧૦૭. | કલાપી | રાજવી કવિ |
| ૧૦૮. | કનૈયાલાલ મુનશી | સોમનાથ મંદિરના જીર્ણોધ્ધારના પ્રણેતા |
| ૧૦૯. | રવિશંકર રાવળ | આધુનિક ગુજરાતના કલાગુરૂ |
| ૧૧૦. | દુલા ભાયા કાગ | કાગવાણીના રચયિતા |
| ૧૧૧. | હંસાબેન મહેતા | ભારતીય વિશ્વ મહાવિદ્યાલયના પ્રથમ મહિલા ઉપકુલપતિ |
| ૧૧૨. | ભીખાઈજી કામા | પરદેશની ભૂમિ પર સૌપ્રથમ રાષ્ટ્રધ્વજ ફરકાવનાર |
| ૧૧૩. | પ્રાણલાલ દેવકરણ નાનજી | દેના બેન્કના પ્રણેતા |

| | | |
|---|---|---|
| **૧૧૪.** | **નંદશંકર મહેતા** | પહેલી ગુજરાતી નવલકથા કરણ ઘેલોના લેખક |
| **૧૧૫.** | **ડૉ. વિક્રમ સારાભાઈ** | ઈસરો અને એવી વિજ્ઞાન સંસ્થાઓના સ્થાપક |
| **૧૧૬.** | **ડૉ. હોમી ભાભા** | ભારતમાં અણુશક્તિના પિતામહ |
| **૧૧૭.** | **ગિજુભાઈ બધેકા** | બાળકોની મૂછાળી મા |
| **૧૧૮.** | **સલીમ અલી** | ભારતના પ્રથમ ગુજરાતી પક્ષી વિશારદ |
| **૧૧૯.** | **ઉસ્તાદ ફૈયાઝખાં** | આફતાપ-એ-મૌસકીનો ખિતાબ મેળવનાર ગાયક |
| **૧૨૦.** | **જયશંકર સુંદરી** | જૂની રંગભૂમિમાં નારીપાત્ર ભજવતા કલાકાર |
| **૧૨૧.** | **રવિશંકર મહારાજ** | લોકસેવાનો પર્યાય મૂકસેવક |

## ગુજરાતમાં પ્રથમ....

**કુમુદબેન જોષી : પ્રથમ ગુજરાતી રાજયપાલ**

| | | |
|---|---|---|
| ૧. | ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી | **આનંદીબેન પટેલ** |
| ૨. | ગુજરાતના પ્રથમ મહિલા રાજ્યપાલ | **શારદા મુખરજી** |
| ૩. | પ્રથમ ગુજરાતી મહિલા રાજ્યપાલ | **કુમુદબેન જોશી (આંધ્રપ્રદેશ)** |
| ૪. | પ્રથમ સ્નાતક | **શારદાબેન મહેતા અને વિદ્યાગૌરી નીલકંઠ** |
| ૫. | યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ | **હંસાબેન મહેતા (MSU)** |
| ૬. | ગુજરાતના પ્રથમ મહિલા મંત્રી | **ઈન્દુમતીબેન શેઠ (શિક્ષણ વિભાગ)** |
| ૭. | ગુજરાત વિદ્યાપીઠના પ્રથમ મહિલા કુલપતિ | **સુશીલા નાયર** |
| ૮. | પ્રથમ રેમન મેગ્સેસ ઍવોર્ડ વિજેતા | **ઈલાબેન ભટ્ટ** |
| ૯. | પ્રથમ મેનેજિંગ ડિરેક્ટર | **સુમતિબેન મોરારજી (સિંધિયા નેવિગેશન કંપની)** |
| ૧૦. | રાજ્યના પ્રથમ IPS અને DGP | **ગીતા જૌહરી** |
| ૧૧. | વિદેશમાં પ્રથમ રાષ્ટ્રધ્વજ ફરકાવનાર | **મેડમ ભીખાઈજી કામા** |
| ૧૨. | પ્રથમ ફોર્મ્યુલા રેસર | **મીરાં ઈરડા (ભારતના પ્રથમ)** |
| ૧૩. | પ્રથમ અંગ્રેજી ચેનલ ક્રોસર | **વંદિતા ઘડિયાલ** |
| ૧૪. | પ્રથમ ફોટો જર્નાલિસ્ટ | **હોમાઈ વ્યારાવાલા** |

## આઈ. જી. પટેલ : આર.બી.આઈ.ના પ્રથમ ગુજરાતી ગવર્નર

| | | |
|---|---|---|
| ૧. | પ્રથમ ગુજરાતી વડાપ્રધાન | **મોરારજી દેસાઈ** |
| ૨. | પ્રથમ ગુજરાતી નાયબ વડાપ્રધાન | **સરદાર વલ્લભભાઈ પટેલ** |
| ૩. | લોકસભાના પ્રથમ ગુજરાતી સ્પીકર | **ગણેશ વાસુદેવ માવલંકર** |
| ૪. | સુપ્રીમ કોર્ટના પ્રથમ ગુજરાતી મુખ્ય ન્યાયાધીશ | **હરિલાલ કેનિયા** |
| ૫. | ભારત રત્ન મેળવનાર પ્રથમ ગુજરાતી | **સરદાર પટેલ, મોરારજી દેસાઈ** |
| ૬. | પ્રથમ ગુજરાતી આર્મિ ચીફ | **ફિલ્ડ માર્શલ જનરલ માણેક શૉ** |
| ૭. | પ્રથમ પાઈલોટ | **જહાંગીર રતનજી ટાટા (૧૯૩૨)** |
| ૮. | આર.બી.આઈ.ના પ્રથમ ગુજરાતી ગવર્નર | **આઈ. જી. પટેલ** |
| ૯. | પ્રથમ ગુજરાતી અખબાર શરૂ કરનાર | **ફરદુનજી મર્ઝબાન (મુંબઈ સમાચાર)** |

## પ્રતિષ્ઠિત સન્માન મેળવનાર પ્રથમ ગુજરાતી

| | | |
|---|---|---|
| ૧. | ભારતરત્ન મેળવનાર પ્રથમ ગુજરાતી | **સરદાર પટેલ, મોરારજી દેસાઈ** |
| ૨. | પદ્મવિભૂષણ મેળવનાર પ્રથમ ગુજરાતી | **ગગનવિહારી મહેતા (૧૯૯૯)** |
| ૩. | પદ્મભૂષણ મેળવનાર પ્રથમ ગુજરાતી | **વી. એલ. મહેતા (૧૯૫૪)** |
| ૪. | પદ્મશ્રી મેળવનાર પ્રથમ ગુજરાતી | **શ્રીમતી ભાગ મહેતા (૧૯૫૪)** |
| ૫. | પ્રથમ રણજિતરામ સુવર્ણચંદ્રક મેળવનાર | **ઝવેરચંદ મેઘાણી (૧૯૨૮)** |
| ૬. | પ્રથમ નર્મદ સુવર્ણચંદ્રક મેળવનાર | **જ્યોતિન્દ્ર દવે (૧૯૪૦)** |
| ૭. | પ્રથાન જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા | **ઉમાશંકર જોશી (૧૯૬૭)** |
| ૮. | પ્રથમ આદ્યકવિ નરસિંહ મહેતા પુરસ્કાર વિજેતા | **રાજેન્દ્ર શાહ (૧૯૯૯)** |
| ૯. | નિશાન-એ-પાક ઍવોર્ડ મેળવનાર પ્રથમ ગુજરાતી | **મોરારજી દેસાઈ** |
| ૧૦. | પ્રથમ સાહિત્ય રત્ન પુરસ્કાર વિજેતા | **ગુણવંત શાહ** |

## ક્યારે કોણ?..... ગુજરાતમાં પહેલીવાર

| | | |
|---|---|---|
| ૧. | પ્રથમ રાજધાની | **કુશ્ટાલી (દ્વારકા)** |
| ૨. | પ્રથમ લોકાયુક્ત | **ન્યાયમૂર્તિ ડી. એ. શુક્લ** |
| ૩. | પ્રથમ વિધાનસભાની શરૂઆત | **૧૮ ઓગસ્ટ, ૧૯૬૦** |
| ૪. | પ્રથમ મુખ્યમંત્રી | **ડૉ. જીવરાજ મહેતા** |
| ૫. | પ્રથમ રાજ્યપાલ | **મહેંદી નવાઝ જંગ** |
| ૬. | રાજ્યપાલ બનનાર પ્રથમ ગુજરાતી | **મંગળદાસ પરમાર (મ.પ્ર.)** |
| ૭. | પ્રથમ વિધાનસભાના અધ્યક્ષ | **કલ્યાણજી મહેતા** |
| ૮. | ભૂમિસેનાના પ્રથમ ગુજરાતી પ્રમુખ | **રાજેન્દ્રસિંહજી** |
| ૯. | વિધાનસભાના ઉપાધ્યક્ષ | **અંબાલાલ** |
| ૧૦. | પ્રથમ યોજાયેલી વિધાનસભાનું સ્થાન | **સિવિલ હૉસ્પિટલ (અમદાવાદ)** |
| ૧૧. | પ્રથમ આદિવાસી મુખ્યમંત્રી | **અમરસિંહ ચૌધરી** |
| ૧૨. | પ્રથમ બિન-કોંગ્રેસી મુખ્યમંત્રી | **બાબુભાઈ પટેલ** |
| ૧૩. | વિપક્ષના પ્રથમ નેતા | **નગીનદાસ ગાંધી** |

## ગુજરાતની પ્રથમ હાઈકોર્ટ નવરંગપુરામાં હતી

| | | |
|---|---|---|
| ૧. | પ્રથમ હાઈકોર્ટ | **નવરંગપુરા** |
| ૨. | પ્રથમ સચિવાલય | **પોલિટેકનિક કોલેજ, આંબાવાડી (અમદાવાદ)** |
| ૩. | પ્રથમ મંત્રીનું નિવાસ | **ડફનાળા (શાહીબાગ)** |
| ૪. | પ્રથમ રાજભવન | **શાહીબાગ** |
| ૫. | ગુજરાતમાં પ્રથમ જીપીએસ ઓફિસ | **શાહીબાગ** |
| ૬. | પ્રથમ મહિલા પોલીસ સ્ટેશન | **વસ્ત્રાપુર, અમદાવાદ** |
| ૭. | પ્રથમ નગરપાલિકા | **અમદાવાદ** |
| ૮. | પ્રથમ મહિલા ન્યાયિક સંઘ | **દહેગામ (ગાંધીનગર)** |

*(ક્રમશઃ)*

ચૂંટણી

# ઇવીએમ અને મતદારને લગાવવામાં આવતી શાહીનો ઇતિહાસ



ડૉ. મિહિર એમ. વોરા

લોકસભાની ચૂંટણી જાહેર થઈ છે ત્યારે આ લેખ મહત્ત્વનો છે. મતદારને લગાવવામાં આવતી શાહી ચામડીના નવા કોષો ન બને ત્યાં સુધી આંગળી પર યથાવત રહે છે. આ શાહીને એવીલોપ્ય કહેવાય છે. અંગ્રેજી નામ Indelible Ink છે. ભારતમાં માત્ર કર્ણાટકના મૈસુરની એક કંપની જ બનાવે છે. ૨૦૦૪માં મતદાન બાદ આંગળી પર ટપકુ મૂકવામાં આવતું હતું. પરંતુ ૨૦૦૬ બાદ લાંબી લાઈન ખેંચવામાં આવે છે. મતદાર એકવાર મતદાન કર્યા બાદ ફરીવાર મતદાન ન કરે તે માટે આ શાહી ખાસ ઓળખરૂપે લગાવવામાં આવે છે. મતદાન વખતે લેવામાં આવતી શાહી અન્ય શાહી કરતાં એક ખાસ પ્રકારની હોય છે. જે એકવાર ચામડીમાં લાગી ગયા બાદ સાબુ, ડિટર્જન્ટ કે કેમિકલથી દૂર થઈ શકતી નથી. જ્યાં સુધી નવી ચામડી ન આવે ત્યાં સુધી જતી નથી. કંપની દ્વારા બનાવવામાં આવતી આ શાહીનો ભારત ઉપરાંત તુર્કી, સાઉથ આફ્રિકા, નાઈજીરીયા, નેપાળ, ઘાના, માલદીવ, વેનેઝુએલા, ઈન્ડોનેશિયા, મલેશિયા ઉપરાંત ૩૦થી વધુ દેશોમાં ચૂંટણી વખતે ઉપયોગ કરાય છે.

૨૦૦૪ સુધીમાં આંગળી પર ટપકુ કરાતું હતું. જે તે સમયે થયેલા વિવાદ બાદ ૨૦૦૬થી ચૂંટણી પંચ દ્વારા આંગળી પર લાંબી લાઈન ખેંચવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. આ શાહી સમગ્ર દેશમાં માત્ર એક કંપની બનાવે છે. કર્ણાટકના મૈસુર જિલ્લામાં આવેલા મૈસુર પેઈન્ટ એન્ડ વારનીસ લિ. દ્વારા કેન્દ્ર, ચૂંટણી પંચ, નેશનલ ફિઝીકલ લેબોરેટરી અને નેશનલ રીસર્ચ ડેવલોપમેન્ટ કોર્પોરેશનના સહયોગથી બનાવવામાં આવે છે.

આ શાહી બનાવવામાં સિલ્વર નાઈટ્રેટ નામનો પદાર્થ વાપરવામાં આવે છે. આ પદાર્થ અલ્ટ્રાવાયોલેટ પ્રકાશમાં આવતાં ચામડીમાં લાગી જાય છે. જે લાંબા સમય સુધી રહે છે. ભારતમાં કેન્દ્રિય ચૂંટણી આયોગ દ્વારા ૧૯૬૨થી મતદાન સમયે પ્રથમવાર શાહીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જે બાદ અલગ અલગ ગ્રામ પંચાયતથી લઈ લોકસભા ચૂંટણીમાં તેનો ઉપયોગ થાય છે. માત્ર ૫ ml ની માર્કર પેન ૬૦૦ લોકોને શાહી લગાવવા પૂરતી છે.

વોટ આપવા માટે જે મશીનનો ઉપયોગ થાય છે, તેને ઈવીએમ (ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન) કહેવાય છે. આ મશીન પર જ ગણતરી કર્યા બાદ ઉમેદવારની હારજીત નક્કી થાય છે. ચૂંટણી આવતા જ ઈવીએમ ચર્ચામાં આવે છે. તેમાં ગરબડી, ખામીના પ્રશ્નો ઉદ્‌ભવે છે. ત્યારે ઈવીએમ શું છે, તે કેવી રીતે કામ કરે છે અને પહેલીવાર તેનો ઉપયોગ ક્યારે થયો હતો તે જાણીએ.

દેશના દરેક નાગરિક માટે વોટ આપવો બહુ જ મહત્ત્વપૂર્ણ છે. વોટ આપવા માટે વ્યક્તિ પાસે વોટર આઈ.ડી. હોવું જરૂરી છે. સાથે જ વ્યક્તિનું નામ વોટર લીસ્ટમાં સામેલ હોવું જરૂરી છે. EVM માં બે ભાગ હોય છે. એકના માધ્યમથી વોટ નોંધાય છે અને બીજાથી તેને નિયંત્રિત કરવામાં આવે છે. જેને કન્ટ્રોલ યુનિટ કહેવાય છે. નિયંત્રણ મશીન મતદાન અધિકારી પાસે હોય છે. તો મતદાનનું મશીન મતદાન રૂપની અંદર રાખવામાં આવે છે.

EVM ની વિશ્વસનીયતા કાયમ રાખવા માટે VVPAT એટલે કે વોટર વેરીફાએબલ પેપર ઓડિટ ટ્રેલ (Voter Verifiable Paper Audit Trail) મશીનની મદદ લેવામાં આવે છે. VVPAT નો ઉપયોગ EVM પર ઉઠાવાયેલા સવાલો બાદ જ શરૂ થયું. સૌથી પહેલાં VVPAT નો ઉપયોગ નાગાલેન્ડના ઈલેક્શનમાં ૨૦૧૩માં થયો હતો.

જેના બાદ સુપ્રીમ કોર્ટે VVPAT મશીન બનાવવા અને તેના માટે રૂપિયા ફાળવવા કેન્દ્ર સરકારને આદેશ આપ્યા હતા. વર્ષ ૨૦૧૪માં કેટલીક જગ્યાઓ પર VVPAT નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ૨૦૧૪ના લોકસભા ઈલેક્શનમાં વીવીપેટનો ઉપયોગ લખનઉ, બેંગ્લોર દક્ષિણ, ગાંધીનગર, ચેન્નાઈ સેન્ટ્રલ, જાદવપુર, રાયપુર, પટના સાહિબ અને મિઝોરમના ચૂંટણી વિસ્તારોમાં કરાયો હતો.

ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડે વર્ષ ૨૦૧૬માં ૩૩,૫૦૦ વીવીપેટ મશીન બનાવ્યા હતા. વર્ષ ૨૦૧૭માં થયેલા પાંચ રાજ્યોના વિધાનસભા ઈલેક્શનમાં આયોગે ૫૨,૦૦૦

(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૯ ઉપર)

વિવિધતા

# જીવન વૈભવ સમજાવતા પ્રશ્નો

લેખાંક-૨



દૃષ્ટિ મહેતા



યેશા મહેતા

*'મંગલ મંદિર'ના એપ્રિલ-૨૦૨૪ના અંકથી દૃષ્ટિ મહેતા અને યેશા મહેતા દ્વારા શરૂ કરવામાં આવેલ "જીવન વૈભવ સમજાવતા પ્રશ્નો"ની લેખમાળા શરૂ કરવામાં આવેલ છે. અત્રે આ લેખમાળાનો લેખાંક-૨ આપશ્રી સમક્ષ રજૂ કરવામાં આવે છે.*

***– તંત્રી મંડળ***

જીવનમાં સત્ત્વશીલ અને સત્કાર્યોની શરૂઆત પ્રાર્થના દ્વારા કરવામાં આવે છે. આથી અમે પણ આવી પ્રાર્થનાનું જીવનમાં મહત્ત્વ સમજાવી જીવનનાં વિવિધ રંગોને આપની સમક્ષ રજૂ કરીશું.

***<u>પ્રશ્ન</u> : તમને ગમતી અને સ્પર્શતી કોઈ પણ બે પ્રાર્થનાના બે-બે પદ લખો અને પછી તે પ્રાર્થના માટે લખાયેલું એક સુંદર અવતરણ લખો.***

કોઈ માંગણી, ભજન કે ચોક્કસ શબ્દોનું ઉચ્ચારણ – એટલે શું પ્રાર્થના?

કોઈક ખાસ સ્થળે, ખાસ મુદ્રામાં બેસીને કરવામાં આવતી કોઈક વિધિ એટલે શું પ્રાર્થના?

ના! મારા મતે પ્રાર્થના એટલે ઠાલા શબ્દોનું રણ નહીં, પરમાત્માનું ચિંતન. 'જ્યાં હોઠ મૂક હોય ને દિલને વાચા ફૂટી હોય તે શબ્દરહિત ભાવ એટલે પ્રાર્થના.'

ઈશ્વરની મૂર્તિ જ્યારે અસ્તિત્વમાં આવી તે પહેલા આપણા પૂર્વજો કુદરતની અપાર લીલાનું અહોભાવની લાગણીથી મનન કરતા હતા. તેવા આ વિશાળ બ્રહ્માંડના રચયિતા, આપણા સર્જનહાર, પરમતત્ત્વ અને સર્વશક્તિમાન ઈશ્વરની કૃપા વરસી રહે તેવી એક પ્રાર્થના – ***"तेरी है जमीन, तेरा आसमान"*** મને અત્યંત સ્પર્શે છે.

***"तेरी है जमीन, तेरा आसमान,***<br>
***तुं बडा महेरबान तुं बक्सीस कर ।***<br>
***सभी का है तू, सभी तेरे,***<br>
***खुदा मेरे तुं बक्सीस कर ॥"***

તો બસ! આવા જ આપણા 'સર્જનહાર' આપણા 'તારણહાર' બને તે ભાવનું રટણ, એ છે – 'પ્રાર્થના.'

ઉપર્યુક્ત પ્રાર્થનામાં આપણા સર્જનહારે સમગ્ર બ્રહ્માંડનું સર્જન કર્યું છે. તેમને આપણા અસ્તિત્વ ટકાવી રાખવા માટેની અરજ કરેલે છે. તો બીજી એક પ્રાર્થના – કે અતિસૂક્ષ્મ કાળજીપૂર્વક સર્જાયેલું મારું આ શરીર, મારું આ જીવન હું કોઈને ઉપયોગી બનાવું અને મારું આ જીવન સુગંધી બને તેવી પ્રભુ પાસે મારા આ દિલનાં અરમાનને વર્ણવતી પ્રાર્થના : "એક જ છે અરમાન, મારું જીવન સુગંધી બને"ના પદનો ઉલ્લેખ કરું છું.

***"એક જ છે અરમાન મને, મારું જીવન સુગંધી બને***<br>
***ફૂલડું બનું કે ભલે ધૂપસળી થાઉં, આશા છે સામગ્રી પૂજાની થાઉં.***<br>
***ભલે આ કાયા રાખ થઈ શમે, મારું જીવન સુગંધી બને...!"***

આમ, ઈશ્વરે આપેલ દરેક વસ્તુ, દરેક ક્ષણ, દરેક પળ, દરેક પરિસ્થિતિને સહજતાથી સ્વિકારીને પ્રાર્થનામાં એટલું જ માંગીએ કે – "હે ઈશ્વર! જે ઉદ્દેશથી તમે મને મોકલી / મોકલ્યો છે, હું તેમાં ખરી / ખરો ઉતરું."

કારણકે – પ્રાર્થનાને પાંખો હોય છે... તે ઈશ્વર પાસે તો પહોંચશે જ. પરંતુ તે પ્રાર્થનાની તાકાત 'ચકલી' જેવી બનાવવી કે 'ગરૂડ' જેવી તે આપણા ઉપર છે.

આમ, ખરા અર્થમાં – "મંદિરના દરવાજાની બહાર પગરખા સાથે અભરખા ઉતારીને અંદર જઈને જગતના દરેક વ્યક્તિને ખપ પૂરતું મળે તેવી અર્ચના એટલે પ્રાર્થના."

મહાત્મા ગાંધીજીએ તેમનાં જીવન ચરિત્રમાં કહ્યું છે કે – "જ્યારે આપણે બધી આશા છોડીને બેસીએ છીએ, જ્યારે આપણા બંને હાથ સ્થિર થઈ જાય છે, ત્યારે ક્યાંકથી મદદ આવી પહોંચે છે. સ્તુતિ, પૂજા, પ્રાર્થના એ કોઈ ભ્રમણા નથી પરંતુ આપણા ખાવા-પીવા, ચાલવા-બેસવા કરતાં પણ વધુ

સત્ય છે. આ સત્ય છે અને બાકી બધું અસત્ય છે તેમ કહેવામાં અતિશયોક્તિ નથી. આવી ઉપાસના, આવી પ્રાર્થના એ કેવળ વાણીવિલાસ નહીં, તેનું મૂળ 'અવાજ' નહીં પણ 'હૃદય' છે.

આધ્યાત્મિક કવિવર શ્રી રવિન્દ્રનાથ ટાગોરે કહ્યું છે કે, "હું સંકટોથી બચવા નહીં, પરંતુ સંકટોનો સામનો નિર્ભયતાથી કરી શકું એટલા માટે પ્રાર્થના કરું છું." અર્થાત્ પ્રાર્થના એટલે પલાયનવાદ માટે નહીં, પરંતુ બહાદુરી અને હિંમત મેળવવા માટે થતી ભાવના છે.

ખરા અર્થમાં, પ્રાર્થનાનું સાધ્ય માત્ર દિવ્ય સાથેનું ઐક્ય હોય અને એવું ઐક્ય જે ઊર્ધ્વમાંથી શક્તિ અને કૃપા પ્રાપ્તિનો સ્રોત બની રહે. અને જ્યારે તેવું બને ત્યારે શક્તિના અંતરતળમાંથી પરમાત્મા સાથે નીરવ વાર્તાલાપ સર્જાય, એક ભાવનાત્મક સંવાદ સધાય અને તે વ્યક્તિને નિમ્નમાંથી ઉર્ધ્વ તરફ જવાનું પ્રતિબળ મળી રહે અને મનમાં પ્રત્યેક તારને જોડીને, પરમ સાથેનું સરસંધાન કરાવે, તે છે પ્રાર્થના.

- **જીવનશીખ :**

***સમુદ્રની જળરાશિમાંથી છૂટા પડેલા બિંદુ સમાન એવો મારો આ જીવ 'સ્વ'ને ત્યાગી 'પર'ની ભાવનાને સ્વીકૃત કરી પાછો તે જળરાશિમાં એકરૂપ થાય તેવું વલણ કેળવાય, ત્યારે આ જીવનની સાર્થકતા ગણી શકાય.***

*૨૦૪, કળશ (સી.એન.) કો.ઓ. હાઉ. સોસાયટી,*
*સી. એન. વિદ્યાલય ગેટ નં.-૧ની સામે,*
*આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬.*
*સંપર્ક : ૯૯૭૪૩ ૭૯૮૫૮*

## ઇવીએમ અને મતદારને લગાવવામાં આવતી શાહીનો ઇતિહાસ

**(અનુસંધાન : પાના નં. – ૧૭ ઉપરથી ચાલુ)**

VVPAT નો ઉપયોગ કર્યો હતો. VVPAT એટલે કે વોટર વેરીફાએબલ પેપર ઓડિટ ટ્રેલ મશીનને ઈવીએમની સાથે જોડી દેવામાં આવે છે. મતદાતા EVM પર પોતાના પસંદગીના ઉમેદવારના નામની સામેવાળા બ્લ્યુ કલરના બટનને દબાવ્યા બાદ VVPAT પર વિઝ્યુઅલી સાત સેકન્ડ સુધી જોઈ શકાય છે કે તેણે વોટ કોને આપ્યો છે. એટલે કે તેનો વોટ તેના બટન દબાવ્યા અનુસાર પડ્યો છે કે નહીં.

મતદાતા જે વિઝ્યુઅલને જુએ છે, તેની જ ચિઠ્ઠી બનીને એક સીલબંધ બોક્સમાં પડે છે, જે મતદાતાને આપવામાં નથી આવતી. આ ચિઠ્ઠી પર એ ઉમેદવારનું નામ, ચૂંટણી ચિહ્ન અને પાર્ટીનું નામ હોય છે, જેને મતદાતા ઈવીએમ પર વોટ આપે છે. આવામાં જો મતદાન કેન્દ્ર પર ઈવીએમની સાથે વીવીપેટ છે, તો તમે વોટ આપ્યા બાદ વીવીપેટ પર જોઈ શકો છો.

જો કોઈ અધિકારી કે મતદાર ઈવીએમ સાથે ચેડાં કરવાનો પ્રયત્ન કરશે તો તે આપોઆપ બંધ થઈ જશે. અને તે અંગે મુખ્ય ચૂંટણી અધિકારીને ખબર પડી જશે. જો કે ા નવી ટેકનોલોજીને કારણે ચૂંટણીની ફરજો બજાવતા સરકારી કર્મચારીઓની જવાબદારી વધી જશે.

*સંદર્ભ : વિકીપીડિયા, ગુજરાતી વિકીપીડિયા, વિવિધ અખબારી અહેવાલો.*

*"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ,*
*વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. ● મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫*

## પ્રેરણાત્મક પ્રસંગો : મણકો-૭ અને ૮

**(અનુસંધાન : પાના નં. – ૬ ઉપરથી ચાલુ)**

કર્યું. જો પ્લેઇન ટેઇક ઑફ થયું હોત તો અંદર રહેલા ૩૮૦ જણાના જીવ સંપૂર્ણપણે જોખમમાં આવ્યા હોત.

૨. તે ટેરરીસ્ટની ખૂબ જ નજીક રહી ઈમરજન્સી ડોર ખોલવામાં સફળ રહી. આ ડોર ખોલી સૌથી પહેલા તે બહાર ભાગી શકતી હતી. પણ તેણે વૃદ્ધો અને બાળકોને બહાર કાઢવાની કોશિશ કરી. ગુસ્સે થયેલા ટેરરીસ્ટોને લાગ્યું કે હવે ગમે ત્યારે કમાન્ડો એટેક થઈ શકે છે. આથી તેમણે નિરજાની પોની પકડી તેને પોઈન્ટ બ્લેન્ક ગોળી મારી ઠાર કરી. તેના શરીરમાં ગોળી ગયા પછી પણ તેણે અન્ય મુસાફરોને મદદ કરવાના પ્રયત્ન ચાલુ રાખ્યા હતા.

૩. ફલાઇટમાં હાજર મુસાફર કિશોર મૂર્તિના કહેવા મુજબ ખૂબ જ ગંભીર અને જોખમવાળા સમયે પણ તેના મુખ પર હાસ્ય જ હતું. આ સ્માઈલ જોઈ અન્ય મુસાફરો હળવા જ રહ્યા. તેમને લાગ્યું કે ટેરરીસ્ટો સમાધાન કરી લેશે. મુસાફરો સ્ટ્રેસમાં ના રહે એ માટે બધું જ સ્ટ્રેસ પોતાના પર લઈ તે હસતી જ રહી. પ્લેનમાં આતંકવાદીઓનો હિંમતપૂર્વક સામનો કરી **૩૬૦ જેટલા મુસાફરોને એરહોસ્ટેસ નિરજા ભનોતે બચાવ્યા હતા.** કુલ ૨૦ જણાના જાન ગયા હતા.

૦૭-૦૯-૧૯૮૬ તારીખે તેના જન્મ દિવસે નિરજા નહીં પણ તેનું કોફીન લેવા તેના માતા-પિતા મુંબઈ ઍરપોર્ટ પર આવ્યા. **તેના પિતા કોફીન પાસે જઈ બોલ્યા, 'હેપ્પી બર્થ ડે – લાડો'** ત્યારે એરપોર્ટ પર હાજર બધાની આંખો ભીની હતી. **નિરજાને દેશનો સર્વોચ્ચ નાગરિક એવોર્ડ 'અશોક ચક્ર' મળ્યો. નિરજા આ સન્માન મેળવનારી દેશની પહેલી સામાન્ય નાગરિક હતી.** ■



વિશિષ્ટ વ્યક્તિ

# અંબેધામ (ગોધરા)ના સ્વપ્નદૃષ્ટા : "શાંતિભા"



વસંત ઉમરશી મારૂ

શ્રદ્ધા, ભવ્યતા અને કલાનું સંગમ થયું હોય એવું મંદિર એટલે કચ્છના ગોધરા ગામનું "અંબેધામ." માત્ર કચ્છથી જ નહીં હવે સમગ્ર ભારતથી યાત્રાળુઓ અંબેધામના દર્શન માટે આવે છે. અંદાજે પચ્ચીસેક એકરમાં ફેલાયેલા આ શ્રદ્ધાધામના સ્વપ્નદૃષ્ટા શાંતિભાઈ ખેતશી નાગડા અંબેમાના પરમ ભક્ત હતા. માત્ર જૈન જ નહીં, મુસ્લિમ બિરાદરોના મિત્ર અને હિંદુ ભાઈઓના સાથીદાર હતા. સર્વધર્મ સમભાવના સુત્રને સાર્થક કરનાર શાંતિભાએ શૂન્યમાંથી સર્જન કરી પોતાના પુરૂષાર્થનો પુરાવો આપ્યો છે. જયારે મર્સિડીઝમાં ફરવાની ત્રેવડ હતી ત્યારે પણ પગે કે ટેક્સીમાં પ્રવાસ કરતા. ગરીબ-ગુરબાઓને મદદ કરતા, ગાયોને ચારો, પક્ષીઓને ચણ નાંખી રોજ જીવદયા ધર્મ પાળતા આ મહામાનવના મોટાભાઈ જયંતીભાઈ આજે પણ પગમાં ચપ્પલ નથી પહેરતા અને નાનાભાઈ વસંતભાઈ રોજ ગાયોને ચારો નાખી જીવદયા ધર્મ પાળતા મેં જોયા છે. માનવધર્મને ઉજાગર કરતી આ બંધુ ત્રિપુટીને મળવાનું સદ્‌ભાગ્ય આ લખનારને અનેકવાર મળ્યું છે.

શાંતિભાના પિતા ખેતશીબાપા ગોધરા ગામમાં ડૉક્ટરના સહાયક તરીકે કાર્ય કરતા. માતા રતનબા ગૃહિણી હતા. રમવાની ઉંમરે શાંતિભા અંબેમાની માટીની મૂર્તિ બનાવી સેવા કરવાની ચેષ્ટાઓ કરતા. એ સમયે કચ્છના ગામડાંઓમાં નવરાત્રીની ગરબી વખતે ગામના કલાકારો દ્વારા નાટકો ભજવાતા. એ સમયે ટી.વી. ન હતું એટલે ગામના લોકો મનોરંજન માટે નવરાત્રીમાં આ નાટકો જોતા. આ નાટકોમાં સંસ્કાર અને સંસ્કૃતિનો પ્રચાર થતો. બાળ કલાકાર શાંતિભાઈ આવા નાટકોમાં ભાગ લેતા. ક્યારેક ક્યારેક નવરાત્રીમાં ગીતો, છંદ, દુહા ગાતા. આ રીતે મા અંબામાની આરાધના કરતા કરતા અંબેમાનું મંદિર બાંધવાનું સ્વપ્ન બંધાયું ત્યારે એમને ક્યાં ખબર હતી કે આ સ્વપ્ન સમા અંબેધામ મંદિર હકીકત બનશે ત્યારે આખા કચ્છનું મોરપીંછ બની જશે!

શાંતિભા ગોધરામાં દસમું ધોરણ પાસ કરી મુંબઈ આવી માટુંગા વિસ્તારમાં નોકરીએ લાગ્યા. ડીલાઈલ રોડ પર એક ચાલીમાં રહેતા. ત્યાં એમની અંદરનો માતાભક્ત જીવ જંપવા નો'તો દેતો. એટલે ડીલાઈલ રોડની પ્રખ્યાત નવરાત્રીની શરૂઆત કરી. એ નવરાત્રોત્સવમાં ગાયક તરીકે શાંતિભા દુહા, છંદ, ગીતો ગાઈને માતાજીની આરાધના કરતા.

સમય જતા શાંતિભા માત્ર ૮૦૦ રૂપિયાની મૂડીથી મદનપુરા (બોમ્બે સેન્ટ્રલ) વિસ્તારમાં પર્સ અને ટ્રાવેલબેગ બનાવવાનો વ્યવસાય શરૂ કર્યો. મુંબઈના દૂર દૂરના વિસ્તારો સુધી સાઈકલ પર જઈ પર્સનું વેચાણ દુકાનોમાં કરતા. મૂળ કલાનો જીવ હોવાથી કલાત્મક અને ફેન્સી પર્સ અને બેગ બનાવવામાં નામના મેળવવા લાગ્યા. પર્સ અને બેગ બનાવવા અંદાજે સવાસો મુસ્લિમ કારીગરોની ફોજ એમની હતી. શાંતિભાની ઉદારતા અને માનવીય વ્યવહારને કારણે એકે એક કારીગરને પોતાના ભાઈ જેવા લાગતા. નાના મોટા દરેક કારીગરને પોતીકો બનાવી દીધો. આ કારીગરોના લગ્ન, માંદગી કે બીજા પ્રસંગોએ દિલથી આર્થિક સહાય કરતા. કહેવાય છે કે શાંતિભા પાસેથી કમાવીને આ કારીગરોએ આજે યુ.પી.માં બંગલા બાંધી લીધા છે. ૧૯૯૩ના તોફાનોમાં મદનપુરા વિસ્તારમાં અનેક દુકાનો લૂંટાઈ હતી, બાળવામાં આવી હતી. દુકાનદારો પર હુમલા કરવામાં આવ્યા હતા. પણ શાંતિભાનું રક્ષણ કરવા ખુદ મુસ્લિમ બિરાદરો ઊભા રહી કપરા સમયને સાચવી, શાંતિભા કે એમના વ્યવસાયને ઊની આંચ આવવા ન દીધી.

આ કચ્છીમાડુ મુંબઈમાં જેમ મુસ્લિમ બિરાદરોમાં લોકપ્રિય હતા તેમ ગોધરા ગામમાં બધી કોમોમાં લોકપ્રિય હતા. કોઈપણ જ્ઞાતિનું કાર્ય હોય, શાંતિભા અચૂક ઉદારદિલે અનુદાન આપી પોતાની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી દીધી. પર્સ બનાવનાર વેપારીઓમાં શાંતિભા સૌને વહાલા હતા કારણકે માલ સપ્લાયર્સથી લઈને ભારતભરના રીટેલર દુકાનદારો કે કારીગરોનો ખરાબ સમય સાચવી લેવામાં હંમેશાં માનવીય પહેલ કરતા રહ્યા હતા.

અંદાજે ત્રણેક દાયકા પહેલાં એમના મનમાં ઉછરતા અંબેમાના મંદિરનું સ્વપ્ન સાકાર કરવા કમર કસી. એમના ભાઈ જયંતીભાઈ, પરમમિત્ર ભગવાનજીભાઈ ઝાલા અને

અન્ય ગૃહસ્થોનો સાથ સાંપડ્યો. આવા દૈવીધામ બાંધવા પોતાના સંકલ્પની સાથે સાથે પૂર્વકર્મો અને કૌટુંબિક સંસ્કાર વારસોએ બહુ મોટો ભાગ ભજવ્યો. પરિણામે શરૂ થઈ શ્રદ્ધાની યાત્રા! પોતાની સ્વ-બચતમાંથી એકત્રીસ વર્ષ પહેલાં ચારણ માતાજી પૂજ્ય હાંસબાઈ મા અને ગઢશીશાના પૂજ્ય ચંદુમાના હસ્તે મંદિરની પાયાવિધિ થઈ. શાંતિભા કલાકાર જીવ હતા એટલે મંદિરને કલાત્મક અને ભવ્ય બનાવ્યું અને સમય સમયના અંતરે એમાં એક પછી એક સ્થાપત્યો ઉમેરતા ગયા. પરિણામે ગોધરા ગામને યાત્રાધામના નકશા પર સ્થાન મળ્યું.

મંદિર નિર્માણના અમુક વર્ષ પછી છેક કલકત્તાથી કારીગરોને કચ્છ બોલાવી પ્રેરણાધામ સર્વધર્મ સમભાવનું નિર્માણ કરાવ્યું. આજે પણ પ્રેરણાધામની બારીક કલાત્મક કારીગરી જોઈ ભાવવિભોર થઈ જવાય છે. આ કલાત્મક પ્રદર્શનીમાં વિશ્વના અલગ અલગ ધર્મની ફિલોસોફી સામાન્યમાં સામાન્ય માનવીને મળી રહે એવું આયોજન થયું છે. એમાં ઉમેરાયો છે લાઈટીંગનો કસબ.

સમય જતાં શાંતિભા અને સાથીદારોએ જોયું કે મોટી ઉંમરના વડીલો અને મધ્યમવર્ગીય લોકો વૈષ્ણોદેવી સુધી યાત્રા કરવા જવા સમર્થ નથી હોતા. તો એમને અંબેધામમાં જ વૈષ્ણોદેવીની યાત્રાનો સંતોષ મળે માટે "વૈષ્ણોદેવી" પ્રકલ્પ બાંધ્યું. એક પ્રતીકાત્મક ડુંગરની ગુફાઓમાંથી પસાર થઈ, વહેતા ઝરણાઓને પાર કરતાં કરતાં, સાંકડી જગ્યામાંથી પસાર થતાં થતાં છેવટે ડુંગરની ટોચ પર શ્રદ્ધાળુઓ પહોંચે ત્યારે વૈષ્ણોદેવીની દિવ્યયાત્રા પૂરી કરવાનો સંતોષ મળે છે. ધર્મ અને આધ્યાત્મિક્તાના સમન્વય સમા આ પ્રકલ્પ સૌને સ્પર્શી જાય છે.

ફરી થોડો સમય વિત્યો અને ટ્રસ્ટે અન્નક્ષેત્ર શરૂ કર્યું. અંબેધામ, વૈષ્ણોદેવી, સર્વધર્મ સમભાવની યાત્રાએ આવતા યાત્રિકોને બે ટાઈમ ગરમાગરમ ભોજન વિનામૂલ્યે મળી રહે એવી વ્યવસ્થા આ અન્નક્ષેત્રમાં કરવામાં આવી છે. અત્યારે એવરેજ પાંચસો યાત્રિકો પ્રતિદિન આ અન્નક્ષેત્રનો લાભ લઈ રહ્યા છે.

જૈન અને હિંદુ ધર્મમાં જીવદયા અને ગૌસેવા અનિવાર્ય અંગ છે. શાંતિભાએ એ માટે અંબેધામ પરિસરમાં જ એક નાનકડી ગૌશાળા શરૂ કરી. આ ગૌશાળા શાંતિભાના મનમાં આકાર પામી એમાં ઈશ્વરનો કોઈ સંકેત હશે કારણકે સ્વયં ગોધરાગામ વર્ષો પહેલા ગાયોના ગામ તરીકે પ્રસિદ્ધ હતું. "ગૌ ધરા" એટલે કે ગાયોની ધરાનું અપભ્રંશ થઈ ગોધરા શબ્દ બન્યો. ગોધરાની ધરતી ગાયો માટે બહુ અનુકૂળ હતી. ખારોડ નદીના કિનારે વસેલા આ ગામમાં બારેમાસ પાણીની રેલમછેલ હતી. બારેમાસ ખરોડ નદી પાણીથી ભરેલી રહેતી હોવાથી ગાયોના ચારા-પાણી માટે આ ધરતી અનુકૂળ હતી. એટલે પુષ્કળ ગાયો અહીં હતી અને 'ગૌ' ગાયોની ધરા એટલે કે ગોધરા નામ પડ્યું હોવાથી પ્રતીકાત્મક રીતે પણ ગૌશાળા અનિવાર્ય હતી. એટલું જ નહીં વર્ષો પહેલા પુષ્કળ પાણીને કારણે શાકભાજી, ચીભડા ઈત્યાદિ પુષ્કળ પાકતા. એટલે પટણીભાઈઓ (દાતણીયા તરીકે ઓળખાતા) એનું વિતરણ આજુબાજુના ગામોમાં કરતા.

ગૌશાળા શરૂ થયા બાદ થોડા સમય પછી શાંતિભાએ 'પ્રાચીન અર્વાચીન યુગ'નો મ્યુઝીયમ અહીં શરૂ કર્યો. જે જોવાથી યાત્રિકોને પ્રાચીન અને અર્વાચીન (મોડર્ન) સમાજની રહેણીકરણી, ખાણીપીણી, સંસ્કૃતિ, રીતરિવાજનો ખ્યાલ આવે છે. અંબેધામમાં જે સેનેટોરીયમ બંધાઈ છે ત્યાં એક સાથે એક હજાર યાત્રિકો રહીને રાત્રી રોકાણ કરી શકે એટલી મોટી છે. ગુજરાત અને બહારથી અંબેધામના પ્રવાસે આવતા શાળાના બાળકો માટે આધુનિક સેનેટોરીયમ બહુ ઉપયોગી છે, તો પાટોત્સવ વખતે પધારતા મહેમાનો પણ સારો એવો લાભ લે છે.

શાંતિભા અંબેધામમાં વર્ષમાં બે વાર બહુ સરસ ઉત્સવોનું આયોજન કરતા. જેમાં એક હતું પ્રાચીન રીતે ઉજવાતી નવરાત્રી કે જેમાં ભાગ લેવા નાના-મોટા સૌ થનગનતા રહેતા. ઘટ સ્થાપનથી લઈ પૂજાપાઠ, યજ્ઞ અને મોડી રાત્રી સુધી ખેલાતી ગરબી એનું મુખ્ય આકર્ષણ! બીજો પ્રસંગ એટલે મંદિરનો 'પાટોત્સવ.' શાંતિભા કલારસિક હોવાથી પાટોત્સવમાં ભારતના નામી કલાકારોને બોલાવી, સંસ્કાર, સંસ્કૃતિ અને કચ્છી ભાષાનો જાણે ઉત્સવ ઉજવતા. હજારો લોકોને એનો આસ્વાદ કરાવતા. દરેક વર્ષે પાટોત્સવ પ્રસંગે નારાયણ સ્વામીની સંતવાણીથી માંડી ભીખુદાન ગઢવીનો ડાયરો, શાહબુદ્દીન રાઠોડથી માંડી સાંઈરામ દવે સુધીના હાસ્ય કલાકારો, જાદુગર ટાયફુન (ઓસ્ટ્રેલિયન)થી માંડી જુનિયર કે.લાલ અને માઈન્ડ મેજીશિયન ભૂપેશ દવે અહીં આવીને કલાનો કસબ બતાવી ચૂક્યા છે. પાટોત્સવમાં કચ્છ યુવક સંઘના કચ્છી નાટકો વર્ષોથી અહીં ભજવાય છે અને આજુબાજુના અનેક ગામડાંઓમાં પ્રેક્ષકો એનો લાભ લે છે. નવરાત્રી અને પાટોત્સવમાં હાજર રહેવા ભારતભરના લોકો પધારે છે. આમ શાંતિભાએ અંબેધામના અનેક પ્રકલ્પોને સાકાર કર્યા છે એમાં સૌથી મોટો સાથ એમના પત્ની મંજુલાબેન તથા ભાઈઓ જયંતીભાઈ, વસંતભાઈ, પુત્ર અને પુત્રવધૂ વિપુલ અને અલ્પા તથા એમના અંતેવાસી ભગવાનજીભાઈ ઝાલા, ગોસરસાહેબ અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ નીલેશભાઈ સાલીયા સામેલ છે.


**(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૩ ઉપર)**

વ્યક્તિ વિશેષ

વ્યક્તિ વિશેષ :

# શ્રી નરેન્દ્ર રોય વેલજી શાહ (ધરમશી)

શ્રી શેખર




**શ્રી નરેન્દ્ર રોય વેલજી ધરમશી**
**(સાંધાણ – કચ્છ)**

શ્રી નરેન્દ્ર રોય વેલજી ધરમશી (શાહ) મૂળ અબડાસા તાલુકાના સાંધાણ ગામના વતની. પરંતુ તેમનો જન્મ મહારાષ્ટ્રના કુકરવાડી ગામમાં થયેલ કેમકે તેમના નાનાશ્રી નથ્થુ જેતશી કુરપાર નાગડાનો વસવાટ કુકરવાડી ખાતે રહેવા પામેલ હતો. તેમના નાનાશ્રી મૂળ કચ્છ નલીયાના વતની હતા.

શ્રી નરેન્દ્ર રોયના પિતાશ્રી વેલજી પૂંજા પરબતનું રહેઠાણ કરાંચી (હાલે પાકિસ્તાન) ખાતે હોવાથી તેઓ ત્યાં વોલેસ ફલોર મિલમાં મેનેજર તરીકે પોતાની ફરજ બજાવતા હતા. તેથી નરેન્દ્ર રોયનું બાળપણ કરાંચીમાં વિત્યું. તેઓએ એચ.બી. કારીયા સ્કૂલમાં પોતાના સ્કુલ જીવનનો અભ્યાસ પૂર્ણ કરેલ હતો. ત્યારબાદ તેઓ કોલ્હાપુર આવ્યા અને અહીં કોલેજ જીવનનો અભ્યાસ પૂર્ણ કરેલ.

ત્યારબાદ તેઓશ્રીએ મુંબઈ આવી અહીંની વડી અદાલતમાં સ્વ. જિન્હા વકીલ સાથે અને પોતાની જ્ઞાતિના સ્વ. શ્રી મેઘજી કરમશી વકીલ સાથે વકિલાત શરૂ કરેલ હતી. પરંતુ મુંબઈનું હવામાન તેઓને માફક ન આવતાં, પિતાશ્રીના આગ્રહથી ગદગ ખાતે રૂ ના વેપારમાં જોડાયા. પરંતુ અહીં પણ તેમને ફાવટ ના આવતા, સરકારી નોકરી સ્વિકારી અને ભુજ - કચ્છ ખાતે સચિવાલયમાં સુપ્રિન્ટેન્ડન્ટ તરીકે જોડાઈ કચ્છ સ્ટેટના આસિસ્ટન્ટ સેક્રેટરીના પદ સુધી પહોંચીને સફળ



॥ શ્રી ॥

અભિનંદન પત્ર

શ્રીયુત નરેંદ્રરોય વેલજી પુંજા કરાંચીવાળા

અમો ગદગ મહાજન સર્વ એકઠા મળી સહર્ષ આપને "અભિનંદન" આપીએ છીએ. આપે એડવોકેટની પરીક્ષા પસાર કરી ૩૧૦ પરીક્ષિતોમાં પહેલે નંબરે પાસ થઈ સર ચીમનલાલ સેતલવાડ ગોલ્ડન જ્યુબીલી પ્રાઈઝ મેળવી મુંબઈ ઈલાકામાં નામના મેળવી છે તે માટે આપને ધન્યવાદ ઘટે છે.

આપણી જ્ઞાતિમાં ઉંચા પ્રકારની કેળવણી પામેલા ગણ્યાગાંઠ્યાજ માલમ પડે છે, તેમાં આપે જે પરિશ્રમ ઉઠાવી સફળતા મેળવી છે તેને માટે અમો આપને અભિનંદન આપીએ છીએ.

અમો પ્રભુ પાસે માગીએ છીએ કે આપને. આપના ધંધામાં મનોચ્છિત ફળ પ્રાપ્ત થાઓ; આપ જાહેર જીવનમાં આગળ પડતો ભાગ લઈ જ્ઞાતિ સેવા તથા દેશ સેવા કરી કૃતાર્થ થાઓ.

આપણી જ્ઞાતિમાં આપના જેવા નવયુવાનોની જરૂર છે; કારણ કે આધુનિક સમયમાં કેળવાયલા નવયુવકો જ્ઞાતિ તથા દેશ સેવા માટે જે કંઈ કરે છે તે બિનકેળવાયલાથી નહીજ બને.

અમો અંતમાં એવું ઈચ્છીએ છીએ કે આપ આપના કાર્યમાં આગળ વધો અને તેની સાથે જ્ઞાતિ સેવામાં આપનો અમૂલ્ય ફાળો આપી યશવંત બનો, એવી અભિલાષા સાથે આ અભિનંદન પત્ર આપને અર્પણ કરીએ છીએ.

શા. લાલજી લધાભાઈ. — પ્રમુખ,
શા. મુલજી પાસવીર. — ઓન. સેક્રેટરી,
શ્રી ક. દ. ઓ. જૈન મહાજન, ગદગ.

ગદગ, તા. ૮-૧૦-૪૪.

કામગીરી કરી અને યશ પ્રાપ્ત કર્યો. એ વખતના સ્ટેટ સેક્રેટરી શ્રી કે.વી. ભટ્ટ (શ્રી કાંતિલાલ વૈજનાથ ભટ્ટ) શ્રી નરેન્દ્ર રોય વેલજી શાહ (ધરમશી)ને લીગલ પંડિત તરીકે ઓળખાવતા અને જરૂર જણાય તેવી બાબતોમાં તેઓશ્રીનો કાયદાકીય અભિપ્રાય પણ મેળવતા હતા. એ સમયે કચ્છના સચિવાલયના ચીફ સેક્રેટરી શ્રી ખાબડે સાહેબ મજાકમાં તેઓને કચ્છના 'છોટે સરદાર' તરીકે ઓળખાવતા હતા. શ્રી નરેન્દ્ર રોયની બીજી

વિશેષતા એ હતી કે તેઓ ૯ ભાષામાં વાતચીત કરી શકતા હતા.

કચ્છ ભુજના સચિવાલય ખાતે ઉચ્ચ અધિકારી તરીકે આવનાર ક.દ.ઓ. જ્ઞાતિના તેઓ પ્રથમ વ્યક્તિ હતા. ત્યારબાદ ક્રમશઃ શ્રી ઉમરશી જેઠાભાઈ કુરૂવા, શ્રી પદમશી વિકમશી અને છેલ્લે એન્જિનિયર તરીકે શ્રી તારાચંદ શામજી ધરમશી આવેલ હતા. ત્યારબાદ મુંબઈ દ્વિભાષી રાજ્યની રચના થતાં બધા છૂટા પડી ગયા હતા.

ફરી દ્વિભાષી રાજ્યમાંથી ગુજરાત - મહારાષ્ટ્રના વર્ષ ૧૯૬૦માં અલગ રાજ્ય થતાં તેઓએ અમદાવાદના સચિવાલયમાં વિવિધ ખાતાઓમાં ઉપસચિવ તરીકે સ્થાન પ્રાપ્ત કરી સારી નામના મેળવેલ હતી. છેલ્લે કાયદા ખાતામાં નાયબ સચિવના પદ પર પહોંચી તેઓએ વય નિવૃત્તિ મેળવેલ હતી. પરંતુ તે અગાઉ એમને તે પદ પર બે વર્ષનું એક્સ્ટેન્શન આપી ત્યારબાદ નિવૃત્ત કરેલ હતા.

શ્રી નરેન્દ્ર રોયે પોતાના સંતાનોની નોકરી માટે ક્યારેય પણ કોઈને ભલામણ કરેલ નથી. તેઓ તેમના સંતાનોને કહેતા કે, 'લાયકાત અનુસાર નોકરી મેળવી જાતે પ્રગતિ કરો.' શ્રી નરેન્દ્ર રોય શાહ પર યુરોપિયન કલ્ચરનો પ્રભાવ વધુ હતો. પોતાનું અંગત કામ કઢાવવા તેઓ પાસે આવવાની કોઈ પણ વ્યક્તિ હિંમત કરી શકતી નહીં.

એક વખત અમદાવાદ ખાતેના ક્રિશ્ચિયન બીશપ અને મશહૂર પ્રવક્તા શ્રી રહીજીભાઈ એમની મુલાકાતે આવેલ ત્યારે છૂટા પડતી વખતે શ્રી રહીજીભાઈએ શ્રી નરેન્દ્ર રોય શાહને કહ્યું કે, આપને તો હરતા ફરતા એન્સાયક્લોપેડિયા કહેવા જોઈએ કેમકે આપશ્રી ઉંડાણપૂર્વકનું વિવિધ વિષયોનું ખૂબ જ જ્ઞાન ધરાવો છો. આપશ્રીની મેમરી ખૂબ જ શાર્પ છે અને આપનું વ્યક્તિત્વ અદ્‌ભુત છે. ભુજ ખાતેના એ ત્રીજી પેઢીના પૂર્વજો આજે તેઓ હયાત રહી શ્રી શાહને યાદ કરતા હશે કે નહીં પરંતુ ૨૦૦૧ના કચ્છના ભૂકંપ વખતે શ્રી શાહની કામગીરીને આજે પણ લોકો યાદ કરે છે.

*લેખક : શ્રી શેખર (સાંધાણ - રતલામ)*

***<u>નોંધ</u> : શ્રી શાહને શ્રી ક.દ.ઓ. જૈન મહાજન - ગદગે એ સમયે જે અભિનંદન પત્ર આપેલ, તે આ સાથે સામેલ કરેલ છે.***

## અંબેધામ (ગોધરા)ના સ્વપ્નદૃષ્ટા : "શાંતિભા"

**(અનુસંધાન : પાના નં. – ૨૧ ઉપરથી ચાલુ)**

વાત ૨૦૧૯ની છે. અંબેધામની પ્રાચીન રીતે ઉજવાતી નવરાત્રીમાં ગુજરાત અને ગુજરાત બહારથી પધારેલા ભક્તોની હાજરી વચ્ચે નવરાત્રીના પ્રથમ દિવસે જ શાંતિભા મા અંબેની આરાધના કરતાં કરતાં આ જગતમાંથી વિદાય લીધી ત્યારે કચ્છ આખું સ્તબ્ધ થઈ ગયું. ગામ પરગામથી શુભેચ્છકો એમની અંતિમયાત્રામાં હાજર રહ્યા. એમાં મુંબઈથી પધારેલા મુસ્લિમ બિરાદરો પણ સામેલ હતા. અંબેધામનાં આ સ્વપ્નદૃષ્ટાનું સ્મારક (સ્ટેચ્યુ) અંબેધામમાં જ્યાં એમને અગ્નિદાહ આપવામાં આવ્યો હતો ત્યાં એપ્રિલ મહિનામાં ખુલ્લું મૂકાશે.

વાત ગોધરાની જ છે તો બીજી કેટલીક માહિતી પણ અહીં લખું છું. વર્ષો પહેલા ગોધરાના ગોવિંદ જોષી રાજાના વિદુષક (કોમેડિયન) તરીકે ખૂબ પ્રસિદ્ધ હતા. ગોવિંદભાઈ જોષીએ સાંપ્રત સમસ્યાઓ ઉપર કટાક્ષ કરી હાસ્યની છોળો વચ્ચે લોકજાગૃતિનું કાર્ય કર્યું હોવાનું કહેવાય છે. વર્ષો પહેલા ગોધરાથી સમેતશિખર (બિહાર) સુધી પગપાળા સંઘ કાઢ્યો હતો એ ખીમજી વેલજી છેડા જૈન ધર્મના પ્રસાર - પ્રચાર માટે ખૂબ જાણીતા હતા. એમના વંશજ ભૂપેન્દ્રભાઈ છેડા સામાજિક સુધારણા માટે સતત સંઘર્ષ કરતા રહે છે. ગોધરા ગામના વેલુભા જાડેજા વર્ષો પહેલાં એન્જિનિયરીંગ જ્ઞાન માટે આખા કચ્છમાં પ્રખ્યાત હતા. એમણે વર્ષો પહેલાં કચ્છના અનેક ગામોના બસ સ્ટેન્ડ ઈત્યાદિ અનેક સરકારી પ્રકલ્પો બાંધ્યા હતા. વેલુભાના પુત્ર અને અંબેધામના ટ્રસ્ટી ભગવાનજીભા ઝાલા કલાકાર અને વિદ્યાપ્રેમી છે. માંડવીના દરિયા કિનારે એમણે આંતરરાષ્ટ્રીય સ્તરની સ્કૂલ બનાવી છે. જેનો લાભ માંડવી તાલુકાના રાપર ગામના વિદ્યાર્થીઓ ઉચ્ચસ્તરના શિક્ષણ માટે લે છે. કોડાય પૂલ પરનું બૌંત્તેર જિનાલય એક મોટું તીર્થ સ્થળ બની ગયું છે. એના નિર્માણમાં રવિભાઈ સંઘોઈ સાથે ગોધરાના પ્રેમજી દેવજી હરિયાએ મોટો ભાગ ભજવ્યો હતો. ગોધરા ગામના વિકાસમાં સિંહફાળો આપનાર ભાણજી કેશવજી ભેદાનો જોટો આખા કચ્છમાં જડે એમ નથી. ભાણજી બાપાએ ગામવાસીઓ માટે જન્મથી મૃત્યુ સુધીની વ્યવસ્થાઓ સર્જી હતી. એટલે કે જન્મ માટે સુવાવડ ખાતાથી લઈ મૃત્યુ બાદ અગ્નિદાહ માટે સ્મશાન સુધ્ધાં એમણે બાંધ્યું હતું. ચીંચપોકલી સ્કૂલના આચાર્યા નયનાબેન અને લાયન્સ ક્લબ ઓફ વિલેપાર્લાના જયંત વોરા પણ ગોધરા ગામના છે. વર્ષોથી ચાલતી ગોધરાની કન્યા છાત્રાલયમાં રહીને આખા કચ્છની ઘણી કન્યાઓ ભણીને આગળ વધી છે. આવા ગોકુળીયા ગામ ગોધરાના અજાતશત્રુ અને અંબેધામના સ્વપ્નદૃષ્ટા શાંતિભાઈને વંદન કરી વિરમું છું. અસ્તુ.

***વસંત મારૂ***
***લેખક અને કચ્છી નાટ્યકાર***

તંદુરસ્તી

# વિશ્વ ઓટીસ્ટીક જાગૃતિ દિવસ : ભાગ-૨
# નિદાન તથા સારવાર
## (World Autistic Awareness Day : Part-2
## Diagnosis & Treatment




ડૉ. મણિલાલ ગડા
(સિનિયર મનોચિકિત્સક)
ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા
બાળ મનોચિકિત્સક)

આગળના લેખમાં આપણે જાણ્યું કે સંયુક્ત રાષ્ટ્રસંઘે (UNO) ૨જી એપ્રિલ વિશ્વ ઓટીસ્ટીક જાગૃતિ દિવસ તરીકે જાહેર કરેલ છે. યુનોના મેમ્બર દેશો ૨જી એપ્રિલ ૨૦૦૮થી વિશ્વ ઓટીસ્ટીક જાગૃતિ દિવસ તરીકે મનાવે છે.

સારાય વિશ્વના દેશોમાં ઓટીસ્ટીક બીમારીનો ફેલાવો વધતો જાય છે.

- **ઓટીઝમની બીમારી :**

ઓટીઝમની બીમારી એક ન્યુરોડેવલપમેન્ટ (Neurodevelopment)ની બીમારી છે.

સામાન્ય રીતે નોર્મલ બાળકના મગજની બુદ્ધિ તથા વિકાસ નિયમિત રીતે થાય છે. મગજમાં (Brain) આવેલ અલગ અલગ અવયવો તથા એમના ન્યુરોન - કોશિકાઓ (Neuron – સૂક્ષ્મ કોષો) નિયમિત રૂપે એકબીજા જોડે સંકળાયેલા રહે છે. અબજો કોશિકાઓ - ન્યુરોન એકબીજા જોડે સંકળાયેલા સંપર્કમાં રહીને પોતાના કાર્યો કરે છે. જેને લીધે બાળકના મગજનો વિકાસ નિયમિતરૂપે થાય છે.

ઓટીઝમની બીમારીમાં આ કોશિકાઓ - ન્યુરોનના કાર્યોમાં ખલેલ પહોંચે છે. આથી અપેક્ષિત મગજનો વિકાસ રૂંધાય છે. મગજના અવયવોમાં ઓટીઝમની બીમારીને લીધે પોતાના કાર્યોમાં અવરોધ સર્જાય છે અને મગજનો વિકાસ રૂંધાય છે.

*મુખ્યત્વે બ્રેઈન તથા મનના ત્રણ મુખ્ય કાર્યોમાં ખલેલ પહોંચે છે :*

૧. સામાજિક - ભાવનાત્મક સંદેશ વ્યવહારમાં તકલીફ તથા સામાજિક ક્રિયા-પ્રતિક્રિયામાં અક્ષમતા (Persistent deficits in Social Communications and social interactions).

૨. મર્યાદિત પ્રવૃત્તિઓ તથા વારંવાર એક જ પ્રકારની તથા એજ પ્રકારે વર્તણુંક કરવી તથા રસ ધરાવવો (Restricted Repetitive Patterns of Behaviour, interest or activities)

૩. જ્ઞાનેન્દ્રિયોની અતિ સંવેદનશીલતા (Sensory hyper sensitivity).

આ લેખમાં નિદાન તથા સારવાર વિશે જાણકારી મેળવીએ.

- **નિદાન (Diagnosis)**

ઓટીઝમની બીમારીના નિદાન માટે એ જ નિયો છે, જે અન્ય બીમારીના (શારીરીક અને/અથવા માનસિક બીમારી) માટેના છે.

૧. **બાળકના વૃદ્ધિની ખાસ કરીને માનસિક વિકાસની ઊંડાણમાં માહિતી :** આ મુદ્દા માટે માતા-પિતા તથા ઘરના વડીલોનું નિરીક્ષણ બહુ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. માતા-પિતા તથા અન્ય બાળકો જોડેના સામાજિક - ભાવનાત્મક સંદેશ વ્યવહાર તથા સામાજિક ક્રિયા - પ્રતિક્રિયાની વર્તણુંક તથા જ્ઞાનેન્દ્રિયોની અતિ સંવેદનશીલ વર્તણૂંક મહત્ત્વનું નિરીક્ષણ છે.

૨. **લક્ષણો :** લક્ષણો વિશે ઉંડાણમાં આગળના લેખમાં વર્ણન કરેલ છે.

૩. મનોચિકિત્સક દ્વારા બાળકની મનોવૈજ્ઞાનિક તપાસ તથા મનોવૈજ્ઞાનિક નિરીક્ષણ.

૪. **મનોવૈજ્ઞાનિક ટેસ્ટ (સાયકોલોજીકલ ટેસ્ટ) :** જરૂરત પ્રમાણે સાયકોલોજીકલ ટેસ્ટ અને શારીરિક તપાસ તથા ટેસ્ટ કરાવવી જરૂરી છે.

ઉપરોક્ત મુદ્દાઓ પરથી નિદાન કરાય છે. નિદાન જેટલું જલ્દી થાય એટલું સારું કારણકે વિશિષ્ટ સારવાર એટલી જલ્દી શરૂ થઈ શકે અને અપેક્ષિત પરિણામો સારવારના મળે.

- **સારવાર :**

ઓટીઝમની બીમારીમાં બાળકના તથા કિશોરના મનના અલગ અલગ કાર્યોમાં ખલેલ પહોંચે છે. આથી સારવાર મલ્ટી સ્પેશિયાલિસ્ટ નિષ્ણાત ટીમ દ્વારા સારવાર કરાય છે. મનોચિકિત્સક, ઓક્યુપેશનલ થેરાપિસ્ટ, સ્પીચ થેરાપિસ્ટ,

કાઉન્સેલર, સ્પેશિયલ એજ્યુકેટર સ્પેશિયાલિસ્ટની ટીમ દ્વારા સારવાર કરવામાં આવે છે.

**(અ) વ્યક્તિગત સારવાર**

★ **વ્યક્તિગત સારવાર :** ઓટીઝમની બીમારીથી પીડાતી વ્યક્તિ તથા બાળકના લક્ષણો અલગ અલગ હોય છે. એટલે સારવાર પણ વ્યક્તિગત રીતે થાય છે. બે દર્દીઓ સરખા નથી હોતા એટલે સારવાર પણ એકસરખી નથી હોતી.

★ **સારવારનો પ્લાન :** દરેક બાળક માટે સારવારનો વ્યક્તિગત પ્લાન બનાવવામાં આવે છે. એ પ્રમાણે તબક્કાવાર સારવાર કરાય છે.

★ **વર્તણુંકનું પૃથક્કરણ (Applied Behavioural Analysis) :** મનોવૈજ્ઞાનિક પદ્ધતિથી બાળકની યોગ્ય તથા અયોગ્ય વર્તણુંકનું પૃથક્કરણ કરવામાં આવે છે. યોગ્ય વર્તણુંકને પ્રોત્સાહન તથા અયોગ્ય વર્તણુંકને ઓછી કરવાની મનોવૈજ્ઞાનિક પદ્ધતિઓ દ્વારા “એક્શન પ્લાન” તૈયાર કરાય છે તથા અમલમાં મૂકવા માટે નીચેની પદ્ધતિઓનો ઉપયોગ કરાય છે. આથી ધીમે ધીમે બાળકની સામાજિક - ભાવનાત્મક વર્તણુંકમાં હકારાત્મક ફેરફારો આવે છે તથા જ્ઞાનેન્દ્રિયોની અતિ સંવેદનશીલતા ઓછી થાય છે.

**(૧) સામાજિક અરસપરસની વર્તણુંક (Social Skill Training) :** આ થેરાપી વ્યક્તિગત રીતે અથવા ગ્રુપમાં થાય છે. અનુકૂળ વર્તણુંકને પ્રોત્સાહન આપવામાં આવે છે, અયોગ્ય વર્તણુંક તરફ દુર્લક્ષ કરવામાં આવે છે. આથી સામાજિક સ્થળો તથા અન્ય બાળકો સાથેના પરસ્પરના સંબંધોમાં સુધારો થાય છે.

**(૨) બોલવાનું તથા ભાષા સમજવાની થેરાપી (Speech and Language Therapy) :** આ થેરાપીથી બોલવાનું સુધરે છે, શબ્દોના ઉચ્ચારો સ્પષ્ટ થાય છે, ભાષાનો અર્થ સમજાય છે. પોતાની જાતને બાળક સ્પષ્ટ સમજાવી શકે છે.

**(૩) ઓક્યુપેશનલ થેરાપી (Occupational Therapy) :** આ થેરાપીને લીધે બાળક પોતાની દરરોજની પ્રવૃત્તિઓ યોગ્ય રીતે કરી શકે છે તથા હસ્તાક્ષર સુધારે છે. બાળક પોતાની રીતે પોતે યોગ્ય રીતે રોજની પ્રવૃત્તિઓ કરી શકે છે. આથી આત્મવિશ્વાસ વધે છે.

**(૪) માતા-પિતાની તાલીમ :** માતા-પિતા તથા ઘરના અન્ય વડીલોને તાલીમ આપવામાં આવે છે. જેથી અસરકારક પદ્ધતિઓ અપનાવે અને બાળકની યોગ્ય વર્તણુંક વધે. યોગ્ય અને અયોગ્ય વર્તણુંકની નોંધ રાખે. લાગણી વગર યોગ્ય પ્રતિભાવ આપે. અન્ય માતા-પિતા જેમનું બાળક ઓટીઝમની બીમારીથી પીડાતું હોય એવા સાથે ગ્રુપ બનાવી સંપર્કમાં રહે.

**(૫) ઔષધોપચાર (Medication) :** બાળકમાં ઓટીઝમ સાથે કોઈ અન્ય બીમારી હોય તો મનોચિકિત્સક નિદાન કરી માતા-પિતાની સહમતિથી જરૂરી દવાઓ ચાલુ કરે છે. આ દવાઓથી બાળક ઉપરોક્ત થેરાપીમાં વધારે સહકાર આપે છે તથા ઉપરોક્ત થેરાપીના પરિણામો વધારે સારા મળે છે.

● **માતા-પિતાની ભૂમિકા :**

ઓટીઝમ બીમારીની સારવારમાં માતા-પિતા તથા વડીલો મહત્ત્વનો ભાગ ભજવે છે. નીચેના મુદ્દાઓ તેમના માટે મહત્ત્વના છે :

૧. ઓટીઝમ બીમારી વિશે વૈજ્ઞાનિક માહિતી મેળવો. આ માહિતી મનોચિકિત્સક, થેરાપીસ્ટ, ઓનલાઇન મળી શકે છે.
૨. પોતાના બાળકને તટસ્થ મનથી સ્વીકારો.
૩. મનોચિકિત્સકની સલાહ મુજબ રૂટીન બનાવો. શક્ય હોય ત્યાં સુધી રૂટીનમાં ફેરફાર ન કરશો.
૪. ઓટીઝમ બીમારીથી પીડાતા અન્ય બાળકોના માતા-પિતા જોડે ગ્રુપ બનાવો. નિષ્ણાત થેરાપીસ્ટોને બોલાની એનું લેક્ચર ગોઠવો.
૫. જરૂરત પ્રમાણે પ્રોફેશનલ મદદ લો.

અમરમહલ ચેમ્બુર સ્થિત “સુલભા સ્પેશિયલ સ્કૂલ”માં મનોચિકિત્સક ડૉ. દીપ્તિ શાહના માર્ગદર્શન હેઠળ “સુલભા ઓટીઝમ સેન્ટર”ની શરૂઆત જુલાઈ ૨૦૨૨થી કરવામાં આવી છે.

● **સારાંશ :**

૧. ઓટીઝમની બીમારી એક ન્યુરોડેવલપમેન્ટની બીમારી છે.
૨. આમાં બાળકનો કે માતા-પિતાનો દોષ નથી.
૩. બાળકના માનસિક વિકાસ પર ધ્યાન આપી, જો વિકાસ યોગ્ય ન થતો હોય તો મનોચિકિત્સકની સલાહ લો.
૪. સારવાર મલ્ટી સ્પેશિયાલિસ્ટ નિષ્ણાતોની મદદથી થાય છે.

યોગ્ય સમયે નિદાન તથા યોગ્ય સારવારથી બાળક ગુણવત્તાભર્યું જીવન જીવી શકે છે.

*(સંપૂર્ણ)*

તંદુરસ્તી

# Congential Hernia
# નાના બાળકોમાં થતી સારણગાંઠ



ડૉ. તપન શાહ
MS, FMAS, FICS (USA)

Congential Hernia અથવા Congential Hydrocoele એટલે કે નાના બાળકોમાં થતું Hernia – સારણગાંઠ.

વૃષણ કોથળીમાં સોજો આવવો અથવા દુઃખાવો થવો એ શરૂઆતના લક્ષણોમાં જોવા મળે છે. છોકરો કે છોકરી બંનેમાં આ પ્રકારની સારણગાંઠ જોવા મળે છે. છોકરાઓમાં તેનું પ્રમાણ વધુ હોય છે.

સામાન્ય રીતે છોકરાઓમાં શુક્રપિંડ (testis) પેટમાં ડેવલપ થતું હોય છે. જે જન્મ સમયે નીચે વૃષણ કોથળીમાં આવી જાય છે. તેની સાથે તે આંતરડાનું આવરણ (processous vaginalis) લઈને આવે છે, જે ધીરે ધીરે બંધ થઈ જાય છે. પરંતુ જો તે બંધ ના થાય અને તેમાંથી પેટનું પાણી આવે તો તેને hydrocoele અને જો ચરબી અથવા આંતરડા આવે તો તેને સારણગાંઠ અથવા હર્નીયા કહે છે.

છોકરીઓ (Girls)માં ગર્ભાશયને સપોર્ટ કરતું ligament થાપાના હાડકા સાથે જોડાય છે અને તેની સાથે હર્નીયા - સારણગાંઠ વિકસે છે.

સોજો અથવા દુઃખાવો કે જે આખો દિવસ જતાં મોટો થાય છે અને બાળક સૂવે કે આરામ કરે તો તે નાનું થઈ જાય છે અથવા પાછું પેટમાં જતું રહેવાથી ના હોય તેવું લાગે છે.

ઘણીવાર માતા-પિતા (parents) કાન વિંધાવીને દોરો પહેરાવે છે કે જેનાથી તે નાનું થઈ જાય. પણ તે સાચું નથી (Myth). કાન વિંધાવીને નવું ઈન્ફેક્શન લાગવાની શક્યતા વધારે છે.

સોનોગ્રાફી અને લોહીના રીપોર્ટ કરાવીને ઑપરેશન એક જ વિકલ્પ છે કે જેમાં જે આવરણ ખુલ્લું છે તેને તેના entry point થી જ અંદરના અવયવોને પેટમાં મૂકીને બાંધી દેવામાં આવે છે. જેથી ફરી થવાની શક્યતા રહેતી નથી.

કોઈ પણ જાતની સારણગાંઠ કે હર્નીયામાં Mesh મૂકવી જરૂરી હોય છે. પરંતુ નાના બાળકોમાં તે ભાગનો વિકાસ થતો હોઈ જાળી (Mesh) મૂકવી હિતાવહ નથી અને તેનો કોઈ ફાયદો પણ થતો નથી.

***Take Home message :***

*નાના બાળકોમાં થતી હર્નીયાની સારવાર ફક્ત ઑપરેશન જ છે, નહીં તો લાંબા ગાળે પ્રોપર તાપમાન નહીં મળતા શુક્રપિંડને નુકસાન થઈ શકે છે.* ■

## ડાયાબિટીસ રીવર્સ કરવા રીચાર્જ કરાવતા રહો

(અનુસંધાન : પાના નં. – ૨૭ ઉપરથી ચાલુ)

*ત્યારે કહેવાનું મન થાય છે કે :*

*નજર કો બદલો નજારે બદલ જાયેંગે*
*સોચકો બદલો, સિતારે બદલ જાયેંગે*

*કસ્તીયાં બદલને જરૂરત નહીં હૈ,*
*દિશા બદલો, કિનારા બદલ જાયેંગા.*

૧૦. આ રોગ વારસાગત છે તે સાચી વાત છે. પરંતુ ડાયાબિટીસનો રોગ ખબર પડ્યા પછી અનિયમિત ને વધુ પડતા આત્મવિશ્વાસ સાથે જીવવાનું પ્રશ્નોને ઘણા જ જટીલ બનાવે છે.

૧૧. સતત સંઘર્ષ, માનસિક તાણ વચ્ચેનું જીવન, ડાયાબિટીસને રીવર્સ થતો અટકાવે છે. સરખામણી, ઈગો જે ઈર્ષ્યા આપણા આલ્ફા ને બીટા કોષોના દુશ્મનો છે તે સમજી લેવાની જરૂર છે.

● **ઉપસંહાર :**

૧. ખોરાકમાં **૧૦** "મ"નું સેવન ઓછું કે બંધ કરવાથી ડાયાબિટીસ રીવર્સ જલ્દી થાય છે. "મ" – મલાઈ, મીઠાઈ, મોરસ, મરચું, મીઠું, મોવણ, માખણ, મધ, મેંદો અને મેંગો.
**3** "મ" વાપરી શકાય – મખાણા, મમરા, મગ.

૨. કસરત અને ચાલવાને જીવનનો ભાગ બનાવવો પડે છે. અઠવાડિયામાં બે વખત, ૧૦ મિનિટ ઝડપથી ચાલવું જોઈએ. રોજિંદુ ૩૦ મિનિટ ચાલવું.

૩. દવાઓ / ઈન્સ્યુલીન લીધા સિવાય લોહીની તપાસ અધકચરા પરિણામો આપે છે, તે સમજી લઈએ.

*નિશા છો ને ભયંકર હો, ઉષા નવરંગ લાવે છે,*
*પતનનું હર પગથિયું, એક નવું ઉત્થાન લાગે છે.* ■

તંદુરસ્તી

# ડાયાબિટીસ રીવર્સ કરવા રીચાર્જ કરાવતા રહો



ડૉ. કમલેશ એન. શાહ
M.D., FICA USA

*મિત્રો,*

'ડાયાબિટીસ રીવર્સ કરવા, રીચાર્જ કરાવતા રહો' એટલે શું?

સૌપ્રથમ ડાયાબિટીસના બે પ્રકાર જોઈએ : ટાઈપ-૧ અને ટાઈપ-૨. આજે વાત કરવાની છે ટાઈપ-૨ ની. હવે બધાને ખબર છે આપણા લોહીમાં શર્કરાનું પ્રમાણ ભૂખ્યા પેટે ૧૧૦.૦ mg થી અંદર અને જમ્યા પછી બે કલાકે ૧૬૦.૦ mg ની અંદર અથવા HbA1C લેવલ ૬.૫ થી ૭.૦ની વચ્ચે હોવું જોઈએ. જ્યારે ડાયાબિટીસ થાય અને લોહીમાં શર્કરાનું માપ વધે ત્યારે તેને રીવર્સ એટલે કે નોર્મલ રાખવો જરૂરી બને છે. આ માટે સ્વાદુપિંડના આલ્ફા તથા બીટા કોષોને તંદુરસ્ત રાખવા જરૂરી બને છે.

હવે પ્રથમ જોઈએ ડાયાબિટીસનો ભારતમાં ગ્રાફ. ડાયાબિટીસ ટાઈપ-૨ ૧૯૯૫માં ૪% હતો જે આજે ૫.૪% છે. હાલ ભારતમાં ૮૦ મિલિયન ડાયાબિટીસના લોકો છે.

- **ડાયાબિટીસને રીચાર્જ કરાવતા રહેવું એટલે શું?**

આપણા સ્વાદુપિંડના આલ્ફા તથા બીટા કોષોને તંદુરસ્ત રાખવા, તેમાંથી બીટા કોષમાંથી નિયમિત ઈન્સ્યુલીનનો સ્રાવ થાય, કોષો નિર્ભય ન બને અને નવા કોષો બનતા રહે Neogenesis થતું રહે. જેને મેડિકલ ભાષામાં રીચાર્જ કહેવાય.

ડાયાબિટીસની શરૂઆતમાં મળતી દવાઓ Daonil Glynaze તથા Glynaze M ક્રમશઃ ડાયાબિટીસના દર્દીઓમાં ઓછી અસરકારક બની, આડઅસરો થવા લાગી, લોહીમાં વધુ પ્રમાણમાં સુગર વધઘટ થવા લાગી એટલે નવા નવા સંશોધનો ચાલુ રહ્યા. ત્યારબાદ Glimipremide નામની દવા આવી. સાથે Metformin તો ખરી જ. જે સ્વાદુપિંડના કોષોને રીચાર્જ કરવામાં તથા શરીરના સ્નાયુના કોષોના દરવાજા ખોલવામાં મદદરૂપ છે.

નવી દવાઓ Gliptins અને Glufozocin અત્યંત અસરકારક અને ડાયાબિટીસના દર્દીઓ માટે આ સદીની ભેટ છે. Gliptins દવાઓ – ચયાપચયની ક્રિયા દરમિયાન આંતરડામાંથી સાકરનું વધુ પડતું શોષણ અટકાવે છે, જ્યારે Glufozocin કિડની દ્વારા વધારાના ગ્લુકોઝને બહાર ફેંકે છે. આમ, ડાયાબિટીસને રીવર્સ કરવામાં મદદરૂપ છે. ત્યારે કહેવાનું મન થાય છે કે –

*સરિતા વેગથી વહેતી, ગતિ એની નિહાળું છું,*
*કિનારાઓના બંધનથી ટકે, અસ્તિત્વ એનું જાણું છું.*
*ત્યજે બંધન કિનારાઓનું, નદી તારું અસ્તિત્વ નહીં રહે,*
*ચાહો વિકાસ જીવનનો, તો બંધનને તો માનવું જ પડશે.*

- **ડાયાબિટીસ રીવર્સ અને રીચાર્જ ન થવાના કારણો :**

૧. ડાયાબિટીસની એકની એક દવા ૭-૧૦ વર્ષ કરતાં વધારે સમયથી લેવાતી હોય તો અસરકારકતા ઘટી જાય છે. નવી દવાઓના ઉપયોગથી સ્વાદુપિંડના બીટા સેલ વધુ અસરકારક તરીકે કામ કરે છે.

૨. શરીરની સ્થૂળતા Obesity સ્વાદુપિંડ તથા સ્નાયુના કોષોમાં અવરોધ ઉત્પન્ન કરે છે તથા કોષના દરવાજાઓ ખૂલતા નથી.

૩. ડોક્ટરની સૂચના પ્રમાણે દવાના ડોઝ ન જવાથી, સ્વાદુપિંડના તથા સ્નાયુના કોષો આળસુ બની જાય છે.

૪. જીભ ઉપર અતિશય સ્વાદ – લગ્નપ્રસંગે, પાર્ટીઓમાં આઈસ્ક્રીમ, ઠંડા પીણા, તળેલી વસ્તુઓનો ઉપયોગ – ફાસ્ટફુડ આજના જમાનાની ભેટ છે.

૫. કસરત, યોગ નહીં કરવાના ૧૦થી વધારે બહાના – ડાયાબિટીસની દવાઓને રીવર્સ થતા અટકાવે છે.

૬. પેટનો અતિશય ઘેરાવો – હાઈ BMI ઈન્સ્યુલીન રેસિસ્ટન્ટ સિન્ડ્રોમ ઉત્પન્ન કરે છે જે ડાયાબિટીસની આડઅસરો માટે કારણભૂત છે.

૭. ડાયાબિટીસ મટાડી દેવાના ચક્કરમાં ફસાયા પછી, તમારું બ્લડ સુગર રીવર્સ થતાં વાર લાગે છે.

૮. વિટામિન $D_3$ અને ઘણી વખત વિટામિન B12 ની ઉણપ, ટાઈપ-૨ ડાયાબિટીસવાળા દર્દીઓમાં મુશ્કેલી ઉત્પન્ન કરે છે.


૯. નવી દવાઓ મોંઘી છે, લોહીમાં શર્કરા ખૂબ વધારે હોવા છતાં મને કોઈ તકલીફ નથી જેવી દલીલો ઘાતક નીવડે છે.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૬ ઉપર)

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૫૨

### શ્રી અમરોલી તીર્થ (શ્રી વાસુપૂજ્ય ભગવાન)



સુરતની ઉત્તર દિશામાં આવેલા અમરોલી ગામમાં આ તીર્થ આવેલું છે. અહીં પરિકરવાળી શ્વેત વર્ણની શ્રીવાસુપૂજ્ય ભગવાનની પ્રતિમાજી છે. આ મંદિરના રંગમંડપમાં ૮૧ ઈંચની ઊંચાઈવાળી શ્યામ રંગની શ્રી નાગેશ્વર પાર્શ્વનાથજી તથા શ્રી આદિનાથ ભગવાનની બે ભવ્ય મૂર્તિઓ છે. આ મૂર્તિઓ અત્યંત પ્રભાવક હોવાથી દર્શનાર્થીઓના હૃદયને સંતૃપ્ત કરે છે. પ.પૂ.આ. શ્રી વિજયચંદ્રોદયસૂરિશ્વરજી મ.સા.ની પ્રેરણાથી નૂતન જિનાલયની પ્રતિષ્ઠા થઈ હતી. અમરોલી ગામને આદર્શ ગામ તરીકેનો ઍવોર્ડ પ્રાપ્ત થયો છે. ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદ આ ગામને જોઈને ખૂબ પ્રભાવિત થયા હતા. અહીં અનેક પ્રકારની સાર્વજનિક પ્રવૃત્તિઓ ચાલી રહી છે. આ.મ. શ્રી વિજયચંદ્રોદયસૂરીજી મ.સા.ની પ્રેરણાથી એક કરોડના ખર્ચે અહીં જૈન નગરનું નિર્માણ થઈ રહ્યું છે. અહીં ધર્મશાળા તથા ભોજનશાળાનો પણ ઉત્તમ પ્રબંધ છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

## તીર્થ દર્શન-૫૩

### શ્રી આગમમંદિર સુરત તીર્થ (શ્રી મહાવીર ભગવાન)



સુરત શહેરમાં પ.પૂ. આગમોદ્ધારક આ. શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.ના સદ્‌ઉપદેશથી આગમ મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ મંદિરમાં ૪૫ આગમોને તામ્રપત્રમાં ઉત્કીર્ણ કરીને એને સુંદર રીતે દીવાલો પર લગાડવામાં આવ્યા છે. પોતાની ભવ્ય કલ્પનાથી આગમ પુરૂષની પણ આકૃતિ બનાવી છે. એની સાથોસાથ એક સ્થળે ૪૫ આગમો રાખવામાં આવ્યા છે.

આ આગમ મંદિરમાં મૂળનાયક શ્રી મહાવીર સ્વામી ભગવાનની પ્રતિમાજી છે. ભોંયરામાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા છે. તો ઉપરના માળે શ્રી આદિશ્વર ભગવાનની પ્રતિમા છે. બીજી ૧૨૦ જેટલી ચિત્તાકર્ષક પ્રતિમાઓ છે. આની સાથોસાથ બે કમળની આકૃતિમાં સિધ્ધચક્ર મંડળ છે અને એમાં પંચ પરમેષ્ઠિના રંગ મુજબ રંગો કરવામાં આવ્યા છે. આ તીર્થસ્થળ હજારો યાત્રિકોને એની નયનરમ્ય રચનાથી આકર્ષિત કરે છે.

## વાત કહી દેવી સારી...!

ઓષ્ઠ સુધી આવેલી વાત કહી દેવી સારી,
ને રુદિયે ધરબાયેલી વાત કહી દેવી સારી.
ન સમજ્યા જો મૌન કે ચૂપકિદીની પરિભાષા,
શબ્દે શબ્દે જળવાયેલી વાત કહી દેવી સારી.
કરોળિયાનો જાળો તૂટતાં વાર નહીં લાગે,
ગેરસમજણે છંછેડાયેલી વાત કહી દેવી સારી.
કહેવાય છે સત્યને ઘાંટો પાડવા નથી પડતાં.
મીઠાણા જૂઠથી દબાયેલી વાત કહી દેવી સારી.
ઈશ્વર દ્વાર ખોલી બેઠો 'મન'ને સાંભળવાને,
આતમ હિયે અજવાળેલી વાત કહી દેવી સારી.

*મનીષા અજય વીરા 'મન' - મુંબઈ*

## કરમેંજો ભાર

પંધ કીં કૈને, તોં તે આય ઍંકારજો ભાર,
છડી ન સગનેં કેંકે, આય મો માયાજો ભાર.
ન ટિકસ કન્ફર્મ, ન તિથિ વાર નક્કી,
ટૅમ ફાંફા રે મારીંધો મન વારેજો ભાર.
પૃથ્વીતેં જનમયા સાવ હલકાફૂલ થિઈ,
ઑખો લગેંતો વસમી વિડાયજો ભાર.
સગાવાલા, પરિવાર, પાડોશી ચાર ડીં,
છડણું પોંધો બે જે કંધે કાયાજો ભાર.
'કેતુ' ઉડી વિનંધો સા લિખ જટકેમેં,
થિઈ હલકો, ઉતારી ગિન કરમેંજો ભાર.

*કૈતના છેડા 'કેતુ' ● મો. ૯૮૧૯૮ ૪૨૫૩૦*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## માનવ જ્યોત સંસ્થા - ભુજ અને શ્રી રામદેવ સેવાશ્રમ – પાલારા, કચ્છ

ઉપરોક્ત બંને સંસ્થાઓ ભુજમાં રહી સેવાના અદ્ભુત કાર્યો કરે છે કે જે જોઈને કોઈનું પણ મસ્તક તેમને વંદન કરવા નમી જાય.

આ સંસ્થાઓના કાર્યકરો શ્રી પ્રબોધ મુનવર, રીતુબેન વર્મા તથા અન્ય અનેક કાર્યકરોએ જનસેવા માટે પોતાનું જીવન સમર્પિત કરી દીધેલ છે, તે તેઓની રોજબરોજની કહાનીઓ સાંભળીએ તો તેના પરથી ખ્યાલ આવી જાય છે.

તાજેતરમાં જ તેઓએ કરેલા કેટલાક કાર્યોને અત્રે ઉજાગર કરીએ :

**(૧)** પશ્ચિમ બંગાળના ભૂપતિનગરનો યુવાન સુરજીત (ઉં.વ. ૨૪) છેલ્લા ૪ વર્ષથી ગૂમ થયો હતો અને તે છેવટે સોમનાથ પહોંચ્યો હતો. રીતુબેન વર્મા તેને સોમનાથથી ભુજ લાવ્યા અને લાંબી તપાસ બાદ વેસ્ટ બેંગાલના તેમના પરિવારને શોધી, તેના ભાઈ-કાકા-મામા ભુજ પધારી સુરજીતને લઈ ગયા ત્યારે ભાવુક દૃશ્યો સર્જાયા હતા.

**(૨)** છત્તીસગઢના ૪૪ વર્ષીય કુંજરામ ગૂમ થયા હતા. રખડતા રખડતા તે ભાઈ સોમનાથ પહોંચ્યા. રીતુબેન તેમને સોમનાથથી ભુજ લાવ્યા. ત્યારબાદ છત્તીસગઢ પોલીસની મદદથી તેમનું ઘર શોધી કાઢવામાં આવ્યું. છત્તીસગઢથી કુંજરામના ભાઈ અને ભત્રીજો આવી તેને કુશળતાપૂર્વક લઈ ગયા. પરિવારમાં મિલનનો આનંદ છવાઈ ગયેલ હતો.

**(૩)** આંધ્ર પ્રદેશના નંદીકોરકુટ વિસ્તારના ૪૮ વર્ષીય શ્રીનિવાસ છેલ્લા ૭ વર્ષથી ગૂમ થયા હતા અને રખડતા - રઝળતા તેઓ બાયડના જય અંબે સમાજ સેવા ટ્રસ્ટ આશ્રમે પહોંચ્યા હતા. ત્યાંથી તેમને રીતુબેન વર્મા ભુજ લઈ આવી તેમની માનસિક આરોગ્યની હોસ્પિટલમાં સારવાર કરાવ્યા બાદ આંધ્ર પ્રદેશ પોલીસની મદદથી તેમનું ઘર શોઢી કાઢતાં, તેમનો પુત્ર તેઓને લેવા ભુજ આવ્યો. પિતા-પુત્રનું ૭ વર્ષે મિલન થતાં ભાવુક દૃશ્યો સર્જાયા હતા. ત્યારબાદ પુત્ર તેમને પોતાના ગામ લઇ ગયેલ હતો.

**(૪)** તામિલનાડુનો યુવાન લોકનાથન લાંબા સમયથી ઘર અને પરિવારથી દૂર હતો. ત્યારબાદ તે રખડતો રખડતો બાયડના જય અંબે મંદબુદ્ધિ સમાજ સેવાશ્રમ મધ્યે પહોંચ્યો હતો. અહીંથી રીતુબેન વર્મા તેને ભુજ લઈ જઈ માનસિક આરોગ્યની હોસ્પિટલમાં તેમની સારવાર કરાવતાં તે સ્વસ્થ બન્યો હતો. તામિલનાડુ પોલીસનો સંપર્ક કરી તેના ઘર-પરિવારને શોધી કાઢવામાં આવ્યા. પરંતુ પારિવારીક મતભેદના કારણે તેના પરિવારે તેને સ્વીકારવાની ના પાડી. ત્યારબાદ ત્યાંના કલેક્ટર તથા એસ.પી.નો સંપર્ક સાધવામાં આવ્યો. તેમના માધ્યમથી તામિલનાડુના ઈરોડ શહેરની પુનર્વસન કરતી સંસ્થા સત્યાયમ ટ્રસ્ટનો સંપર્ક કરી તેમને વિગત સમજાવેલ હતી. ત્યારબાદ આ સંસ્થાના કાર્યકરો આર. શક્તિ અને કે. વિગ્નેશ ભુજ આવી લોકનાથને તામિલનાડુ લઈ ગયેલ હતા. બે વર્ષ પછી લોકનાથન પોતાના રાજ્યમાં પહોંચ્યો હતો.

**(૫)** તાજેતરમાં જ કચ્છના અનેક ગામડાંઓમાં ચકલીઓ માટે કુંડા - ઘર આ સંસ્થાએ મોટી સંખ્યામાં વિના મૂલ્યે વિતરણ કર્યા હતા.

આ સંસ્થાના કાર્યકરોને ખૂબ ખૂબ ધન્યવાદ.

## ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓના ૨૨૪ છાત્રોએ ભુજમાં સામાજિક કાર્યકરની ટ્રેનિંગ મેળવી

ગુજરાતની જુદી જુદી યુનિવર્સિટીઓ - કોલેજો - ગુજરાત વિદ્યાપીઠનાં છાત્રો સામાજિક કાર્યકરની ટ્રેનિંગ માટે ભુજની માનવજ્યોત સંસ્થાની પ્રથમ પસંદગી કરતા હોય છે. ૩૦ દિવસની ટ્રેનિંગ દરમિયાન સંસ્થા દ્વારા ૪૯ જેટલી ચાલી રહેલી પ્રવૃત્તિઓ તથા કાઉન્સેલિંગ અને વિવિધ સેવાકાર્યોની સમજ પૂરી પાડવામાં આવેલ.

ટ્રેનિંગના અંતે ગુજરાત વિદ્યાપીઠનાં ત્રણ છાત્રોને રવજીભાઈ કરશનભાઈ હાલાઈ, શિવજીભાઈ પીંડોરીયા, લાલજીભાઈ હાલાઈ તથા માવજીભાઈ પીંડોરીયાના વરદ્ હસ્તે પ્રમાણપત્રો અર્પણ કરાયા હતા. માનવજ્યોત સંસ્થા - ભુજમાં અત્યાર સુધીમાં રાજ્યના ૨૨૪ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ સામાજિક કાર્યકરની ટ્રેનિંગ મેળવી છે.

કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે, જ્યારે આભારવિધિ સહદેવસિંહ જાડેજાએ કરેલ.

આ પ્રસંગે સંસ્થાના સુરેશભાઈ માહેશ્વરી, પૃથ્વીરાજસિંહ જાડેજા, આનંદ રાયસોની, શંભુભાઈ જોષી, દીપેશ શાહ, રફીક બાવા, કનૈયાલાલ અબોટી, નીતિન ઠક્કર, મનસુખભાઈ નાગડા, પ્રવીણ ભદ્રા, રીતુબેન વર્મા સહિતનાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# સવાલ અમારો... જવાબ તમારો.....

મણકો ૧૩

સંકલન - સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી (ગાંધીધામ - અમદાવાદ)
(સમાજના ભૂતપૂર્વ મંત્રી તથા 'મંગલ મંદિર'ના પ્રથમ ભૂતપૂર્વ તંત્રી)

*અહીં ૧૦ પ્રશ્નો આપવામાં આવેલા છે. તે તમામના સાચા જવાબ આપવાના છે. સાચા જવાબો આપનાર વાચકોમાંથી લક્કી ડ્રો કરી પાંચ વાચકોને યોગ્ય ઈનામ આપવામાં આવશે. વધુમાં વધુ સંખ્યામાં ભાગ લેવા વિનંતી.*

*તો આવો, આ એક નવીનતમ શ્રેણીના જવાબ આપવા થઈ જાઓ તૈયાર... ઉઠાવો કલમ...*

**★ આપે આટલું કરવાનું છે :**

- *આપના જવાબો, અંક મળ્યેથી ૧૦ દિવસમાં સમાજના પાલડી ભવન કાર્યાલયે મોકલી આપવાના છે.*
- *કવર ઉપર "સવાલ અમારો – જવાબ તમારો" સ્પર્ધા લખવાનું છે.*
- *જવાબના પત્ર ઉપર આપનું નામ, સરનામું, મોબાઈલ નંબર લખવો.*
- *આ એક ઉત્તમ પ્રયાસ છે. થોડી મહેનત કરશો. શોધખોળ કરશો... પ્રયત્ન કરશો... આપના જાણીતા અને અનુભવેલા પ્રશ્નો છે. આપને જરૂર આવડશે... આપનું નામ પ્રસિધ્ધ થશે... આપને આનંદ આવશે. સમાજ પ્રત્યે દિલચસ્પી વધશે.*

*તો આવો, તૈયારી કરીએ... જવાબ લખવાની...*

## • આ અંકના સવાલો •

૧. નાભીની હર્નીયાની સારવાર ________ અને ________ દ્વારા કરવામાં આવે છે.
(ઑપરેશન, વાઢકાપ, ઓપન ટેકનિક, લેપ્રોસ્કોપી ટેકનિક)

૨. વિશ્વ ઓટીસ્ટીક જાગૃતિ દિવસ : ________ (૩૧ માર્ચ, ૧૨ ડિસેમ્બર, ૨ એપ્રિલ)

૩. સારાભાઈ શેઠની પત્નીનું નામ ________ હતું.
(માયાવતી, ગોદાવરી, ચંપાબેન)

૪. કચ્છી ખારેકને ________ ટેગ મળ્યો છે. (GI, PTD, CG)

૫. અંબાણી પરિવારે ચોરવાડ ખાતે ________ માતાજીનાં દર્શન કર્યા.
(બુટ ભવાની, ઝુંડ ભવાની, ઘાસલ ભવાની)

૬. શ્રી ઉત્તમભાઈ મોમાયાને ________ નું બિરૂદ અપાયું. (સમાજરત્ન, સાંયરા રત્ન, પરિવાર રત્ન)

૭. વયસ્ક સમિતિ દ્વારા તા. ________ ના રોજ એક સુંદર કાર્યક્રમનું આયોજન થયું હતું.
(તા. ૨૬ જાન્યુઆરી, તા. ૧૫મી ઓગસ્ટ, તા. ૨૩ માર્ચ)

૮. મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા તા. ૧૯-૩-૨૦૨૩ના રોજ ________ના એક અદ્વિતીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. (સોનાના ઘરેણાની જાણકારી, ખરીદીનો કસબ, પસંદગી મેળો)

૯. પૃથ્વીની બહેન તરીકે ઓળખાતો ગ્રહ : ________. (શનિ, શુક્ર, ધ્રુવ)

૧૦. ________ રાજ્ય જમ્મુ - કાશ્મીરમાં ૨૫ એકર જમીન ખરીદશે.
(ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ)

## ● મણકા—૧૨ ના સવાલોના સાચા જવાબો ●

૧. ‘મંગલ મંદિર’ના ભૂતપૂર્વ તંત્રી સ્વ. પ્રેમીલાબેન કુરૂવાનું કન્યાદાન **શ્રી મોરારજીભાઈ દેસાઈ**એ કર્યું હતું.
૨. **શ્રી મધુબેન રવિચંદ્ર ગાંધી**એ દેહદાન અને ચક્ષુદાન કરેલ છે.
૩. માર્ચના અંકમાં અયોધ્યા - રામ મંદિરનો વિસ્તૃત લેખ લખનાર લેખક : **ભરત‘કુમાર’ ઠાકર.**
૪. ગંધાર તીર્થનો વિ.સં. ૧૮૧૦માં **હરકુંવર શેઠાણી**એ જીર્ણોધ્ધાર કર્યો હતો.
૫. ટેલીફોનની શોધ **ગ્રેહામ બેલ** એ વર્ષ **૧૮૭૬**માં કરી હતી.
૬. પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર ખાતે જાન્યુઆરી માસમાં કુલ **૭૮૬** વ્યક્તિઓએ લાભ લીધો.
૭. શ્રી કચ્છી વિશ્રામ ગૃહનો ભૂમિપૂજન સમારોહ **તા. ૧૩-૨-૨૦૦૦** ના રોજ કરવામાં આવેલ હતો.
૮. વયસ્ક સમિતિ દ્વારા કચ્છનો **૩ દિવસ** નો પ્રવાસ **ફેબ્રુઆરી ૬-૭-૮** ના રોજ રાખવામાં આવેલ હતો.
૯. મેડિકલ સેન્ટરનો પ્રારંભ – પાલડી ખાતે **૧૯૯૭**, બોપલ ખાતે **૨૦૨૦** અને ચાંગોદર ખાતે **૨૦૨૩** માં થયો હતો.
૧૦. સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો પૈકીના એક શૂરવીર : **રાસબિહારી બોઝ**

***મણકા-૧૨ (મંગલ મંદિર એપ્રિલ-૨૦૨૪ અંકમાં પૂછાયેલા પ્રશ્નોના) સાચા જવાબ આપનાર ભાગ્યશાળીઓના નામ નીચે મુજબ છે.***

૧. અલ્કા દિનેશ વોરા - અમદાવાદ
૨. ઝરણા પારેખ – પાલડી, અમદાવાદ
૩. સ્મિતા શાહ – અમદાવાદ
૪. નવનીત ત્રિકમલાલ પટેલ – બોપલ, અમદાવાદ
૫. મિત વિપુલ ગોસર – પાલડી, અમદાવાદ
૬. દિશા પટેલ – પાલડી, અમદાવાદ
૭. વસંત ‘કચ્છ કેસરી’ – મુલુંડ, મુંબઈ
૮. રોનકબેન આઈ. શેખ – અમદાવાદ
૯. નીલમ હિતેશ સંઘવી – ગીરધરનગર, અમદાવાદ
૧૦. ગિરીશ ડી. પોલડિયા
૧૧. અમ્રત જીવણલાલ
૧૨. હેમાબેન જગતકુમાર શાહ – પાલડી, અમદાવાદ
૧૩. હસમુખ દામજી દેઢિયા – અડાલજ
૧૪. મીનાક્ષી પારેખ – અમદાવાદ
૧૫. નેહા પારેખ
૧૬. મહેન્દ્ર ડી. પૂજ – પાલડી, અમદાવાદ
૧૭. અશોક વી. શાહ – ગાંધીનગર
૧૮. કામિની સ્નેહલકુમાર શેઠ – અમદાવાદ
૧૯. કિંજલ દિવ્યેશ શેઠ – અમદાવાદ
૨૦. અંજુ અનિલ મહેતા – અમદાવાદ

*ઉપરોક્ત ૨૦ નામોમાંથી ડ્રો કરવામાં આવતા નીચે મુજબના ૫ ભાગ્યશાળીઓ ઈનામને પાત્ર થયેલ છે.*

| | | | |
|---|---|---|---|
| ૧. | **અલ્કા દિનેશ વોરા** | **– અમદાવાદ** | **મો. ૯૪૨૭૬ ૧૫૬૩૫** |
| ૨. | **રોનકબેન આઈ. શેખ** | **– અમદાવાદ** | **મો. ૯૨૭૬૭ ૫૨૨૩૫** |
| ૩. | **નીલમ હિતેશ સંઘવી** | **– અમદાવાદ** | **મો. ૭૩૮૩૩ ૭૩૯૯૫** |
| ૪. | **હસમુખ દામજી દેઢિયા** | **– અડાલજ** | **મો. ૯૫૫૮૦ ૫૯૫૬૫** |
| ૫. | **અશોક વી. શાહ** | **– ગાંધીનગર** | **મો. ૯૩૨૮૯ ૨૬૮૫૯** |

***આ ભાગ્યશાળીઓએ પોતાના ઈનામ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતેથી મેળવી લેવા વિનંતી કરવામાં આવે છે.***

★ **નોંધ :** (૧) આ પ્રશ્નો સમાજ, સમાજની પ્રવર્તમાન પ્રવૃત્તિ અને સમાજને લગતા પૂછવામાં આવ્યા છે. સમાજના મુખપત્ર તથા સમાજના સાહિત્યનો અભ્યાસ કરવાથી જવાબો મળી જશે. (૨) સૌને સમાજની કાર્ય પ્રવૃત્તિમાં જોડવા અને ઓતપ્રોત કરવા સમાજને સ્પર્શતા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. (૩) આ કોલમ / મણકા સંબંધી આપનાં કોઈ સૂચન હોય તો આવકાર્ય છે.


**ચૌલા કુરૂવાના તાજેતરમાં પ્રકાશિત પુસ્તકો**



**નેગેટિવ ફીલિંગ્સ**
(મોટીવેશનલ)
**Rs. 90/-**

*પુસ્તકો એમેઝોન પર તેમજ વોટ્સએપ*
**99130 12120**

**સાપસીડી**
(નવલકથા)
**Rs. 225/-**



## ઉડતી નજરે.... માસ માર્ચ-૨૦૨૪ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ

| ક્રમ | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|
| ૧. | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી –* ● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ........ ૮૪૩<br>● સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ........ ૪૪<br>● બોડી ચેક-અપ ........ ૫૯૪<br>● સોનોગ્રાફી ........ ૧,૩૨૧<br>● ટી.એમ.ટી. ........ ૫૨<br>● ઑપરેશન ........ ૧૪<br>● અન્ય ........ ૮,૨૩૧ | ૧૧,૦૯૯ |
| ૨. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન, પાલડી, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી –* ● પુરુષો ........ ૪૭૪<br>● સ્ત્રીઓ ........ ૨૭૨<br>● બાળકો ........ ૩૦<br>● કેન્ટીન ........ ૪,૦૫૫ | ૪,૮૩૧ |
| ૩. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી –* ● પુરુષો ........ ૧૨૪<br>● સ્ત્રીઓ ........ ૩૭<br>● બાળકો ........ ૭ | ૧૬૮ |
| ૪. | **ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૧૪૯ |
| ૫. | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી –* ● શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - પેસેન્જર ........ ૧,૯૮૪<br>● મ્યુઝીયમ ........ ૧,૮૨૨<br>● કેન્ટીન ........ ૩,૯૩૦<br>● જલારામ અન્નક્ષેત્ર ........ ૪૬૦<br>● ડિસ્પેન્સરી ........ ૭૬ | ૮,૨૭૨ |
| ૬. | **શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર, શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૫૩૨ |
| ૭. | **નવનીત મેડિકલ સેન્ટર અને કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ ઓ.પી.ડી. સેન્ટર, દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી –* ● તબીબી ચેક- અપ ........ ૨૪૦<br>● સોનોગ્રાફી ........ ૨૫૮<br>● ઑપરેશન ........ ૨૧<br>● અન્ય ........ ૭,૦૦૬ | ૭,૫૨૫ |
| ૮. | **નવનીત ડાયાલિસિસ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૨૪૨ |
| ૯. | **પરમકૃપા મેડિકલ સેન્ટર, ચાંગોદર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી –* ● એક્સ-રે ........ ૮૫<br>● સોનોગ્રાફી ........ ૩૪<br>● બોડી ચેક-અપ ........ ૫૧<br>● ઈકો ........ ૧૪<br>● અન્ય ........ ૫૭૮ | ૭૬૨ |
| | *માસ માર્ચ – ૨૦૨૪ દરમિયાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ* | ૩૩,૫૮૦ |

## NanoNine® શબ્દ રમત-૨૦૬

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ૩ | ૪ | ૫ | | | ૬ | ૭ | ૮ |
| ૯ | | | ૧૦ | | ૧૧ | | | ૧૨ | | | |
| | | ૧૩ | | | | | ૧૪ | ૧૫ | | | |
| | ૧૬ | | | ૧૭ | ૧૮ | | | | | | |
| ૧૯ | | | ૨૦ | ૨૧ | | | ૨૨ | | | ૨૩ | ૨૪ |
| ૨૫ | | ૨૬ | | | | ૨૭ | | | ૨૮ | | |
| ૨૯ | ૩૦ | ૩૧ | | | ૩૨ | | | ૩૩ | | | |
| | ૩૪ | | | ૩૫ | | | | ૩૬ | | ૩૭ | |
| ૩૮ | | | ૩૯ | | | ૪૦ | ૪૧ | | | ૪૨ | |
| | | ૪૩ | | | ૪૪ | | | | | | |
| ૪૫ | ૪૬ | | ૪૭ | ૪૮ | | ૪૯ | | | ૫૦ | ૫૧ | |
| ૫૨ | | | | | | ૫૩ | | | ૫૪ | | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૩૧-૦૫-૨૦૨૪ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. આફ્રિકાનો વતની (૩)
૩. મન વડે ધારેલી, કલ્પિત (૩)
૬. દાબડી, ડબ્બી (૩)
૯. નાતનો ભોજન સમારંભ (૨)
૧૦. સૂઝ, સમજણ, જ્ઞાન (૪)
૧૩. નાનો તંબુ કે તેની કનાત (૨)
૧૪. દર, દામ, કિંમત (૨)
૧૬. ઘર પછવાડે આંતરેલી ખુલ્લી જગ્યા (૨)
૧૭. નકામી લાંબી વાત (૫)
૧૯. દાણ ઉઘરાવનારો, એક અટક (૨)
૨૦. સહવાસ, સોબત, મૈત્રી (૩)
૨૧. ચાલ, ઝડપ (૨)
૨૨. રેતીનું મેદાન કે પ્રદેશ (૨)
૨૩. બારમી સદીનો રાજા
ક્યાં રાજા _____ અને ક્યાં ગંગુ તેલી (૨)
૨૬. પાદુકા, ચાખડી (૩)
૨૭. એક જાતની વાંસળી (૨)
૨૮. લખાણ, દસ્તાવેજ, ગ્રાફ (૩)
૨૯. નવું આવેલું (૪)
૩૧. ગયેલું ભૂતકાળનું (૨)
૩૨. માતા તરીકે પૂજાતું ચોપગું (૨)
૩૩. ચર્ચા, શાસ્ત્રાર્થ (૨)
૩૪. ઝાકળ, ઓસ, શબનમ,
લવનું ઉલટું (૨)
૩૫. પાર્વતી, ઉમા (૩)
૩૬. દર્દ, દુ:ખ, પીડા (૩)
૩૮. લૂંટારાની ટોળકીનો હુમલો (૨)
૩૯. બ્રાહ્મણોમાં એક અટક (૨)
૪૦. મામાનું ઘર (૩)
૪૨. સમૃધ્ધિ, _____ સિધ્ધિ (૨)
૪૩. નૃત્ય, ખેલ, તમાશો (૨)
૪૫. પ્રાણ, દિલ (૨)
૪૭. દેવાદાર (૫)
૫૦. કશ્યપ ઋષિની પત્ની અને
દેવોની માતા (૩)
૫૨. રડવું તે, રોણું (૩)
૫૩. રાજાની પત્ની (૨)
૫૪. પાણી, વારિ (૨)

### ઊભી ચાવીઓ

૧. હોમ, યજ્ઞ (૩)
૨. તાવને લીધે હોઠના ખૂણે થતી ફોલ્લી (૨)
૩. જનની, જનેતા (૨)
૪. શહેરની સુધરાઈનો અધ્યક્ષ, મેયર (૫)
૫. ખેતર કે ગામની હદ (૨)
૭. મહાદેવને સંબોધન (૬)
૮. ઈટાલીનું ચલણ, લૂગડાના લાંબા કકડા,
ચીરા (૨)
૯. જંગલ, અરણ્ય (૨)
૧૦. માછલા પકડવાનો આંકડો (૨)
૧૨. આરછાદાન, પડદો (૪)
૧૩. ભેંસનું નર બચ્ચું (૨)
૧૪. શ્રાધ્ધનો મહિનો (૪)
૧૫. જાતિ, નાત, વર્ણ (૩)
૧૬. વચન, વાચા, બોલી (૨)
૧૭. સોના કે ચાંદીની પાટ (૩)
૧૮. વર (૨)
૧૯. પાલવ, સાડીનો લટકતો છેડો (૩)
૨૦. હિંદુ વર્ષ, અત્યારે વિક્રમ _____ ૨૦૮૦
ચાલે છે (૩)
૨૧. ગેડ (કપડાની) (૨)
૨૨. દાણાદાર લોટ (૨)
૨૪. ઘા (૩)
૨૫. અંતઃકરણ, દિલ, ઈચ્છા, મરજી (૨)
૨૬. દીવાનું, ગાંડું, મગજ ચસકેલું (૩)
૨૭. સુરવાલ, ચોરણો (૪)
૨૮. માન - સન્માન, સ્વીકાર (૩)
૩૦. સમાચાર, ભાળ, પત્તો (૩)
૩૨. લીંપવા માટે બનાવેલો ગારો (૨)
૩૩. આકાશમાં વરાળનો ગોટા જેવો સમૂહ,
વા વાયા ને _____ ઉમટ્યા (૩)
૩૪. વટવૃક્ષ, વડવાઈવાળું ઝાડ (૨)
૩૭. દરિયા જેવા ઉદાર દિલવાળું (૫)
૩૮. ધાણા અને જીરાનો દળીને કરેલો ભૂકો (૪)
૩૯. યાચક, માગનાર, માંગણ (૩)
૪૧. વાળવાનું સાધન (૪)
૪૪. તપાસ, શોધખોળ (૨)
૪૬. કૃષ્ણપક્ષ, અંધારું (૨)
૪૮. અણુ, ધૂળનો કણ (૨)
૪૯. પત્ની, સ્ત્રી (૨)
૫૦. નહીં જન્મેલું, બકરો (૨)
૫૧. હૃદય, મન, ચિત્ત (૨)

## NanoNine® શબ્દ રમત-૨૦૫નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઉ | ગ | મ | ણું | ■ | ડ | ફ | ણું | ■ | મ | હા | ન |
| મા | રૂ | તિ | ■ | અં | ગ | ના | ■ | શ | હા | દ | ત |
| ■ | ડ | ■ | પા | ■ | લું | ■ | વે | ર | ■ | સા | મ |
| કા | ■ | સ | દ | રો | ■ | ગુ | ■ | મિ | ત્ર | ■ | સ્ત |
| પ | રિ | વા | ર | ■ | અ | લા | ય | દું | ■ | થા | ક |
| ડિ | ■ | ર | ■ | અ | ■ | મ | મ | ■ | લ | ■ | ■ |
| યો | ગી | ■ | રે | ક | ર્ડ | ■ | ■ | વા | તા | ય | ન |
| ■ | ર | હે | વા | સી | ■ | સા | દા | ઇ | ■ | ■ | ખ |
| ■ | વ | મ | ■ | ર | ણ | મે | દા | ન | ■ | ■ | રાં |
| દે | વું | ■ | સા | ■ | ■ | લ | ગી | | અ | ■ | બા |
| વ | ■ | આ | ગ | મ | ■ | ■ | રી | ત | રિ | વા | જ |
| ર | ત્ના | ક | ર | ■ | છા | ત્ર | ■ | ન | ■ | ણી | ■ |

*માર્ચ-૨૦૨૪ના અંકમાં છપાયેલ નેનો શબ્દ-રમત ૨૦૪ના*
*બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ – અમદાવાદ
૨. બીનોય ગોગરી – અમદાવાદ
૩. જ્યોત્સના ગોગરી – અમદાવાદ
૪. રીશીત ધરોડ – અમદાવાદ
૫. ચંદ્રા શાહ – અમદાવાદ
૬. સ્મિતા શાહ – અમદાવાદ
૭. કામિની શેઠ – અમદાવાદ
૮. મહેન્દ્ર પુજ – અમદાવાદ
૯. ઈંદુબેન પટેલ – અમદાવાદ
૧૦. મીના ખરીદીયા – અમદાવાદ
૧૧. જ્યોતિ શાહ – અમદાવાદ
૧૨. યેશા મહેતા – અમદાવાદ
૧૩. દિશા પટેલ – અમદાવાદ
૧૪. મિત્તલ પટેલ – અમદાવાદ
૧૫. રીમા જૈન – અમદાવાદ
૧૬. લક્ષ્મી ખત્રી – અમદાવાદ
૧૭. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૧૮. દક્ષા શાહ – અમદાવાદ
૧૯. મિતેશ દેઢિયા – અમદાવાદ
૨૦. મુકેશ શાહ – અમદાવાદ
૨૧. દમયંતી દંડ – અમદાવાદ
૨૨. અરવિંદ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૨૩. ભૂપેન્દ્ર બાબરીયા – બોપલ, અમદાવાદ
૨૪. હસ્તી ઠાકર – ભુજ (કચ્છ)
૨૫. કંચનબેન મોરબીયા – ભુજ (કચ્છ)
૨૬. ફાલ્ગુની ડી. ડુંગાણી – આદિપુર (કચ્છ)
૨૭. પુનિત શાહ – માંડવી (કચ્છ)
૨૮. સરોજ ચંદુરા – સુરત
૨૯. નવલ નીસર – સુરત
૩૦. પ્રભા શેઠિયા – વલસાડ
૩૧. અનિતા ખોના – મુંબઈ
૩૨. હંસકુમાર છેડા – મુંબઈ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રો કરતાં એક વિજેતાનું નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાના ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

*વિજેતા :* રીશીત ધરોડ – અમદાવાદ

## પ્રતિભાવ

હું મહેશ્વરી કાજલ. હું અહીં શ્રી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગ ખાતે મારા અભ્યાસ (પરીક્ષા) હોવાથી અમે બે છોકરીઓ અહીં બે દિવસ માટે રોકાવા આવ્યા હતા. અહીં અમને ઘર જેવું જ લાગેલ છે. અને સૌથી સારું તો અહીં ગર્લ્સ સેફ્ટી ખૂબ જ સારી હતી અને અમે બે દિવસ માટે અહીં જ કેન્ટીનમાં જમેલ હતા. અહીંની કેન્ટીનનું જમવાનું ખૂબ જ સારું હતું. ઘરની રસોઈ જેવો જ સ્વાદ અને સગવડ હતી. અમોને અહીં રહેવાનો ખૂબ આનંદ થયેલ છે અને નેક્સ્ટ ટાઈમ પણ જરૂર મુલાકાત લઈશું.

***કાજલ મહેશ્વરી ● મો. ૯૭૨૫૨ ૨૮૨૩૭***

★

*માનનીય શ્રી અશોકભાઈ,*

'મંગલ મંદિર' માસિકના એપ્રિલ-૨૦૨૪ના અંકમાં કવર પેઈજ ઉપર "વિશ્વ આરોગ્ય દિવસ – ૭ એપ્રિલ" છાપવા બદલ તથા આપના તંત્રી લેખમાં પણ વિશ્વ આરોગ્ય દિવસ – ૭ એપ્રિલ વિશે તેમજ ૨૦૨૪ના સૂત્ર બદલ જાણકારી આપવા બદલ આપને હૃદયપૂર્વકના અભિનંદન.

ભારતમાં વ્યક્તિનું આયુષ્ય વધતું જાય છે. ૧૯૫૦માં ભારતમાં સરેરાશ વય (**Life expectancy**) ૩૧ વર્ષની હતી જે હવે વધીને ૨૦૨૪માં સરેરાશ વય ૬૯.૪૨ વર્ષ થયેલ છે. એટલે કે સરેરાશ વય મર્યાદા ૭૦ વર્ષની થઈ છે.

વ્યક્તિ તથા સમાજે સ્વાસ્થ્યને યોગ્ય મહત્ત્વ આપવું જરૂરી છે. યુવાન વયે આરોગ્યને મહત્ત્વ ઓછું મળે છે. જીવનશૈલીમાં આરોગ્ય / સ્વાસ્થ્યનું મહત્ત્વ ઘણું પાછળ હોય છે. પરંતુ આની નકારાત્મક અસર વધતી ઉંમરે જોવા મળે છે. યુવાન વયથી જ જીવનશૈલી પર ધ્યાન આપવું જરૂરી છે. જેથી વરિષ્ઠ વયે બીમારીઓ થવાની શક્યતા ઓછી રહે.

મંગલ મંદિરના આવનારા અંકોમાં આ વિશેના લેખો છાપવા વિનંતી. ફરીથી આપને હાર્દિક અભિનંદન.

***ડૉ. મણિલાલ ગડા – ઘાટકોપર, મુંબઈ***

## NanoNine® Sudoku

**માર્ચ-૨૦૨૪ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૬૨ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ**

૧. નયના કારાણી (ડુમરા) – અમદાવાદ
૨. રોનકબેન શેખ – અમદાવાદ
૩. રીશીત ધરોડ – અમદાવાદ
૪. હેનીલ ગોગરી – અમદાવાદ
૫. નયના ગોગરી – અમદાવાદ
૬. ચંદ્રા શાહ – અમદાવાદ
૭. સ્મિતા શાહ – અમદાવાદ
૮. કામિની શેઠ – અમદાવાદ
૯. મહેન્દ્ર પૂજ – અમદાવાદ
૧૦. ઈંદુબેન પટેલ – અમદાવાદ
૧૧. મીના ખરીદીયા – અમદાવાદ
૧૨. જ્યોતિ શાહ – અમદાવાદ
૧૩. યેશા મહેતા – અમદાવાદ
૧૪. રીમા જૈન – અમદાવાદ
૧૫. મિતેશ દેઢિયા – અમદાવાદ
૧૬. સનત મહેતા – અમદાવાદ
૧૭. નેહા પારેખ – અમદાવાદ
૧૮. પ્રદીપસિંહ ચૌહાણ – સાઉથ બોપલ, અમદાવાદ
૧૯. અરવિંદ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૨૦. ભૂપેન્દ્ર બાબરીયા – બોપલ, અમદાવાદ
૨૧. સરોજ ચંદુરા – સુરત
૨૨. ચંદ્રિકા શાહ – સુરત
૨૩. પ્રભા શેઠિયા – વલસાડ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર એક વિજેતાનું નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાનું ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

***વિજેતા*** : ભૂપેન્દ્ર બાબરીયા – બોપલ, અમદાવાદ

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૬૪ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૦૫-૨૦૨૪ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૧૬૪

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | | | 1 | | 2 | 3 | | 8 |
| | 3 | 8 | 6 | | | | 5 | |
| 5 | | | | 3 | | 2 | 4 | |
| | | 3 | | 9 | 4 | | 8 | |
| 8 | 5 | | | | | | | 4 |
| | | | 5 | 6 | | 9 | | |
| | 8 | 5 | | 7 | | | | 6 |
| | 7 | | | | 5 | 8 | 9 | |
| 1 | | 2 | | | 6 | | | 7 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | | 1 | | | 7 | | | 5 |
| | | | 9 | 3 | | 1 | 2 | |
| 5 | | 8 | | | 6 | | 7 | |
| | 7 | | 1 | 6 | | 3 | | 9 |
| 9 | 1 | | | | | | 4 | |
| | | 6 | 3 | 9 | 4 | | 1 | |
| | 8 | | | | | 7 | | 1 |
| | 5 | 9 | | 7 | 3 | | | |
| 7 | | | 5 | | | 9 | | 4 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 2 | | 9 | | 8 | | 6 |
| | 5 | 3 | | | 6 | | | 2 |
| 6 | | | 1 | | 2 | | 7 | |
| 5 | 6 | 7 | 3 | | | | 9 | |
| | | 1 | | 7 | | 6 | | |
| | 3 | | | 1 | 4 | 7 | | 8 |
| | 9 | | 8 | | 3 | | 4 | 1 |
| 3 | | | 2 | | | 9 | 6 | |
| 4 | | 5 | | 6 | | | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 6 | | 8 | | 2 | 3 | 5 | |
| 2 | | 8 | | 3 | | | | |
| 5 | 7 | | | | 9 | 2 | | 6 |
| 4 | | | 2 | | | 6 | 1 | |
| | | 6 | | 9 | | 4 | | |
| | 8 | 7 | | 6 | 4 | | | 5 |
| 7 | | | 9 | | | 5 | | 1 |
| | | | | 2 | | | 9 | 3 |
| 6 | 1 | 9 | 3 | | 7 | | 4 | |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૬૪

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 8 | 5 | 6 | 7 | 3 | 9 | 1 | 4 |
| 7 | 9 | 6 | 4 | 1 | 8 | 5 | 3 | 2 |
| 1 | 4 | 3 | 9 | 5 | 2 | 7 | 8 | 6 |
| 5 | 3 | 8 | 7 | 4 | 6 | 1 | 2 | 9 |
| 6 | 2 | 1 | 5 | 8 | 9 | 3 | 4 | 7 |
| 9 | 7 | 4 | 2 | 3 | 1 | 6 | 5 | 8 |
| 4 | 5 | 2 | 1 | 9 | 7 | 8 | 6 | 3 |
| 8 | 1 | 9 | 3 | 6 | 4 | 2 | 7 | 5 |
| 3 | 6 | 7 | 8 | 2 | 5 | 4 | 9 | 1 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 4 | 6 | 5 | 8 | 3 | 2 | 9 | 7 |
| 8 | 7 | 2 | 1 | 6 | 9 | 4 | 3 | 5 |
| 5 | 3 | 9 | 7 | 4 | 2 | 8 | 1 | 6 |
| 4 | 9 | 8 | 2 | 3 | 6 | 7 | 5 | 1 |
| 7 | 2 | 1 | 9 | 5 | 4 | 6 | 8 | 3 |
| 3 | 6 | 5 | 8 | 7 | 1 | 9 | 4 | 2 |
| 2 | 8 | 3 | 4 | 1 | 7 | 5 | 6 | 9 |
| 9 | 1 | 4 | 6 | 2 | 5 | 3 | 7 | 8 |
| 6 | 5 | 7 | 3 | 9 | 8 | 1 | 2 | 4 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 7 | 9 | 4 | 6 | 3 | 5 | 1 | 2 |
| 1 | 5 | 2 | 8 | 9 | 7 | 4 | 3 | 6 |
| 4 | 6 | 3 | 2 | 5 | 1 | 9 | 7 | 8 |
| 6 | 3 | 4 | 9 | 1 | 8 | 2 | 5 | 7 |
| 2 | 8 | 5 | 7 | 3 | 4 | 1 | 6 | 9 |
| 7 | 9 | 1 | 6 | 2 | 5 | 8 | 4 | 3 |
| 9 | 4 | 7 | 1 | 8 | 6 | 3 | 2 | 5 |
| 3 | 2 | 6 | 5 | 4 | 9 | 7 | 8 | 1 |
| 5 | 1 | 8 | 3 | 7 | 2 | 6 | 9 | 4 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 5 | 1 | 6 | 7 | 9 | 3 | 2 | 4 |
| 9 | 6 | 4 | 1 | 2 | 3 | 7 | 5 | 8 |
| 2 | 3 | 7 | 5 | 4 | 8 | 6 | 1 | 9 |
| 5 | 8 | 3 | 4 | 6 | 1 | 9 | 7 | 2 |
| 7 | 2 | 6 | 9 | 3 | 5 | 8 | 4 | 1 |
| 1 | 4 | 9 | 2 | 8 | 7 | 5 | 3 | 6 |
| 6 | 1 | 8 | 3 | 5 | 2 | 4 | 9 | 7 |
| 4 | 9 | 5 | 7 | 1 | 6 | 2 | 8 | 3 |
| 3 | 7 | 2 | 8 | 9 | 4 | 1 | 6 | 5 |

Nano 9® kitchenware in new avatar

NanoNine® INNOVATIVE KITCHENWARE Bana De Life Aasaan!

Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in

AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

# દેશ-વિદેશ....



ચૌલા કુરૂવા

## દેશના સમાચાર

### ઉજ્જૈન મહાકાલ મંદિર

ઉજ્જૈનના મહાકાલ મંદિરમાં ભસ્મ આરતી માટે સત્તાવાર ઓનલાઇન અને ઓફલાઇન ક્વોટા છે. પરંતુ દલાલોએ લોકોને દર્શન કરાવવા માટે પોતાની સિસ્ટમ બનાવી છે. દલાલો ૩૦૦૦થી ૫૦૦૦ રૂપિયા વસૂલીને દર્શન કરાવી રહ્યા છે. તેમના નેટવર્કમાં ઓટો રીક્ષા ચાલકો, ફૂલ વેચનારા, સુરક્ષા કર્મચારીઓ અને પોતાને પંડિત ગણાવતા લોકો સામેલ છે.

*(તા. ૪-૪-૨૦૨૪)*

### સરહદના ગામોનો વિકાસ

કેન્દ્રની મોદી સરકારે ચીન સરહદ એટલે કે LAC સાથેના ગામડાંઓને વિકસાવવા માટે વાઇબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ શરૂ કર્યો છે. આ અંતર્ગત અરૂણાચલ પ્રદેશ, સિક્કીમ, ઉત્તરાખંડ, હિમાચલ અને કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખના ૧૯ જિલ્લાના ૪૬ બ્લોકમાં ૨૯૬૭ ગામોની પસંદગી કરવામાં આવી હતી. હવે તેમની તસવીર બદલાઈ ગઈ છે.

અરૂણાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને લદ્દાખમાં LAC નજીક આવેલા ગામો જે વેરાન બની રહ્યા હતા, ત્યાં લોકો ફરીથી વસવાટ કરી રહ્યા છે. હવે અહીં 4G નેટવર્ક, ૨૪ કલાક વીજળી, હોસ્પિટલ, શાળા... બધું જ છે. પ્રવાસીઓ પણ અહીં કોઈ પ્રતિબંધ વિના જવા લાગ્યા છે. *(તા. ૬-૪-૨૦૨૪)*

### રામ મંદિરમાં સૂર્ય તિલક... અયોધ્યા...

આ વખતે રામનવમી પર સૂર્યના કિરણો રામ મંદિરમાં હાજર ભગવાન શ્રી રામલલ્લાનો અભિષેક કરશે. મંદિરના ત્રીજા માળ પર સ્થાપિત ઓપ્ટોમિકેનિકલ સિસ્ટમ દ્વારા કિરણો ૧૭ એપ્રિલે બપોરે ૧૨ વાગે ગર્ભગૃહમાં પહોંચશે. અહીં કિરણો અરીસામાંથી પ્રતિબિંબિત થશે અને રામલલ્લાના કપાળ પર ૭૫ મિમિના ગોળ તિલકના રૂપમાં ૪ મિનિટ સુધી સીધા જ જોવા મળશે. દેશની બે વૈજ્ઞાનિક સંસ્થાઓની મહેનતથી આ સૂર્ય તિલક સાકાર થઈ રહ્યું છે.

તા. ૧૭-૪-૨૦૨૪ના રોજ ૩ મિનિટ સુધી આ તિલક ઝળહળી રહ્યું ને સફળ રહ્યો પ્રયોગ. લાખો લોકોએ તેના દર્શન કર્યા. *(તા. ૫-૪-૨૦૨૪ તથા તા. ૧૭-૪-૨૦૨૪)*

### પતંજલિની માફી મંજૂર નથી... પરિણામ ભોગવવું પડશે... : સુપ્રીમ કોર્ટ

#### પતંજલિની વિવિદાસ્પદ જાહેરાત કેસમાં સુપ્રીમ કોર્ટે બાબા રામદેવ અને બાલકૃષ્ણની બીજી માફી પણ ફગાવી દીધી હતી

એક દિવસ પહેલા, ૯ એપ્રિલના રોજ, બાબા રામદેવ અને પતંજલિ આયુર્વેદના મેનેજિંગ ડાયરેક્ટર આચાર્ય બાલકૃષ્ણએ નવી એફિડેવિટ ફાઈલ કરી હતી. જેમાં પતંજલિએ બિનશરતી માફી માંગી હતી અને કહ્યું હતું કે તેને આ ભૂલ માટે પસ્તાવો છે અને તે ફરીથી નહીં થાય.

સુપ્રીમ કોર્ટ ૧૭ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ ઇન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA) દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરી રહી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે પતંજલિએ કોવિડ રસીકરણ અને એલોપથી વિરૂદ્ધ નકારાત્મક પ્રચાર કર્યો હતો. તે જ સમયે, તેમણે પોતાની આયુર્વેદિક દવાઓથી કેટલાક રોગોનો ઇલાજ કરવાનો ખોટો દાવો કર્યો.

*(તા. ૧૦-૪-૨૦૨૪)*

### ભારત અને બાંગ્લાદેશ વચ્ચે સમજૂતી

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ૫૦ વર્ષ પછી જમીનની અદલાબદલી થઈ છે. બાંગ્લાદેશના લોકોએ આને ઇદની ભેટ ગણાવી છે. ભારતે બાંગ્લાદેશને સરહદ પરના ઠાકુરગાંવના રાનીશંકોઇ ઉપજિલ્લાની ૫૬.૮૬ એકર જમીન સોંપી છે. તેની સામે ભારતને પણ બાંગ્લાદેશ પાસેથી ૧૪.૬૮ એકર જમીન પાછી મળી છે. ભારત વતીથી બોર્ડર સિક્યુરીટી ફોર્સ

(બી.એસ.એફ.) અને બાંગ્લાદેશ વતીથી બોર્ડર ગાર્ડ બાંગ્લાદેશ (બી.જી.બી.) વચ્ચે પ્લેગ મીટિંગમાં જમીનોની અદલાબદલીની સમજૂતી થઈ હતી પરંતુ રાનીશંકાઈ મુદ્દે કોઈ કાર્યવાહી થઈ શકી નહોતી. ૨૦૧૫માં નવી સમજૂતી પછી આ દિશામાં ઝડપ આવી હતી. *(તા. ૧૨-૪-૨૦૨૪)*

### ઇન્ફોસીસ - નારાયણ મૂર્તિનો પૌત્ર

ભારતીય ટેક કંપની ઈન્ફોસીસના સ્થાપક નારાયણ મૂર્તિના ૫ મહિનાના પૌત્ર એકગ્ર રોહન મૂર્તિને તેમના ૧૫ લાખ શેર પર રૂા. ૪.૨ કરોડનું ડિવિડંડ મળ્યું છે. નારાયણ મૂર્તિએ ગયા મહિને આ શેર તેમના પૌત્રને ભેટમાં આપ્યા હતા. તેની કિંમત લગભગ ૨૧૦ કરોડ રૂપિયા છે. *(તા. ૧૭-૪-૨૦૨૪)*

### હેલિકોપ્ટર દ્વારા ચારધામ યાત્રા

ઉત્તરાખંડમાં ચારધામ યાત્રા ૧૦ મે થી શરૂ થવા જશે. છેલ્લા ચાર દિવસમાં ૧૪ લાખથી વધુ લોકો રજિસ્ટ્રેશન કરાવી ચૂક્યા છે. ગત વર્ષે ચાર માસમાં ૫૫ લાખ ભક્તો પહોંચ્યા હતા. *(તા. ૧૯-૪-૨૦૨૪)*

### અમરનાથ યાત્રાએ જતા પહેલાં ઘણા મેડિકલ ટેસ્ટમાંથી પસાર થવું પડશે

બાબા બર્ફાનીની હિંદુ ધર્મમાં પ્રસિદ્ધ યાત્રા ગણાય છે. અમરનાથ યાત્રા પર જવા માટે રજિસ્ટ્રેશનની શરૂઆત થઈ ચૂકી છે. દર વર્ષે ગુજરાત સહિત દેશભરમાંથી અને વિદેશથી પણ યાત્રીઓ બાબા બર્ફાનીના દર્શનાર્થે અમરનાથ જતા હોય છે. અત્યાર સુધીમાં અનેક એવા કિસ્સા સામે આવ્યા છે, જ્યાં અમરનાથ યાત્રાએ જતા યાત્રાળુઓને શારીરિક તકલીફ સર્જાતા તેમની તબિયત લથડી જાય છે અથવા તો મોત પણ નીપજે છે કારણકે અમરનાથ એક એવું સ્થળ છે કે જ્યાં ઠંડીનું પ્રમાણ ખૂબ વધુ હોય છે. તેથી ઓક્સિજન ઘટી જવાને કારણે કેટલાક યાત્રાળુઓના હૃદય બંધ પડી જતા હોવાના કિસ્સા સામે આવ્યા છે. અમરનાથ યાત્રા પર જતા પહેલાં સરકાર દ્વારા કેટલાક માપદંડ નિશ્ચિત કરવામાં આવ્યા છે. જે પૂર્ણ થયા બાદ જ અમરનાથ યાત્રા કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે.

## વિદેશના સમાચાર

### મેક્સિકોમાં પૂર્ણ સૂર્યગ્રહણ. દિવસ દરમિયાન અંધારું છવાયું

#### અમેરિકાના ઘણા વિસ્તારોમાં ઇમરજન્સી. ગ્રહણ જોવા માટે સવારે ૫ વાગ્યાથી કતારમાં ઉભા છે લોકો

મેક્સિકો અને અમેરિકામાં વર્ષનું પ્રથમ સૂર્યગ્રહણ શરૂ થઈ ગયું છે. મેક્સિકોમાં ૬૦૩ કિ.મી.માં ફેલાયેલા ઈસ્લા સોકોરો દ્વીપમાં પ્રથમ વખત પૂર્ણ સૂર્યગ્રહણની એન્ટ્રી થઈ. હાલમાં અહીં સંપૂર્ણ અંધકાર છે. થોડા સમય બાદ કેનેડામાં પણ ગ્રહણ દેખાશે. અમેરિકામાં ગ્રહણના માર્ગમાં આવતા ઓછામાં ઓછા ૧૨ રાજ્યોમાં લગભગ ૪ મિનિટ ૨૮ સેકન્ડ માટે દિવસ દરમિયાન અંધારું રહેશે.

તે જ સમયે, ૫૪ દેશોમાં આંશિક સૂર્યગ્રહણ થશે. ભારતમાં સૂર્યગ્રહણ દેખાશે નહીં કારણકે જ્યારે ગ્રહણ શરૂ થશે ત્યારે અહીં રાત થઈ જશે.

મેક્સિકોમાં ગ્રહણ જોવા માટે લોકોની ભીડ એકત્ર થઈ છે. આ દરમિયાન અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ ફિલાડેલ્ફિયાથી ગ્રહણ નિહાળશે.

સૂર્યમાંથી નીકળતી સૌર ઉર્જા અને પર્યાવરણ પર તેની અસર જાણવા માટે નાસા ગ્રહણ દરમિયાન સાઉન્ડિંગ રોકેટ લોન્ચ કરશે. સાઉન્ડિંગ રોકેટ સ્પેસમાં બહુ દૂર જતા નથી. તેનો ઉપયોગ પૃથ્વીની સપાટીથી ૪૮થી ૧૪૫ કિ.મી. સુધીના અભ્યાસ માટે થાય છે.

અમેરિકામાં ઘણા લોકો નાયગ્રા ધોધ પરથી સૂર્યગ્રહણ જોવા માટે એકઠા થયા છે. *(તા. ૮-૪-૨૦૨૪)*

### માલદીવ્સમાં ભારતીય ટુરિસ્ટ માર્કેટ ભોંય પર...

ભારત અને મુઇઝ્ઝુ સરકાર વચ્ચે વિવાદ ચાલુ છે. આ દરમિયાન માલદીવ્સ ભારતીય પ્રવાસીઓને આકર્ષવા માટે ભારતના ઘણા શહેરોમાં રોડ શોનું આયોજન કરશે.

હાર્દિક શુભકામનાઓ સાથે...
**માતુશ્રી શાંતાબેન ખીમજી પ્રેમજી મહેતા પરિવાર (બેલા વારા) – અમદાવાદ**
રસિકભાઈ – રજનીકાંત – હસમુખ ખીમજીભાઈ મહેતા

માલદીવ્સ એસોસિએશન ઓફ ટુર એન્ડ ટ્રાવેલ ઓપરેટર્સ (MATATO)એ ગુરૂવારે રાત્રે ભારતીય હાઇ કમિશનર મુનુ મહાવર સાથે મુલાકાત કરી બંને દેશો વચ્ચે પ્રવાસ અને પ્રવાસન સહયોગ વધારવા અંગે ચર્ચા કરી હતી.

હકીકતમાં જાન્યુઆરીથી માલદીવ્સની મુલાકાતે આવતા ભારતીય પ્રવાસીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. તેનું કારણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર કરવામાં આવેલી વાંધાજનક ટીપ્પણી છે. પી.એમ. મોદીએ ૩ જાન્યુઆરીએ લક્ષદ્વીપની મુલાકાત લીધી હતી. ત્યાંની સુંદરતા સાથે જોડાયેલી તસવીરો શેર કરતા તેમણે કહ્યું હતું કે, પ્રાકૃતિક સૌંદર્ય ઉપરાંત લક્ષદ્વીપની શાંતિ પણ મનમોહક છે. આ પછી લક્ષદ્વીપ અને માલદીવ્સ વચ્ચે સરખામણી થવા લાગી. તેના પર માલદીવ્સના કેટલાક મંત્રીઓએ પીએમ મોદી અને ભારત વિરૂદ્ધ અપમાનજનક ટીપ્પણી કરી હતી. *(તા. ૧૦-૪-૨૦૨૪)*

## સાઉદીમાં જેલમાં કેદ ભારતીય માટે ૩૪ કરોડની બ્લડ મની

સાઉદી અરેબિયામાં મૃત્યુદંડની સજા પામેલા વ્યક્તિને બચાવવા માટે કેરળના લોકોએ ૩૪ કરોડ રૂપિયા ભેગા કર્યા છે. આ વ્યક્તિનું નામ અબ્દુલ રહીમ છે અને તે કોઝીકોડનો રહેવાસી છે. ૨૦૦૬માં, તેના પર સાઉદીના એક છોકરાના મૃત્યુનો આરોપ લાગ્યો હતો. તે છેલ્લા ૧૮ વર્ષથી સાઉદીની જેલમાં બંધ છે. *(તા. ૧૩-૪-૨૦૨૪)*

## જયશંકર સાથે વાતચીત બાદ ઇરાને કહ્યું : ભારતીય અધિકારી ઇરાનમાં કેદ ૧૭ ક્રૂ-મેમ્બર્સને મળી શકશે

ઈરાન દ્વારા ઈઝરાયેલ પરના હુમલા બાદ રવિવારે જયશંકરે કહ્યું કે બંને દેશોએ શાંતિ અને કૂટનીતિ દ્વારા આ મુદ્દાનો ઉકેલ લાવવો જોઈએ. જોકે, શનિવારે ઈરાને ઈઝરાયલના એક અબજોપતિની કંપનીનું જહાજ કબજે કર્યું હતું. આ કાર્ગો જહાજ ભારત આવી રહ્યું હતું અને તેમાં ૧૭ ભારતીય ક્રૂ મેમ્બર્સ હતા.

ભારતીય વિદેશ મંત્રી જયશંકર સાથે ફોન પર વાતચીત બાદ ઈરાને ભારતીય અધિકારીઓને ૧૩ ક્રૂ મેમ્બર્સને મળવાની મંજૂરી આપી. વિદેશ મંત્રી જયશંકરે ૧૭ ભારતીય ક્રૂ મેમ્બર્સની મુક્તિ અંગે ઈરાનના મંત્રી સાથે વાત કરી હતી.

*(તા. ૧૪-૪-૨૦૨૪)*

## દુબઈમાં પૂર અને વરસાદ

દુબઈમાં વરસાદને કારણે છેલ્લા ૩ દિવસથી રણમાં પૂરની સ્થિતિ સર્જાતાં લોકોની મુશ્કેલી વધી છે. દુબઈ એરપોર્ટ ઉપર પણ પાણી ભરાઈ ગયા છે. એવામાં ફ્લાઈટ ઓપરેશન ૧૨ કલાકથી વધુ સમય માટે બંધ રહેવાથી અનેક મુસાફરો એરપોર્ટ પર અટવાઈ ગયા છે. મુસાફરો ૧૦થી ૧૫ કલાકથી ભૂખ્યા બેસીને પોતાની ફ્લાઈટની રાહ જોઈ રહ્યા છે.

લોકો સોશિયલ મીડિયામાં હવે મંદિરને પણ આ વરસાદ સાથે સાંકળી રહ્યા છે. *(તા. ૧૬-૪-૨૦૨૪)*

## સમજાય છે

નાનાની ના કરો કદી અવગણના
એના લીધે તો મોટાની ગણના થાય છે
વિચારીને, વિવેકબુદ્ધિથી સમજો તો,
શૂન્યમાંથી નવસર્જન થાય છે.

કાતિલ નજરથી થયા આરપાર,
હતી દવા હાથવગ છતાં ઘાયલ થવાય છે,
સમી સાંજની જ્યાં વાત આવી સાકી,
જામના નશામાં બધા દર્દો ભૂલાય છે.

મુષક કતરે છે કાળા અને શ્વેત વાળને,
સમયને બળવાન એટલે તો કહેવાય છે,
પાપ-પુણ્યના હો હિસાબ મનના ચોપડે,
યમરાજ સમક્ષ અંત સમયે પારદર્શક થવાય છે.

લાગણીના નામે તરસતું, વલખતું પંખી,
ફાસ્ટ ફોરવર્ડ સમી જિંદગીમાં ખાલીપો સર્જાય છે,
સ્પર્શવું જોઈએ હૃદયે સુખ અને દુઃખ નિરંતર,
ફક્ત શ્વાસ ચાલે એને શું જિંદગી કહેવાય છે?

ધારણાથી પર છે વિચારોની અવસ્થા,
સ્થિર થાય મન તો સમાધિમાં બેસાય છે,
ઝંઝાવાતનું બીજું નામ છે નેહ 'જિંદગી',
રુગ્ણાલયથી સ્મશાન ગૃહના રસ્તે એ સમજાય છે.

*નેહા શાહ 'નેહ' – સાયન, મુંબઈ*

॥ શુભેચ્છા સહ... ॥
**ગણેશ ચિક્કી પરિવાર - અમદાવાદ**
**હ. જયંતીભાઈ નીસર**

# જ્ઞાન – વિજ્ઞાન

● સંકલન : રસીક ખીમજી મહેતા ●

*આજે આપણે જીવસૃષ્ટિની અનેક પ્રકારની વિવિધતાથી ભરપૂર દુનિયામાં ડોકિયું કરીશું અને અમુક જીવોની વિશેષતાનો પરિચય કેળવીશું. કદાવર વ્હેલથી લઈ સુંદર મજાના પતંગિયા સુધીના જીવોની જાણકારીનું નાનું શું સંકલન...*

## વિશ્વની ટોપ ટેન કદાવર વ્હેલ

વિશ્વનું સૌથી કદાવર પ્રામી વ્હેલ ઘણા પ્રકારની હોય છે. જુદી જુદી જાતની વ્હેલના કદ જુદા જુદા હોય છે. તેમાં દસ પ્રકારની સૌથી મોટી વ્હેલની જાતના કદના અધધ આંકડા જાણવા જેવા છે.

★ **બોહેડ વ્હેલ :** પૃથ્વીના ઉત્તર ગોળાર્ધના દરિયાકાંઠાના વિસ્તારની બોહેડ વ્હેલ ૧૪થી ૧૫ મીટર લાંબી અને ૬૦ ટન વજનની હોય છે.

★ **રાઈટ વ્હેલ :** ઉત્તર એટલાન્ટીક મહાસાગરમાં જોવા મળતી રાઈટ વ્હેલ ૧૩થી ૧૮ મીટર લાંબી હોય છે. તે વજનમાં ૪૦ ટનની હોય છે. આ કેલિફોર્નિયા અને અલાસ્કામાં જોવા મળે છે.

★ **સધર્ન રાઈટ વ્હેલ :** ઓસ્ટ્રેલિયા, આર્જેન્ટીના અને દક્ષિણ અમેરિકાના દરિયામાં જોવા મળતી આ વ્હેલ ૧૩ મીટર લાંબી હોય છે.

★ **ગ્રે વ્હેલ :** ઉત્તર પેસીફિક મહાસાગરમાં રહેતી ગ્રે વ્હેલ ૧૦થી ૧૪ મીટર લાંબી અને ૧૩ ટન વજનની હોય છે. આ વ્હેલ નષ્ટપ્રાય છે.

★ **બ્લ્યુ વ્હેલ :** દક્ષિણ ગોળાર્ધના દરિયામાં રહેલી બ્લ્યુ વ્હેલ સમગ્ર વિશ્વમાં સ્થળાંતર કરે છે. આ વ્હેલ સૌથી મોટી ૨૫થી ૨૬ મીટર લાંબી હોય છે અને ૧૦૦ ટન વજનની હોય છે.

★ **ફિન વ્હેલ :** ઉત્તર એટલાન્ટીકમાં રહેતી ફિન વ્હેલ ૨૦થી ૨૨ મીટર લાંબી હોય છે અને ૪૫ ટન વજનની હોય છે. તે ઋતુ મુજબ સ્થળાંતર કરે છે.

★ **સી વ્હેલ :** સમગ્ર વિશ્વમાં દરિયાકાંઠે જોવા મળતી સી વ્હેલ ૧૫ મીટર લાંબી હોય છે.

★ **બ્રાઇડ્સ વ્હેલ :** ૧૩થી ૧૪ મીટર લાંબી આ વ્હેલ ૧૬ ટન વજન ધરાવે છે. તે વિશ્વમાં બધે જ જોવા મળે છે.

★ **કોમન મિન્ક વ્હેલ :** ઉત્તર એટલાન્ટીક અને પેસીફિકમાં જોવા મળતી આ વ્હેલ ૮થી ૧૦ મીટર લાંબી હોય છે અને ૮થી ૯ ટન વજન ધરાવે છે.

## આફ્રિકાના જંગલી હાથી : ફોરેસ્ટ એલીફન્ટ

સૌથી મોટા સ્થળચર પ્રાણી તરીકે હાથી મુખ્યત્વે એશિયન અને આફ્રિકન એમ બે પ્રકારના હોય છે. આફ્રિકામાં ઘણી જાતના હાથી જોવા મળે છે. તેમાં ફોરેસ્ટ એલીફન્ટ વિશિષ્ટ છે. દોઢથી અઢી મીટર ઊંચા આ હાથીના પગ લાંબા હોય છે અને સૂંઢ પણ લાંબી હોય છે. આ હાથીના આગલા પગમાં પાંચ નખ હોય છે.

મધ્ય આફ્રિકાના જંગલમાં જોવા મળતા ફોરેસ્ટ એલીફન્ટના દંતશૂળ પણ લાંબા હોય છે. આ હાથી પરિવારમાં રહે છે. બચ્ચાં ૧૫ વર્ષ સુધી પરિવારની સાથે રહે છે અને પુખ્ત થતાં અલગ પરિવાર વસાવે છે. આ હાથીના કાન મોટા અને ગરદન ટૂંકી હોય છે.

ફોરેસ્ટ એલીફન્ટ મોટેભાગે વનસ્પતિ ફળો ખાઈને જીવે છે. સૂકી ઋતુમાં ઘાસ ખાય છે. આફ્રિકાના ગરમ પ્રદેશમાં રહેતા હોવાથી આ હાથીની ચામડી સુંવાળી હોય છે અને તે ગરમીનો સારી રીતે પ્રતિકાર કરે છે.

ફોરેસ્ટ એલીફન્ટના દંતશૂળ હાથ કરતાં લાંબા અને પાતળા હોય છે. તે દોઢ મીટર લાંબા અને લગભગ ૩૦થી ૩૫ કિલો વજનના હોય છે.

## વિશ્વનું સૌથી મોટું પતંગિયું : એલેકઝાન્ડ્રા

બગીચામાં ફૂલો પર ઉડતા રંગબેરંગી પતંગિયા આપણે જોઈએ છીએ. મોટાભાગના પતંગિયા આપણી ચપટીમાં પકડાઈ જાય એટલા નાનકડાં હોય છે. પરંતુ પમુઆ ન્યુ ગીયાનના જંગલમાં થતાં એલેકઝાન્ડ્રા પતંગિયાને જુઓ તો તેને પકડવાની હિંમત જ ન કરી શકાય. આ પતંગિયાનું આખું નામ ક્વિન એલેકઝાન્ડ્રા બર્ડવિંગ બટરફલાય છે. તેની પાંખો ૧૨ ઇંચ પહોળી હોય છે. એલેકઝાન્ડ્રા લીલા, ભૂરા અને લવન્ડર રંગના હોય

છે. તે બહુ સુંદર હોય છે.

લીલા રંગની પાંખો પર કથ્થાઈ ટપકાવાળા આ પતંગિયા ઝેરી વનસ્પતિના ફૂલોમાંથી રસ ચૂસે છે. ઈ.સ. ૧૮૪૪માં તેને બ્રિટનના મહારાણીના નામ ઉપરથી નામ મળેલું અને તે ક્વિન એલેકઝાન્ડ્રા બર્ડવિંગ તરીકે ઓળખાયા.

બર્ડવિંગ હમલે પક્ષી જેવા હોય છે. તે અન્ય પતંગિયાની જેમ ઈંડામાંથી ઈયળ અને કોશેટો બન્યા પછી પતંગિયા તરીકે અવતરે છે. તેનો કોશેટો આપણા અંગુઠા જેટલો મોટો હોય છે. આ પતંગિયાની જીભ લાંબી ભૂંગળી જેવી હોય છે. નર પતંગિયા નાના કદના અને તેજસ્વી રંગના હોય છે.

## નિર્દોષ અને રમતિયાળ સસલાં

- ★ સસલાં રૂપાળા, મુલાયમ રૂંવાટીવાળા અને રમતિયાળ પ્રાણી છે. બાળકોને સસલાં પ્રિય હોય છે. સસલાં ઈ.સ. પૂર્વે ૩૦૦થી લોકપ્રિય પ્રાણી છે. રોમન સમ્રાટો સસલાં પાળતા.
- ★ સસલાં બે પ્રકારના હોય છે : 'રેબીટ' અને 'હેર.' આ બંને અલગ પ્રકારના પ્રાણી છે.
- ★ સસલાંને ૨૮ દાંત હોય છે. તે જેમ જેમ ઘસાય તેમ મોટા થતા જાય છે.
- ★ સસલાં ૩૬૦ અંશને ખૂણે ચારે તરફ જોઈ શકે છે.
- ★ સસલાં ૩૦થી ૩૫ કિ.મી.ની ઝડપે દોડે છે.
- ★ સસલાંની મૂછો તેના શરીરની પહોળાઈ જેટલી લાંબી હોય છે. જેથી તે સાંકડી જગ્યામાં પ્રવેશ મેળવવાનો અંદાજ કાઢી શકે છે.
- ★ સસલાંના આગળના પગમાં પાંચ અને પાછળના પગમાં ચાર આંગળીઓ હોય છે.

## વિશ્વનું ત્રીજા નંબરનું મહાકાય પ્રાણી : હિપ્પોપોટેમસ

હાથી અને ગેંડા પછી કદાવર પ્રાણીઓમાં ત્રીજો નંબર હિપ્પોપોટેમસનો આવે. આ ત્રણે મહાકાય પ્રાણીઓ શાકાહારી છે અને વનસ્પતિ ખાઈને જીવે છે. કદાવર અને ગોળમટોળ શરીર અને ટૂંકા પગ હિપ્પોની ઓળખ છે. હિપ્પોના પગને ચાર આંગળીઓ હોય છે. તે પણ અંગુઠા જેવી. ચાર પગના ચાર અંગુઠાને કારણે તેના શરીરનું વજન વહેંચાઈ જાય છે અને તે સમતોલન મેળવી શકે છે.

હિપ્પોપોટેમસ સામાન્ય રીતે ૧૦થી ૧૨ ફૂટ લાંબા અને પાંચ ફૂટ ઊંચા હોય છે. તે ગરમીથી બચવા પાણીમાં પડ્યા રહે છે. આખું શરીર પાણીમાં હોય ત્યારે તેના નસકોરા અને આંખો જ પાણીની બહાર રહેતી હોય છે. હિપ્પોનું વજન લગભગ ૩ ટન જેટલું હોય છે.

હિપ્પોપોટેમસ આક્રમક અને ઝઘડાળું પ્રાણી છે. હિપ્પોની લડાઈ વખતે તે છિંકોટા નાખે છે અને મોટા અવાજે ભાંભરે છે. હિપ્પોનું જડબું ખૂબ જ પહોળું થઈ શકે છે.

ભારે શરીર હોવા છતાંય તે ઢાળ ઉપર કે જળાશયના ઊંચા કાંઠા ઉપર સહેલાઈથી ચડી શકે છે.

હિપ્પોપોટેમસનું નામ ગ્રીક ભાષાના હિપ્પો પરથી ઊતર્યું છે. તેનો અર્થ ઘોડો થાય છે. એટલે તેને જળઘોડો પણ કહેવાય છે. હિપ્પોના બચ્ચાં જન્મે કે તરત જ તરતાં શીખી જાય છે.

## વિશ્વનું સૌથી નાનું શિયાળ : ફેનેક ફોક્સ

બુદ્ધિશાળી પણ લુચ્ચા પ્રાણી તરીકે જાણીતા શિયાળની ઘણી જાત હોય છે. ભરચક વાળવાળી ભરાવદાર પૂંછડીવાળા શિયાળ સામાન્ય રીતે કૂતરાના કદના હોય છે. સહરા અને આફ્રિકાના રણ પ્રદેશમાં જોવા મળતું ફેનેક ફોક્સ એક જ ફૂટ લાંબું અને એક કિલો વજનનું હોય છે. નાનકડાં શરીર પર ચારથી પાંચ ઈંચ લાંબા કાન તેની વિશેષતા છે. મોટી આંખોને કારણે અન્ય શિયાળ કરતાં તે જુદું દેખાય છે.

દિવસે ખૂબ જ ગરમી અને રાત્રે ખૂબ જ ઠંડી હોય તેવા રણ પ્રદેશમાં થતા ફેનેક ફોક્સને શરીર પર ભરચક વાળ હોય છે. આ પ્રાણી ટોળામાં રહે છે. સામાજિક છે એટલે પાળી શકાય છે. તે ઉંદર, ખિસકોલી જેવા નાના પ્રાણીનો શિકાર કરે છે. રેનેક બે ફૂટ ઊંચો કૂદકો મારી શકે છે. પાણી વિના લાંબો સમય જીવી શકે છે. ફેનેક ફોક્સ જમીનમાં દર બનાવીને રહે છે.

## કરોળીયાની અજાયબ જાત

કરોળીયા સૌથી અજાયબ જંતુ હોય છે. તેની ઘણી જાત જોવા મળે છે. તેમાંની કેટલીક જાતોના લક્ષણ નવાઈ ઉપજાવે તેવા છે. યુરોપ અને એશિયામાં જોવા મળતા ફોર સ્પોટ વીવર ઘાસમાં રહે છે. ઘાસમાં હોય ત્યારે તે લીલા રંગના હોય છે. બહાર નીકળે ત્યારે વાતાવરણ મુજબ રંગ બદલે છે. અડધો ઈંચ લાંબા આ કરોળીયાના પગ ત્રણ ઈંચ લાંબા હોય છે. દક્ષિણ ભારતમાં મોરપીંછ રંગના કરોળીયા જોવા મળે છે. તે કદાવર હોય છે. ત્રણ ઈંચના શરીર પર આઠ ઈંચ લાંબા છ પગ હોય છે. આ કરોળીયા ગરોળીનો શિકાર કરે છે. યુરોપના ફેનરાઈટ સ્પાઈડરના પગમાં સેન્સર હોય છે. તેનાથી તે શિકારી હિલચાલ પારખી શકે છે. પાણીના તળીયે રહેલા જીવડાંનો પાણીમાં તરાપ મારીને તે શિકાર કરે છે.

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી

## સંસ્થા વિભાગ

**તા. ૨૨-૩-૨૦૨૪**

- આજ રોજ ભવન સમિતિની મીટિંગ મળેલ હતી. તેમાં શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી રમણિકલાલ ગોસર, શ્રી કે.ડી. શાહ તથા શ્રી નરેન્દ્ર કોઠારી હાજર હતા. હોલ માટે ખુરશીઓ ખરીદવાનું તેમજ પાલડી અને શાહીબાગ ખાતે જરૂરી કડિયાકામ કરાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

**તા. ૨૩-૩-૨૦૨૪**

- આજ રોજ વયસ્ક સમિતિ દ્વારા યોજાયેલ કાર્યક્રમમાં ૧૨૮ જેટલા વડીલોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં 'છ ગાઉ યાત્રા'ની ભાવયાત્રા કરાવવામાં આવેલ હતી અને ત્યારબાદ 'કસુંબો' ગુજરાતી ચલચિત્ર દર્શાવવામાં આવેલ હતું.

**તા. ૨૪-૩-૨૦૨૪**

- આજ રોજ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ તરફથી 'સક્ષમ'નો ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ માટે વર્કશોપ શરૂ કરવામાં આવેલ હતો. આ વર્કશોપમાં મુંબઈ અને કચ્છના વિવિધ શહેરો તેમજ અમદાવાદના કુલ ૫૨ વિદ્યાર્થીઓ જોડાયા હતા.

**તા. ૨૫-૩-૨૦૨૪**

- આજ રોજ યુવા વિકાસ સમિતિ તરફથી ધૂળેટીનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. તેમાં ૫૦ યુવાનોએ ભાગ લીધો હતો.

**તા. ૨૭-૩-૨૦૨૪**

- આજ રોજ કેન્ટીન સમિતિની મીટિંગ યોજવામાં આવેલ હતી કે જેમાં શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી નરેન્દ્ર કોઠારી તથા શ્રી સંદીપ મહેતા હાજર રહ્યા હતા. આ મીટિંગમાં આગામી ત્રણ વરસ માટે કોન્ટ્રાક્ટ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

**તા. ૨૮-૩-૨૦૨૪**

- આજ રોજ શ્રી રજનીકાંત પારેખ અને શ્રી લક્ષ્મીચંદ વીરાએ શાહીબાગ ખાતેના ડાયાલિસિસ સેન્ટરની મુલાકાત લઈ આગામી સમય માટે ડાયાલિસિસની વિવિધ જરૂરિયાતોના ઓર્ડર આપેલ હતા.

**તા. ૩૧-૩-૨૦૨૪**

- આજ રોજ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ દ્વારા 'સક્ષમ'ના વર્કશોપની પુર્ણાહૂતિના કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ કાર્યક્રમ આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, તેમના વાલી, ટ્રસ્ટીઓ અને કારોબારીના સભ્યો મળીને કુલ ૧૫૦ વ્યક્તિઓએ ભાગ લીધો હતો.

**તા. ૨-૪-૨૦૨૪**

- આજ રોજ કેન્ટીન સમિતિની મીટિંગ બોલાવવામાં આવી હતી. તેમાં શ્રી નરેન્દ્ર કોઠારી, શ્રી રજનીકાંત પારેખ, શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકલાલ ગોસર તથા શ્રી વિશાલ શાહ હાજર હતા. પાલડી અને શાહીબાગ ખાતેની બંને કેન્ટીનમાં ભાવમાં સુધારો કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

**તા. ૪-૪-૨૦૨૪**

- આજ રોજ અદાણી સ્કીલ ડેવલપમેન્ટ તરફથી શ્રી જીજ્ઞેશ જોશી આવેલ હતા. તેમણે શ્રી હિરેન શાહ, શ્રી વિશાલ શાહ અને શ્રી રોહિત સંઘવી સાથે વાતચીત કરી, તેમને ત્યાંથી તૈયાર થતાં વિદ્યાર્થીઓમાંથી પાલડી અને બોપલ મેડિકલ સેન્ટર ખાતે તેમની સેવાનો કેવી રીતે ઉપયોગ કરી શકાય તે માટે વાતચીત કરવામાં આવેલ હતી. આ ઉપરાંત ગ્રાફિક ડિઝાઈન માટે નવો કોર્સ શરૂ કરવા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી.

**તા. ૫-૪-૨૦૨૪**

- આજ રોજ પાલડી ભવન ખાતે વયસ્ક સમિતિની એક મીટિંગ મળી હતી. તેમાં શ્રી દિલીપ દંડ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકલાલ ગોસર, શ્રી નરેન્દ્ર કોઠારી, શ્રી રોહિત સંઘવી, શ્રી જ્યોતેન્દ્ર સંઘવી (ફોટોગ્રાફર) તથા શ્રી મહેશ શાહ ઉપસ્થિત રહ્યા હતા. આ મીટિંગમાં ગત વર્ષ દરમિયાન થયેલ કાર્યક્રમનો હિસાબ-કિતાબ મંજૂર કરવામાં આવ્યો હતો અને આગામી કાર્યક્રમ માટે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.
- આજ રોજ નવનીત ભવન આવાસ યોજના સમિતિની એક મીટિંગ મળી હતી. તેમાં શ્રી જશવંત કોઠારી, શ્રી રજનીકાંત પારેખ, શ્રી વિશાલ શાહ તથા શ્રી કે.ડી. શાહ હાજર હતા. લીગલ સમિતિની સાથે મળીને નવા નીતિ નિયમો બનાવવાનું

નક્કી કરવામાં આવ્યું હતું.

- આજ રોજ પાલડી ભવન ખાતેના સફાઈ કોન્ટ્રાક્ટર સાથે એક મીટિંગ યોજવામાં આવેલ હતી. આ મીટિંગમાં શ્રી રજનીકાંત પારેખ, શ્રી વિશાલ શાહ, શ્રી કે.ડી. શાહ, ખુશ્બુ શાહ (HR), શ્રી વિજયભાઈ, શ્રી હરીશભાઈ વગેરે હાજર હતા. આગામી સમય માટે કોન્ટ્રાક્ટ રીન્યુઅલ અને અત્યારની કામગીરીમાં કરવા જોઈતા સુધારા-વધારા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

**તા. ૭-૪-૨૦૨૪**

- આજ રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજની કારોબારી સમિતિની મીટિંગ મળી હતી. તેમાં ૧૭ સભ્યો હાજર હતા. આ મીટિંગમાં વયસ્ક સમિતિ, તબીબી સેવા સમિતિ, યુવા વિકાસ સમિતિ, ભવન સમિતિ તથા ઉચ્ચ શિક્ષણ સમિતિ તરફથી આવેલ દરખાસ્ત ઉપર ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણય લેવામાં આવ્યા હતા.
- આજ રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજની ટ્રસ્ટ મંડળની એક મીટિંગ મળી હતી. તેમાં ભવન સમિતિ, એચ.આર. સમિતિ, કેન્ટીન સમિતિ, મુંબઈ અતિથિ ભવન સમિતિ, સભ્યપદ સમિતિ તથા જશોદાનગર અને ચાંગોદર મેડિકલ સમિતિ તરફથી આવેલ દરખાસ્તની ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણય લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત સભ્યપદ સમિતિ તરફતી આવેલ દરખાસ્તને મંજૂરી આપી ૬ (છ) નવા સભ્યોનું સભ્યપદ મંજૂર કરવામાં આવેલ હતું.

**તા. ૮-૪-૨૦૨૪**

- આજ રોજ અદાણી સ્કીલ ડેવલપમેન્ટના જીજ્ઞેશ જોશી સાથે મુલાકાત દરમિયાન તેમના ક્લાસમાં શીખતા નર્સિંગના વિદ્યાર્થીઓને શ્રી કચ્છી જૈન સેવા સમાજના વિવિધ મેડિકલ સેન્ટરોમાં ટ્રેનિંગ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ મીટિંગમાં પીન્ટુ પટેલ, ડૉ. રીધ્ધિ જોશી હાજર હતા.

**તા. ૯-૪-૨૦૨૪**

- આજ રોજ ડૉ. જીવરાજ મહેતા હોસ્પિટલના શ્રી મિતેશ શાહ, PRO સાથે મુલાકાત કરીને કોલાબોરેશન અંગે વાટાઘાટો કરવામાં આવી હતી. આ મીટિંગમાં શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી હિરેન શાહ, શ્રી વિશાલ શાહ, શ્રી વિમેશ શાહ વગેરે હાજર હતા.

**તા. ૧૦-૪-૨૦૨૪**

- આજ રોજ બંધારણ સમિતિની મીટિંગ મળી હતી. તેમાં શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી હિરેન શાહ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી વિશાલ શાહ, શ્રી વિમેશ શાહ, શ્રી નરેન્દ્ર કોઠારી, શ્રી દેવેશ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોક મહેતા, શ્રી કે.ડી. શાહ, શ્રી ગિરીશ દેઢિયા વગેરે હાજર રહ્યા હતા અને બંધારણ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. નવા બની રહેલ બંધારણ માટે ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી અશોક મહેતાએ પોતાના સૂચનો રજૂ કર્યા હતા.

**તા. ૧૨-૪-૨૦૨૪**

- આજ રોજ મ્યુનિસિપલ કોર્પોરેશનમાંથી ટેક્ષ ડિપાર્ટમેન્ટના સર્વેયરે મુલાકાત લીધી હતી. શ્રી રજનીકાંત પારેખ તથા શ્રી કિશોર ઠક્કરે તેમને જોઈતા ડોક્યુમેન્ટ્સ પૂરા પાડ્યા હતા.
- આજ રોજ ઇલેક્ટ્રીક બીલમાં ડિસ્કાઉન્ટ આપવા અંગે ટોરેન્ટ પાવરમાં અરજી કરવામાં આવી.

**તા. ૧૪-૪-૨૦૨૪**

- જશોદાનગર ખાતે મેડિકલ સેન્ટરમાં એક્સ-રે ડિપાર્ટમેન્ટ માટે લાઈસન્સ માટે અરજી કરવામાં આવી અને પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર ખાતે એક્સ-રેના લાઈસન્સમાં જરૂરી સુધારા કરવા માટેની અરજી કરવામાં આવી.

**તા. ૧૫-૪-૨૦૨૪**

- આજથી પાલડી અને શાહીબાગ ભવનના રૂમોના ભાડાના ફેરફાર અમલમાં લાવવામાં આવ્યા.

**તા. ૧૭-૪-૨૦૨૪**

- આજ રોજ મેડિકલ સમિતિની મીટિંગ મળી હતી. તેમાં ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી હિરેન શાહ, શ્રી લક્ષ્મીચંદ વીરા, શ્રીમતી હાસ્યલતા મહેતા, ડૉ. દક્ષાબેન રામાવત અને શ્રી પીન્ટુ પટેલ હાજર હતા. આ મીટિંગમાં તા. ૧-૫-૨૦૨૪થી નવા ભાવ અમલમાં લાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

**તા. ૧૯-૪-૨૦૨૪**

- આજ રોજ જશોદાનગર ચોકડી ખાતેના મેડિકલ સેન્ટરમાં ટ્રસ્ટીશ્રીઓ, કારોબારી મેમ્બર્સ અને મેડિકલ સમિતિના સભ્યશ્રીઓ ઉપસ્થિત રહીને ત્યાંની કામગીરી નિહાળી હતી. આ મુલાકાતમાં શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી હિરેન શાહ, શ્રી રજનીકાંત પારેખ, ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી ગિરીશ દેઢિયા, શ્રી પ્રદીપ મહેતા, શ્રી રોહિત સંઘવી, શ્રી ચેતન ધરોડ, શ્રી રાજેન્દ્ર દોશી, શ્રી કિશોર ઠક્કર વગેરે હાજર હતા.

**તા. ૨૦-૪-૨૦૨૪**

- આજ રોજ શૈક્ષણિક સહાય સમિતિના કન્વીનર શ્રી મનીષ

વીરા અને મંત્રી શ્રી રજનીકાંત પારેખે શૈક્ષણિક સહાય અંગેના સુધારેલા ફોર્મ્સ અંગે ચર્ચા કરીને તેને પરિપૂર્ણ કરી તેની વિગત 'મંગલ મંદિર'માં મોકલી આપેલ હતી.

## બોપલ મેડિકલ સેન્ટર

**તા. ૧-૩-૨૦૨૪**

- આજ રોજ મેડિકલ સેન્ટરનો વિગતવાર રીપોર્ટ તૈયાર કરી ડૉ. હિતેન્દ્રભાઈને આપેલ હતો. ટોટલ ૬,૯૬૭ દર્દીઓએ સારવાર લીધેલ હતી. જેમાં ૨૫૫ હેલ્થ ચેક-અપ, ૨૧૯ ડાયાલિસિસ, ૨૦ ઑપરેશન થયેલ હતા.

**તા. ૧-૪-૨૦૨૪**

- માર્ચ ૨૦૨૪ દરમિયાન કુલ ૭,૫૨૫ દર્દીઓએ નવનીત મેડિકલ સેન્ટર - બોપલની સેવાનો લાભ લીધેલ હતો. જેમાં ૨૪૦ હેલ્થ ચેક-અપ, ૨૦ ઓપરેશન થયેલ હતા.
- નવનીત ડાયાલિસિસ સેન્ટરમાં ૨૪૨ ડાયાલિસિસ થયેલ છે. જેમાં ૨૧૨ દર્દીઓએ PMJAY યોજનાનો લાભ લઈ ડાયાલિસિસ કરાવેલ હતું.

